અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

24 NOVEMBER-2025 MONDAY | Vol. : 17 | Issue : 143 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
દિલ્હી-NCRમાં પ્રદૂષણ સંબંધિત નિયમોમાં ફેરફાર : જો AQI 200+ હશે...

4 
સુગ્રીવ એ વાનર હોવાં છતાં રામનામ અને રામકામ થકી જીવનને ધન્ય બનાવ્યું...!

6 
ભારતીય બ્લાઈન્ડ મહિલા ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો, ફાઈનલમાં નેપાળને હરાવ્યું.....

7 
ETF એવું રોકાણ છે જે સ્ટોક્સ, બોન્ડ્સ અથવા કોમોડિટીઝ જેવી વૈવિધ્યસભર આર્થિક...

### દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ ટ્રમ્પની માગણી નકારી, ખાલી ખુરસીને યજમાન પદ સોંપશે

## અમેરિકાના બહિષ્કાર છતાં G20 ઘોષણાપત્રને મંજૂરી

**જોહાનિસબર્ગ, તા.23**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બહિષ્કાર છતાં, સભ્ય દેશોએ G20 સમિટના પહેલા દિવસે દક્ષિણ આફ્રિકા દ્વારા તૈયાર કરાયેલી ઘોષણાને સર્વાનુમતે મંજૂરી આપી.

દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાએ કહ્યું કે અમેરિકા જોડાયું ન હોવા છતાં, અંતિમ નિવેદન પર બધા દેશો સંમત થાય તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.

ટ્રમ્પે અંતિમ સત્રમાં યજમાન પદ સંભાળવા માટે એક અમેરિકન અધિકારીને મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. રોઈટર્સના અહેવાલ મુજબ, દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિએ અમેરિકન અધિકારીને યજમાન પદ સોંપવાની ઓફરને નકારી કાઢી હતી.

આફ્રિકન રાષ્ટ્રપતિ રામાફોસા આજે 'ખાલી ખુરસી'ને આગામી G20 પ્રમુખપદ સોંપશે. યુનાઈટેડ સ્ટેટ્સ 2026 G20 સમિટનું આયોજન કરવાનું છે. જોકે,



ટ્રમ્પના બહિષ્કારને કારણે, કોઈ પણ યુએસ પ્રતિનિધિ સમિટમાં હાજરી આપી ન હતી.

પીએમ મોદીએ G20 સમિટના પહેલા બે સત્રોને સંબોધિત કર્યા. પહેલા સત્રમાં, તેમણે વિશ્વ સમક્ષ વૈશ્વિક પડકારો પર ભારતનો દ્રષ્ટિકોણ રજૂ કર્યો.

મોદીએ જૂના ડેવલપમેન્ટ મોડેલના ધોરણો પર પુનર્વિચાર કરવાની વિનંતી કરી. તેમણે કહ્યું, 'જૂના વિકાસ મોડેલે સંસાધનો લૂંટ્યા છે અને તેને બદલવાની જરૂર છે.'

સમિટના બીજા સત્રમાં, પીએમએ ભારતના શ્રી અન્ના (બરછટ અનાજ), આબોહવા પરિવર્તન, G20 સેટેલાઈટ ડેટા ભાગીદારી અને આપત્તિ જોખમ ઘટાડા પર વાત કરી.

G20 ને વિશ્વના સૌથી શક્તિશાળી દેશોના જૂથ, G7ના વિસ્તરણ તરીકે જોવામાં આવે છે. G7માં ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડાનો સમાવેશ થાય છે.

1997-98માં, ઘણા એશિયન દેશો (થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, કોરિયા, વગેરે) આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યા હતા. તે સમયે, ફક્ત G7 (સાત શ્રીમંત દેશો) એ નિર્ણયો લીધા હતા, પરંતુ કટોકટી એશિયામાં કેન્દ્રિત હતી.

G7 ને સમજાયું કે વિશ્વ હવે ફક્ત સાત દેશો દ્વારા ચલાવી શકાય નહીં, પરંતુ ભારત, ચીન અને બ્રાઝિલ જેવા વિકાસશીલ દેશોને પણ તેમાં સામેલ કરવાની જરૂર પડશે. આ દેશોએ 1999માં G20 બનાવ્યું.

શરૂઆતમાં, તે ફક્ત નાણામંત્રીઓ અને કેન્દ્રીય બેંક ગવર્નરો માટે એક મંચ હતું. પછી, 2008 માં, એવું નક્કી કરવામાં આવ્યું કે ફક્ત નાણામંત્રીઓ જ નહીં, પરંતુ દેશોના રાષ્ટ્રપતિઓ અને વડા પ્રધાનો પણ ભાગ લેશે.

પ્રથમ નેતાઓની સમિટ નવેમ્બર 2008માં વોશિંગ્ટનમાં યોજાઈ હતી. ત્યારથી, તે દર વર્ષે યોજાઈ રહી છે.

## શહીદ નમાંશને પત્નીએ યુનિફોર્મમાં અંતિમ સેલ્યુટ આપ્યું

### 7 વર્ષની દીકરી, વૃદ્ધ માતા-પિતા અને પાઈલટ પત્ની ભાંગી પડ્યા

**શિમલા, તા.23**

દુબઈ એર શોમાં લડાકુ વિમાન તેજસ ક્રેશમાં જીવ ગુમાવનાર વિંગ કમાન્ડર નમાંશ સ્યાલને રવિવારે અંતિમ વિદાય આપવામાં આવી. હિમાચલ પ્રદેશના કાંગડા જિલ્લામાં પૈતૃક ગામ પટિયાલકરમાં તેમના પિતરાઈ ભાઈ નિશાંતે તેમને મુખાગ્નિ આપી.



બપોરે તેમનો પાર્થિવ દેહ ગામ પહોંચ્યો હતો. અંતિમ સંસ્કારના સમયે તેમની પાયલટ પત્ની યુનિફોર્મ પહેરીને અંતિમ દર્શન કરવા પહોંચ્યા. જેમને એરફોર્સના અધિકારીઓ સંભાળતા જોવા મળ્યા હતા.

આ પહેલા બપોરે 1 વાગ્યે ગગ્ગલ એરપોર્ટ પર કેબિનેટ મંત્રી યાદવેન્દ્ર ગોમા, નગરોટા બગવાંના ધારાસભ્ય આરએસ બાલી અને શાહપુરના ધારાસભ્ય કેવલ સિંહ પઠાનિયાએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. દુબઈ એર શોમાં તેજસ ક્રેશ થયું અહેવાલો અનુસાર, ગયા શુક્રવારે દુબઈ એર શોમાં ઉડાન અભ્યાસ દરમિયાન ભારતીય વાયુસેનાનું તેજસ ફાઈટર જેટ ક્રેશ થયું હતું. આ અકસ્માતમાં કાંગડાના રહેવાસી વિંગ કમાન્ડર નમાંશ સ્યાલ (34) શહીદ થયા હતા. ભારતીય સમય મુજબ બપોરે 2 વાગ્યાની આસપાસ, એક તેજસ વિમાન હવાઈ પ્રદર્શન કરી રહ્યું હતું ત્યારે અચાનક તેનું નિયંત્રણ ગુમાવી દીધું અને દર્શકોની સામે જમીન પર તૂટી પડ્યું. ક્રેશ પછી થોડીવારમાં, આગનો એક મોટો ગોળો અને ધુમાડાના ગોટા જોવા મળ્યા. પાઈલટ પોતાને બચાવી શક્યા નહીં. શહીદ નમાંશના કાકા, જોગીન્દર નાથ સ્યાલે જણાવ્યું હતું કે તેમને બપોરે 3 વાગ્યાની આસપાસ અકસ્માતના સમાચાર મળ્યા હતા. તેમણે કહ્યું હતું કે તેઓ સિદ્ધવારીમાં રહે છે અને તેમના ભાડૂઆત, જે તેમના પરિચિત હતા.

## મહેંદી નાઈટમાં દેશી લુકમાં પહોંચ્યા ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર

### ગર્લફ્રેન્ડ સાથે રોયલ વેડિંગમાં સ્ટેજ પર ડાન્સ કર્યો, વરૂણ ધવન, નોરા ફતેહી સહિતના બોલિવૂડ સ્ટાર્સે પરફોર્મ કર્યું

**ઉદયપુર, તા.23**

અમેરિકન ઉદ્યોગપતિ રામા રાજુ મન્ટેનાની પુત્રી નેત્રાના શાહી લગ્ન આજે ઉદયપુરના જગ મંદિર પેલેસમાં થઈ રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર શનિવારે સવારે 11 વાગ્યે તેમની ગર્લફ્રેન્ડ બેટ્ટીના એન્ડરસન સાથે પહોંચ્યા હતા. તેમણે સફેદ જોધપુરી સૂટ પહેર્યો હતો.

ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયર પણ શનિવારે મહેંદી સમારોહમાં હાજરી આપી હતી. દેશી પોશાક પહેરીને તેમણે તેમની ગર્લફ્રેન્ડ સાથે અનેક



ફોટા પડાવ્યા હતા. ત્યારબાદ તેમણે એક બોલિવૂડ નાઈટમાં હાજરી આપી હતી, જ્યાં માધુરી દીક્ષિત સહિત ઘણી અભિનેત્રીઓએ પર્ફોર્મ કર્યું હતું. રવિવારે બપોરે 3 વાગ્યા સુધી મુખ્ય લગ્ન સમારોહ ચાલશે. જેનિફર લોપેઝ સાંજે પરફોર્મ કરશે.

## લખનઉમાં ભાગવતે કહ્યું- ધર્મ માટે લડવું પડશે : યોગીએ કહ્યું- RSS સમાજના સમર્થનથી ચાલે છે, વિદેશી ફંડિંગથી નહીં

**લખનૌ, તા.23**

રવિવારે લખનૌમાં દિવ્ય ગીતા પ્રેરણા ઉત્સવમાં RSS વડા મોહન ભાગવત અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ એક સ્ટેજ પર દેખાયા. મોહન ભાગવતે કહ્યું, 'આપણું ભારત વિશ્વ ગુરુ હતું. તે વિશ્વ માટે એક મહાન આધાર હતું. એક સમયે સમ્રાટો પણ હતા. હજારો વર્ષો સુધી, આપણે આક્રમણકારોના પગ નીચે દબાયેલા રહ્યા. આપણે ગુલામીમાં રહેવું પડ્યું.'

સીએમ યોગીએ કહ્યું, 'વિદેશી નેતાઓ અને રાજદ્વારીઓ વારંવાર પૂછે છે કે સંઘ કેવી રીતે કાર્ય કરે છે. હું તેમને કહું છું કે આરએસએસ એક સામાજિક રીતે જવાબદાર સંગઠન છે. તે વિદેશી ભંડોળ પર આધાર રાખતું નથી.'

અગાઉ મોહન ભાગવત અને મુખ્યમંત્રી યોગીએ દીપ પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. મોહન ભાગવત અને મુખ્યમંત્રી બંનેએ શ્રીમદ્ ભાગવત ગીતાની પૂજા પણ કરી. જ્ઞાનાનંદ મહારાજે તેમને દરેકને ગીતાની એક કોપી ભેટમાં આપી. ત્યારબાદ રાષ્ટ્રગીત, વંદે માતરમ, ગાવામાં આવ્યું.

આ કાર્યક્રમ પહેલી વાર જનેશ્વર



મિશ્રા પાર્કમાં યોજાઈ રહ્યો છે. તેનું આયોજન સંત જ્ઞાનાનંદની સંસ્થા 'જિયો ગીતા પરિવાર' દ્વારા કરવામાં આવી રહ્યું છે. સંસ્થાનો ધ્યેય એ સુનિશ્ચિત કરવાનો છે કે દરેક વ્યક્તિ માત્ર ગીતા વાંચે જ નહીં, પણ તેને સમજે અને તેને પોતાના જીવનમાં લાગુ પણ કરે.

1- જેમ અર્જુન ભ્રમિત થયો, તેમ આજનું જગત પણ ભ્રમિત મોહન ભાગવતે રાજા જનકની વાર્તા સંભળાવી. આ દ્વારા તેમણે સમજાવ્યું કે સંજોગો આવે છે અને જાય છે, પરંતુ આપણે અડગ રહીએ છીએ. આરએસએસ વડાએ કહ્યું, 'જેમ મહાભારતમાં અર્જુન ભ્રમિત થયો હતો, તેવી જ રીતે આજે દુનિયા પણ એવી બની ગઈ છે. જો કોઈના પ્રયત્નો મજબૂત હોય, તો ભાગ્ય પણ તેનો સાથ આપે છે. વ્યક્તિએ ધાર્મિક વ્યક્તિ બનવું જોઈએ.'

2- આજે દુનિયા મૂંઝવણની સ્થિતિમાં છે જ્યારે અર્જુને કહ્યું કે જો તે યુદ્ધ કરશે, તો બ્રહ્માંડનો વિનાશ થશે, ત્યારે કૃષ્ણે જવાબ આપ્યો, 'તું ભાગી રહ્યો છે. જેણે બ્રહ્માંડનું સર્જન કર્યું છે, જેણે તેને પુનઃસ્થાપિત કરવાનું છે, તે આમ કરી રહ્યો છે. તું ફક્ત લડ. સમસ્યાનો સામનો સીધી રીતે કર. ડાબે કે જમણે ન જો.'

આપણે દરરોજ ગીતાનો પાઠ કરવો જોઈએ, તેના 700 શ્લોક. તેમાંથી શીખવાથી જીવનમાં સુખાકારી આવશે. આજે, વિશ્વ મૂંઝવણની સ્થિતિમાં છે; ગીતા યોગ્ય દિશા આપી શકે છે. જીવનમાં શાંતિ અને સંતોષ વિના, સમસ્યાઓ ઊભી થશે.

## વૈશ્વિક નેતાઓની સચોટ પ્રોફાઈલ તૈયાર કરી રહ્યું છે ભારત : માઈક્રો એક્સપ્રેશનનું પણ રેકોર્ડિંગ

**નવી દિલ્હી, તા.23**

વિદેશ મંત્રાલય વિશ્વ નેતાઓના હાવભાવ, તેમની શારીરિક ભાષા, નિવેદનોની સુસંગતતા, તેમના શબ્દો અને કાર્યો વચ્ચે શું સમાનતા છે જેવા પ્રશ્નોના જવાબોને સચોટ રીતે ડીકોડ કરવા માટે એક લીડરશીપ એનાલિસિસ ફ્રેમવર્ક તૈયાર કરી રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નરમ રાજદ્વારી સાધન અન્ય દેશો સાથે ભારતના સંબંધોને આકાર આપવામાં મદદ કરશે અને દેશના નેતૃત્વ માટે તેમની સાથે વ્યવહાર કરવાનું સરળ બનાવશે. આ માળખામાં, ડોનાલ્ડ ટ્રમ્પ, વ્લાદિમીર પુતિન અને શી જિનપિંગ સહિત ભારત સાથે નજીકના સંબંધો ધરાવતા નેતાઓની વર્તણૂકીય પ્રોફાઈલિંગ હાથ ધરવામાં આવી રહી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે 2023 માં ભારતમાં યોજાયેલી G20 સમિટના વિડિયો રિપોઝીટરી આ કાર્યમાં ખૂબ મદદરૂપ થઈ છે, જ્યાંથી માત્ર નેતાઓ વિશે જ નહીં પરંતુ તેમના સહાયક અધિકારીઓ અને સલાહકારો વિશે પણ પુષ્કળ ડેટા ઉપલબ્ધ થયો હતો. વિવિધ દેશોમાં ભારતીય દૂતાવાસોના ફિલ્ડ રિપોર્ટ્સ, વિડીયો આર્કાઈવ્સ, ભાષણ વિડીયો, નેતાઓના સોશિયલ મીડિયા અપડેટ્સ અને



એઆઈ-આધારિત વિશ્લેષણ દ્વારા પ્રોફાઈલિંગનો પાયો નાખવામાં આવી રહ્યો છે. નિવેદનોની સુસંગતતાનું મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે, મૂળભૂત રીતે નિવેદન અને નેતાની ક્રિયાઓ વચ્ચે તફાવત અથવા સમાનતાની ડિગ્રીને જોઈને. યુએસ: સ્ટેટ ડિપાર્ટમેન્ટ અને સીઆઈએનું પોલિટિકલ સાયકોલોજી સેન્ટર અને બ્યુરો ઓફ ઈન્ટેલિજન્સ એન્ડ રિસર્ચ વૈશ્વિક ગુપ્તચર અંદાજ તૈયાર કરે છે. સેન્ટિમેન્ટ ટ્રેકિંગ અને લેગસી ડેટાબેઝનો ઉપયોગ કરીને રાજકારણીઓનું પ્રોફાઈલિંગ કરવામાં આવી રહ્યું છે. યુકે: કિંગ્સ કોલેજ લંડનના નિષ્ણાતો અને દૂતાવાસોના વિડીયોગ્રાફરોની મદદથી, ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસ વ્યક્તિત્વ દસ્તાવેજોનું સંકલન કરી રહી છે. નેતાના સૂક્ષ્મ અભિવ્યક્તિઓ પણ રેકોર્ડ કરવામાં આવી રહી છે. આ નેતાઓના સૂક્ષ્મ અભિવ્યક્તિઓ પણ પ્રોફાઈલિંગ હેતુ માટે રેકોર્ડ કરવામાં આવી રહી છે. આ જોવા માટે છે કે તેમના હાવભાવ કુદરતી, સરળ, આક્રમક અથવા શંકાસ્પદ છે કે નહીં. G-20 ઉપરાંત, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા હાજરી આપેલા અન્ય બહુપક્ષીય મંચો જેમ કે G-7, BRICS, Quad, પૂર્વ એશિયા અને ASEAN સમિટમાંથી સૂક્ષ્મ અભિવ્યક્તિઓ એકત્રિત કરવામાં આવી છે. આ નેતાઓનું મનો-રાજકીય મૂલ્યાંકન પણ કરવામાં આવી રહ્યું છે, જેથી ભારતીય પક્ષ વાતચીત દરમિયાન પોતાને મજબૂત અને તૈયાર રીતે રજૂ કરી શકે.







ખેડૂતોના દેવા સંપૂર્ણ માફ , ગુજરાતના યુવાનોને કાયમી રોજગાર, ફિક્સ પગાર - કોન્ટ્રાક્ટ પદ્ધતિ રદ, દારૂ અને ડ્રગ્સને ગુજરાતમાંથી સંપૂર્ણ નાબૂદ, ગુજરાતની ગૃહિણીઓને મોંઘવારીમાંથી રાહત ,ગુજરાતમાં ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરવાના સંકલ્પ સાથે નીકળેલી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના ત્રીજા દિવસે પણ પાલનપુર ના નગરજનો એ ઉમળકાભેર સ્વાગત કરીને કોંગ્રેસ કોંગ્રેસ પ્રમુખ શ્રી અમિતભાઈ ચાવડા તથા વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડૉ તુષાર ચૌધરી સહિતના સૌ આગેવાનો ગુજરાતની જનતાની સુખાકારી માટે અને ગુજરાતની જનતાના પ્રશ્નો-તકલીફ-દર્દ-પીડા અને આક્રોશને વાચા આપી રહ્યા છે. કુલ ૧૧૦૦ કિ.મી.ની યાત્રા ના ત્રીજા દિવસે ૯૪ કિ.મી.ની જન આક્રોશયાત્રા દરમિયાન પાલનપુર શહેર, વડગામ, ઈસ્લામપુરા, જલોત્રા, મુમણવાસ, માંગરવાડા, દાંતા, અંબાજી સહિતના સ્થળોએ કોંગ્રેસના કાર્યકર્તાઓ તથા વિવિધ સામાજીક સંગઠન દ્વારા સ્વાગત કાર્યક્રમ અને જાહેર સભામાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહેલ છે.

# સુરતમાં ચાર શ્વાનનો 4 વર્ષના બાળક પર જીવલેણ હુમલો

## બચકાં ભરીને માથું ફાડી નાખ્યું, શરીર પર પગથી લઈને માથામાં 50થી વધુ ઈજાઓ, હાલત ગંભીર

**સુરત, તા.23**

સુરત શહેરમાં રખડતા શ્વાનોનો આતંક યથાવત્ જોવા મળી રહ્યો છે. શહેરના સચિન વિસ્તારમાં એક અત્યંત કરુણ અને ગંભીર બનાવ સામે આવ્યો છે, જ્યાં 4 વર્ષના એક માસૂમ બાળક પર 4થી 5 જેટલાં શ્વાનોના ટોળાએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં બાળક ગંભીર રીતે ઘાયલ થયો છે અને તેને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. માથા સહિત શરીર પર 50થી વધુ ઈજાના નિશાનો છે. હાલ બાળકની હાલત ગંભીર છે. માતા હોસ્પિટલ દોડી આવી દીકરાની હાલત જોઈને માતા આક્રંદ સાથે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યા હતા.

મળતી માહિતી અનુસાર, સચિન વિસ્તારમાં 4 વર્ષીય બાળકનું નામ શિવરાજ ઉર્ફે શિવાય રાજેશ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે. આજે શિવાય તેના પિતા રાજેશ પ્રજાપતિ સાથે સચિન વિસ્તારમાં આવેલા ઈકો ડાયમંડ પાર્ક પાસે આવેલી કંપની નજીક ગયો હતો. કંપનીની બહારના ભાગમાં જ અચાનક 4 કે તેથી વધુ શ્વાનોના ટોળાએ આ બાળક પર હુમલો કરી દીધો હતો.

શ્વાનોએ બાળકને ફાડી ખાવાનો પ્રયાસ કર્યો અને તેનું આખું માથું ગંભીર રીતે ફાડી નાખ્યું હતું. બાળકના શરીરના અન્ય ભાગો પર પણ શ્વાનોએ બચકાં ભર્યા હતા, જેના કારણે તેને પૂરા શરીરમાં 50થી વધુ ગંભીર ઈજાઓ પહોંચી છે. બાળક પર હુમલો થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને મહામહેનતે શ્વાનોની ચુંગાલમાંથી બાળકને છોડાવ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં સિવાયને તાત્કાલિક સારવાર માટે સુરતની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તબીબોના જણાવ્યા મુજબ, બાળકનું માથું ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયું હોવાથી તેની હાલત અત્યંત ગંભીર છે. આ બનાવને પગલે પરિવારમાં શોક અને માતમનો માહોલ છવાયો છે.



સુરત મહાનગર પાલિકાએ છેલ્લા ત્રણ વર્ષમાં કૂતરાંઓના રસીકરણ અને ખસીકરણ માટે પાંચ કરોડ રૂપિયાથી વધારનો ખર્ચ કર્યા બાદ પણ શહેરીજનો માટે સમસ્યા ઠેરની ઠેર છે. દર રોજે પ્રાઈવેટ અને સરકારી હોસ્પિટલોમાં ડોગ બાઈટના કેસો નોંધાઇ રહ્યા છે જેમાં નાના બાળકોથી લઈ વૃદ્ધો સહિતને કૂતરાઓ બચકા ભરી રહ્યા છે.

ઈજાગ્રસ્ત બાળકના પિતાના સહકર્મી વિશાલ વિશ્વકર્માએ જણાવ્યું કે, અમારી કંપનીમાં આ માસ્ટર છે, તેમનો નાનો બાળક હતો. તેઓ તેને કંપનીમાં લઈને આવ્યા હતા. અમે કામ કરી રહ્યા હતા અને ખબર ન પડી કે આ બાળક ક્યારે બહાર નીકળી ગયું. બહારના કૂતરા થોડા ખતરનાક છે. ત્યાં ત્રણ-ચાર કૂતરા હતા અને તેમણે તેને ગંદી રીતે કરડ્યો, બહુ ખરાબ રીતે. આખી બોડીમાં તેને કરડ્યો છે. માથામાં કંઈક વધારે જ ઈજા થઈ છે.

ભલે પાલિકાએ કરોડોનો ખર્ચ કર્યો હોય પરંતુ કુલ મળીને સરવાળે એવી પરિસ્થિતિ સર્જાઈ છે કે લોકોને રાહત મળી નથી. શહેરીજનો માટે સમસ્યારૂપ બની ગયેલા રખડતા કૂતરાંઓની સંખ્યા પણ નિયંત્રણ માટે તેમના રસી અને ખસીકરણ પાછળ પાલિકાએ વર્ષ 2022-23થી 2024-25 સુધીમાં પાંચ કરોડ રૂપિયાથી વધુ ખર્ચ્યાં છે. પરંતુ દરરોજે મોટી સંખ્યામાં કૂતરાંઓ લોકોને કરડી રહ્યા છે.

ખાસ કરીને સચિન, ડિંડોલી સહિતના વિસ્તારોમાં કૂતરાંઓ લોકો માટે આફતરૂપ સાબિત થઈ રહ્યા છે. ખાસ કરીને રાતના સમયે વાહનચાલકોનો પીછો કરી તેમને નીચે પાડી દે છે અને લોકોને ગંભીર ઈજા પહોંચે છે. પાલિકાના આંકડાઓ મુજબ છેલ્લા 2022થી 2024 સુધીમાં કુલ 79,846 ડોગ બાઈટના કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ 2024માં 29,418 નોંધાયા છે. તે ઉપરાંત 2022માં 24,231, 2023માં 26,107 લોકો ડોગબાઈટના શિકાર બન્યા હતા.

શહેરીજનોની સુરક્ષાને ધ્યાને રાખી પાલિકાએ કૂતરાઓની સંખ્યા પર નિયંત્રણ માટે રસીકરણ અને ખસીકરણ કરવા માટે એજન્સીઓને કામગીરી સોંપી હતી. જેના અંતર્ગત પાલિકાએ ત્રણ વર્ષમાં 5.58 કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કર્યો છે. બે એજન્સીઓ દ્વારા 44 હજારથી વધુ કૂતરાઓનું રસીકરણ-ખસીકરણ કરવામાં આવ્યું છે. પાલિકાએ એક કુતરા પાછળ 1268 રૂપિયાનો ખર્ચ કર્યો છે.

સુરત શહેરમાં રખડતા શ્વાનોના હુમલાના બનાવો સતત વધી રહ્યા છે, અનેક માસૂમ બાળકો શ્વાનનો શિકાર બની ચૂક્યા છે. આ ગંભીર બનાવ બાદ ફરી એકવાર સુરત મહાનગરપાલિકાની શ્વાન નિયંત્રણની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોએ માગ કરી છે કે તંત્ર દ્વારા રખડતા શ્વાનોના ત્રાસને ડામવા માટે નક્કર અને કડક પગલાં લેવામાં આવે.

**વેસુમાં થારમાં અચાનક આગ ફાટી નીકળી**

## કારમાં સવાર બે યુવક બહાર નીકળી જતા બચાવ, એન્જિન-બોનેટ બળીને ખાખ, ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી......

**સુરત, તા.23**



વાહનોમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાના બનાવો અવારનવાર બનતા હોય છે. આવો જ એક બનાવ સુરતના વેસુ વિસ્તારમાં મોડી રાત્રે બન્યો હતો, જ્યાં એક મહિન્દ્રા થાર ગાડીમાં અચાનક આગ ફાટી નીકળતાં દોડધામ મચી ગઈ હતી. કારમાં આગ લાગી ત્યારે બે યુવક સવાર હતા. જે સમયસુચકતા વાપરીને બહાર નીકળી જતા બચાવ થયો હતો.

સુરતના વેસુ વિસ્તારમાં મોડી રાત્રે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. એક મહિન્દ્રા થાર ગાડી જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહી હતી, તે દરમિયાન અચાનક તેમાં આગ લાગી ગઈ હતી. ગાડીમાં તે સમયે બે વ્યક્તિઓ સવાર હતા. આગ લાગવાની જાણ થતાં જ ગાડીમાં સવાર બંને વ્યક્તિઓ તાત્કાલિક બહાર નીકળી ગયા હતા, જેના કારણે કોઈ પણ પ્રકારની જાનહાનિ થતાં ટળી ગઈ હતી. જોકે, આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં ગાડીના આગળના ભાગ (બોનેટ)ને સંપૂર્ણપણે લપેટમાં લઈ લીધી હતી.

વાહન સળગતું જોઈને આસપાસના સ્થાનિકોનું મોટું ટોળું ઘટનાસ્થળે એકઠું થઈ ગયું હતું. લોકોમાં ભય સાથે કુતૂહલ જોવા મળ્યું હતું. બનાવની જાણ થતાં જ વેસુ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ કોઈપણ વિલંબ કર્યા વિના પાણીનો મારો ચલાવીને આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. તેમની ત્વરિત અને અસરકારક કામગીરીને કારણે ગણતરીની મિનિટોમાં જ આગ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવી લેવાયો હતો.

**પોલીસે કબરમાંથી 5મા દિવસે મૃતદેહ બહાર કાઢ્યો**

# પત્નીના ફોનની તપાસ કરતા શંકા પડી, વડોદરામાં પતિને ઊંઘની ગોળી આપી હત્યા કર્યાનો પરિવારનો આક્ષેપ

**વડોદરા, તા.23**



વડોદરાના તાંદલજા વિસ્તારમાં વધુ એક સનસનાટીપૂર્ણ ચોકાવનારો બનાવ સામે આવ્યો છે, તાંદલજામાં દફન કરાયેલો એક પુરુષનો મૃતદેહ પાંચમાં દિવસે પોલીસ દ્વારા બહાર કાઢવામાં આવ્યો છે. મોબાઈલની તપાસ કરતા શંકા થઈ હતી. પત્નીએ પતિની હત્યા કરી હોવાનો પરિવારે આક્ષેપ કર્યો છે.

મળતી માહિતી અનુસાર, 18 નવેમ્બરની રાત્રે 15થી 1 વાગ્યા વચ્ચે આ ઘટના બની હતી, પરિવારે આરોપ લગાવતાં કહ્યું છે કે, ઈર્શાદને પહેલા ઊંઘની ગોળીઓ આપીને બેહોશ કરવામાં આવ્યો હતો અને પછી ગળું દબાવીને તેની હત્યા કરવામાં આવી છે. મૃતકના પરિવારે આક્ષેપ કર્યો છે કે 32 વર્ષીય ઈર્શાદ વણઝારાની હત્યા તેની પત્ની ગુલબાનુએ મુંબઈ સ્થિત પોતાના મિત્ર તોસિફ અને અન્ય એક શખ્સ સાથે મળીને ષડયંત્ર રચીને કરી હતી.જોકે, પરિવારજનોએ આકસ્મિક મોત થયું હોવાનું માનીને 19 નવેમ્બરના રોજ ઈર્શાદની દફનવિધિ પણ કરી દીધી હતી.

દફનવિધિ બાદ મૃતકના પરિવારને શંકા જતાં તેને પત્ની ગુલબાનુના મોબાઈલ ફોનની તપાસ કરી હતી. આ તપાસમાં તેમને જાણવા મળ્યું કે પત્ની ગુલબાનુએ સતત કોઈ એક જ નંબર પર લાંબા સમય સુધી ફોન કર્યા હતા, જેના કારણે તેમની શંકા વધુ ગાઢ બની હતી.આ શંકાના આધારે, હત્યાની સઘન તપાસ કરવા માટે પોલીસ અને મેજિસ્ટ્રેટની હાજરીમાં 32 વર્ષીય યુવકના મૃતદેહને કબરમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો.

વડોદરાના તાંદલજા ચોક પાસે રહેતા ઈર્શાદ અબ્દુલ કરીમ બંજારાનું કુટુંબ 18 નવેમ્બરની રાત્રે મોત થતા ઊંડી શોકમાં ગરકાવ થઈ ગયું હતું. પાંચ સભ્યોના હસતા-રમતા પરિવારમાં અચાનક એક એવો સન્નાટો છવાઈ ગયો હતો. ઈર્શાદ બંજારાનું મૃત્યુ શરૂઆતમાં એક સામાન્ય અંત જેવું લાગ્યું. પરંતુ પત્નીના ચહેરા પર કોઈ પ્રકારનો શોક ન જોવા મળતા પરિવારજનોના મનમાં શંકા ગઈ હતી. જેથી તેમણે જેપી પોલીસ સ્ટેશનના દરવાજા ખખડાવ્યા હતા. પોલીસ અધિકારીએ મૃતદેહને કબરમાંથી બહાર કાઢવાનો નિર્ણય કર્યો હતો, જેથી મૃતદેહને કબરમાંથી કાઢવામાં આવ્યો હતો. અને મૃતદેહને બહાર કાઢીને ગોત્રી હોસ્પિટલના પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો હતો.

મૃતકના ભાઈ ઈમ્તિયાઝ અબ્દુલ કરીમ બંજારાએ જણાવ્યું હતું કે, 18 નવેમ્બરના રોજ રાત્રે મારા નાના ભાઈને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો. ત્યારબાદ તેને પાણી પીધું હતું અને ચક્કર આવ્યા બાદ તે પડી ગયો હતો. ત્યારબાદ તેની પત્નીએ તેને બેડ ઉપર સુવડાવી દીધો હતો. ત્યારબાદ વહેલી સવારે ત્રણ વાગે તેની પત્નીએ કહ્યું હતું કે, તેના પતિનું મૃત્યુ થયું છે. ત્યારબાદ સગા સંબંધીઓને બોલાવવામાં આવ્યા હતા અને નોર્મલ મૃત્યુ સમજીને અમે તેની દફનવિધિ કરી હતી. ઈમ્તિયાઝે વધુમાં કહ્યું કે, મારા ભાઈના મૃત્યુ બાદ તેની પત્નીના ચહેરા પર કોઈ પણ પ્રકારનો શોકનું ભાવ દેખાતો નહોતો. તેને કોઈ ફરક જ પડ્યો નહોતો. જેથી અમને શંકા ગઈ હતી. જેથી અમે મારી ભાઈની પત્નીના મા-બાપને બોલાવ્યા હતા અને તેમની હાજરીમાં પૂછપરછ કરી હતી.

**SIRની લાઇનમાં 2 કલાકથી ઊભેલો યુવક અચાનક ઢળી પડ્યો**

# ઊભા-ઊભા ચક્કર આવતા જમીન પર પટકાયો, લોહીલુહાણ હાલતમાં સારવાર માટે 108માં હોસ્પિટલ ખસેડાયો....

**વડોદરા, તા.23**



વડોદરામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા ઝુંબેશ (SIR) દરમિયાન એક દુઃખદ ઘટના બની છે. લાંબા સમય સુધી લાઇનમાં ઊભા રહેવાને કારણે એક અરજદાર યુવકની તબિયત અચાનક લથડી ગઈ અને ખેંચ આવતાં તે ચક્કર ખાઈને જમીન પર પડી ગયો. આ ઘટનામાં યુવકના માથાના ભાગે ગંભીર ઈજા થતાં તે લોહીલુહાણ થઈ ગયો હતો. તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી અને યુવકને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળા ખાતે ચાલી રહેલી SIRની કામગીરી દરમિયાન એક યુવકને ખેંચ આવ્યા બાદ તે ઢળી પડ્યો હતો અને અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં લોહીલુહાણ થઈ ગયો હતો. જેને પગલે આસપાસના લોકોએ તુરંત 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને તેને સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાવામાં આવ્યો હતો.

વડોદરા સહિત રાજ્યભરમાં હાલ SIRની કામગીરી ચાલી રહી છે, વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં આવેલી મહારાણા પ્રતાપ પ્રાથમિક શાળામાં પણ આ કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન એક યુવક 2 કલાકથી લાઈનમાં ઊભો રહીને પોતાનો વારો આવવાની રાહ જોઈ રહ્યો હતો. લાંબા સમય સુધી ઊભા રહેવાના કારણે તેને અચાનક ખેંચ આવી અને તે ચક્કર ખાઈને જમીન પર ઢળી પડ્યો હતો અને માથાના ભાગે વાગવાથી તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત પણ થયો હતો. જેથી આસપાસના લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. જેના મારફતે યુવકને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ બનાવ સમયે હાજર કોંગ્રેસ અગ્રણી રોનક પરીખ ઉર્ફે ચમનભાઈએ વહીવટી તંત્રની કામગીરી પર આકરા પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ અગ્રણી રોનક પરીખે જણાવ્યું હતું કે, 4 નવેમ્બરથી SIRની કામગીરી કરવામાં આવી રહી છે, જેમાં કેટલાક લોકો મૃત્યુ પામ્યા છે. શિક્ષકોને હાર્ટએટેક આવે છે. શિક્ષકો થાકી જાય છે. લોકો હેરાન પરેશાન છે. લોકોને મતદાર યાદીની પ્રક્રિયા અંગે સમજ નથી. BLOને પણ સમજ પડતી નથી. કલેક્ટર કોઈ જવાબ આપતા નથી. સાઈટ પણ ચાલુ રહેતી નથી. આજે એક વ્યક્તિ લાઇનમાં ઉભો હતો. એ ડાયાબિટીસનો દર્દી હતો અને એને ખેંચ આવી હતી અને બ્લડ પ્રેશર વધી ગયું હતું અને ધડામ દઈને નીચે પડી ગયો હતો.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, મારી સરકારને અપીલ છે કે, જે સ્કૂલમાં કામગીરી થાય ત્યાં પાણીની અને બેઠકની વ્યવસ્થા કરવામાં આવે. અહીં લોકો બે-બે કલાકથી હેરાન-પરેશાન છે, પણ એક પણ ખુરશી અહીં મુકવામાં આવી નથી. કોઈ વ્યક્તિનું મોત ન થાય, તેનું ધ્યાન રાખવુ જોઈએ.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે વડોદરા શહેરની પ્રતાપ સ્કૂલમાં BLO સહાયક તરીકેની કામગીરી કરતાં એક મહિલા કર્મચારીનું ફરજ દરમિયાન કરુણ મોત નીપજ્યું હતુ. BLO સહાયક કામગીરી દરમિયાન અચાનક ઢળી પડ્યાં હતાં. ત્યારબાદ હોસ્પિટલમાં ખસેડાતાં ડોક્ટરે મૃત જાહેર કર્યા હતાં. મૃતક મહિલાનું નામ ઉષાબેન ઈન્દ્રસિંહ સોલંકી (ઉં.વ. 50) હતું, જેઓ ગોરવા મહિલા આઈટીઆઈ (ITI) ખાતે નોકરી કરતાં હતાં અને આજે સવારે કડક બજારમાં આવેલી પ્રતાપ સ્કૂલમાં ફરજ પર હતાં. ઉષાબેન સહાયક કામગીરી કરતાં હતાં એ દરમિયાન અચાનક ઢળી પડ્યાં હતાં. ત્યારબાદ સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતાં.

# પાણીપુરી ખાવા ગયેલી મહિલાની માથું છૂંદી હત્યા : રાજકોટમાં ઘરથી 200 મીટર દુર ખુલ્લા પટ્ટમાંથી બીજા દિવસે મૃતદેહ મળ્યો

**રાજકોટ, તા.23**



રાજકોટમાં આજે હત્યાની વધુ એક ઘટના સામે આવી છે. શહેરના ભગવતીપરા વિસ્તારમાં આવેલા કોપર ગ્રીન સોસાયટીમાં રહેતા 33 વર્ષીય સ્નેહાબેન આસોડીયાનો માથું છૂંદેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. સ્નેહાબેનની તેઓના ઘરથી 200 મીટર દૂર ખુલ્લા પટમાં તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યાં છે. ગઈકાલે સાંજે પોતાના પતિને પાણીપૂરી ખાવા જાઉં છું, કહી ઘરેથી નીકળ્યાં હતાં અને બાદમાં પરત ફર્યા જ નહોંતાં. જે બાદ આજે (23 નવેમ્બર) સવારે તેનો મૃતદેહ મળી આવ્યો હતો, જેથી પોલીસ કમિશનર બ્રિજેશકુમાર ઝા અને DCP ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હત્યા કોણે કરી તે હજુ અકબંધ છે, ત્યારે પોલીસે હત્યારાને ઝડપી પાડવાં ચક્રો ગતિમાન કર્યા છે. મહિલાના પતિ હિતેશભાઈ આસોડિયાએ જણાવ્યું હતું કે, મારી પત્નીએ ગઈકાલે રાત્રે મને ફોન કરી કહ્યું હતું કે પાણીપુરી ખાવા જાઉં છું. મને એમ પણ કહ્યું હતું કે, મને ત્યાંથી તેડતા જજો, જેથી હું બહારથી ઘરે આવતો હતો, ત્યારે ત્યાંથી નીકળ્યો પરંતુ મારી પત્ની મને ક્યાંય ન મળી. જે બાદ હું ઘરે આવ્યો ત્યારે ઘરની લાઈટ ચાલુ હતી. લોક ખોલ્યા બાદ હું અંદર ગયો તો તેનો મોબાઈલ પણ ચાર્જિંગમાં પડેલો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારે નાના-મોટા ઝઘડો થતા હતા, પરંતુ આવો સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે મારી પત્નીનું મૃત્યુ થઈ જશે.

# અમેરિકામાં ટ્રમ્પ વિરુદ્ધ લોકો રસ્તા પર ઊતર્યા

## પ્રદર્શનકારીઓએ 'ઈમ્પીચ, કન્વિક્શન એન્ડ રિમૂવ'ના નારા લગાવ્યા, વેનેઝુએલામાં સીક્રેટ ઓપરેશનની તૈયારીમાં ટ્રમ્પ

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકાના વોશિંગ્ટનમાં સેંકડો પ્રદર્શનકારીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા અને 'Remove the Regime' નામની એક મોટી રેલીમાં જોડાયા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે વિરોધ કરતા ઈમ્પીચમેન્ટ, કન્વિક્શન એન્ડ રિમૂવલ'ની ખુલ્લેઆમ માંગ કરી હતી. આ કાર્યક્રમનું આયોજન સમુહ ગ્રુપ રિમૂવલ કોએલિશન દ્વારા કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ટેક્સાસ કોંગ્રેસમેન અલ ગ્રીન અને ભૂતપૂર્વ પોલીસ અધિકારી માઈકલ ફેનન જેવા વક્તાઓ સહિત અનેક અગ્રણી વ્યક્તિઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત, પ્રખ્યાત બેન્ડ ડ્રોપકિક મર્ફી અને કલાકાર અર્થ ટુ ઈવએ પણ લાઈવ પર્ફોર્મન્સ આપ્યું, જેનાથી વાતાવરણ વધુ જોશપુર્ણ બન્યું. આ કાર્યક્રમ પછી, પ્રદર્શનકારીઓએ વોશિંગ્ટનના પ્રતિષ્ઠિત સીમાચિહ્ન, નેશનલ મોલ પર કૂચ કરી હતી.





રેલીમાં હાજર રહેલા ભૂતપૂર્વ મેટ્રો પોલીસ અધિકારી માઈકલ ફેનને કહ્યું, 'અમેરિકન વસ્તીનો મોટો ભાગ હવે અવગણવા તૈયાર નથી. અમે આ સરકારથી કંટાળી ગયા છીએ.'

આ દરમિયાન, યુએસ પ્રતિનિધિ અલ ગ્રીને એક રેલીમાં જાહેરાત કરી કે ક્રિસમસ પહેલા ટ્રમ્પ સામે મહાભિયોગ (articles of impeachment) ચલાવવામાં આવશે. તેમણે કહ્યું, 'પરિસ્થિતિ સુધરતી નથી.' પરિસ્થિતિ વધુ ખરાબ થવા જઈ રહી છે. આપણે દોષિત ઠેરવવા જોઈએ, મહાભિયોગ ચલાવવો જોઈએ, આપણે તેમને દૂર કરવા જોઈએ... જેથી ભવિષ્યના કોઈપણ તાનાશાહી નેતાને સંદેશ મળે કે તેમણે સરકાર કબજે કરવાનું વિચારવું પણ ન જોઈએ.

આ રેલીને ટ્રમ્પ વહીવટીતંત્ર સામે વધતી જતી અસંતોષની બીજી મોટી અભિવ્યક્તિ માનવામાં આવી રહી છે, જેમાં પ્રદર્શનકારીઓએ સ્પષ્ટ કર્યું કે તેઓ હવે પરિવર્તન ઈચ્છે છે અને વહીવટીતંત્રની દિશાથી ગુસ્સે છે.

યુનાઈટેડ સ્ટેટ્સમાં, રાષ્ટ્રપતિને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયામાં ત્રણ પગલાંનો સમાવેશ થાય છે: 'ઈમ્પીચ, કન્વિક્શન એન્ડ રિમૂવ'. ઈમ્પીચમેન્ટનો અર્થ એ છે કે પ્રતિનિધિ ગૃહ સત્તાવાર રીતે રાષ્ટ્રપતિ પર આરોપ મૂકે છે. ત્યારબાદ આ કેસ સેનેટમાં જાય છે, જ્યાં જો પૂરતી સંખ્યામાં સાંસદ દોષિત ઠેરવે છે, તો તેને કન્વિક્શન કહેવામાં આવે છે. દોષિત થયા પછી, અંતિમ પગલું રિમૂવલ છે, એટલે કે રાષ્ટ્રપતિને તાત્કાલિક પદ પરથી હટાવવામાં આવે છે. આ પ્રક્રિયા અમેરિકામાં ખૂબ જ દુર્લભ છે અને તેને રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ માનવામાં આવે છે.

પ્રદર્શનકારીઓએ વોશિંગ્ટનના પ્રતિષ્ઠિત સીમાચિહ્ન, નેશનલ મોલ પર કૂચ કરી. કૂચ શાંતિપૂર્ણ રહી, પરંતુ આયોજકોનો દાવો છે કે 10,000 થી વધુ લોકોએ ભાગ લીધો હતો.વ્હાઈટ હાઉસે જવાબ આપતા કહ્યું કે વિરોધ પ્રદર્શનો ચૂંટણી પરિણામોને ઉથલાવી શકતા નથી.

અમેરિકા વેનેઝુએલામાં બળવો કરાવી શકે છે, સીક્રેટ ઓપરેશનથી શરૂ થવાની શક્યતા; વિસ્તારને ઘેરવામાં આવી રહ્યો, ટકરાવનું જોખમ વધ્યું

અમેરિકા અને લેટિન અમેરિકન દેશ વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે આગામી દિવસોમાં વેનેઝુએલા વિરુદ્ધ એક નવું ઓપરેશન શરૂ થઈ શકે છે.

ન્યૂઝ એજન્સી રોઈટર્સે અમેરિકન અધિકારીઓને ટાંકીને જણાવ્યું છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરો વિરુદ્ધ બળવો પણ શરૂ કરાવી શકે છે.

અમેરિકન અધિકારીઓના મતે, આ કાર્યવાહી સીક્રેટ ઓપરેશનથી શરૂ થઈ શકે છે. આ પગલું ક્યારે લેવામાં આવશે અથવા કેટલું વ્યાપક હશે તે સ્પષ્ટ નથી, પરંતુ એ સ્પષ્ટ છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર તેને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યું છે.

હાલના અઠવાડિયામાં, યુએસ સૈન્યએ કેરેબિયન ક્ષેત્રમાં મોટી સંખ્યામાં જહાજો, વિમાનો અને સૈનિકો તહેનાત કર્યા છે, જેના કારણે બંને દેશો વચ્ચે ટકરાવની શક્યતા વધી ગઈ છે.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સ, પેન્ટાગોન અને ગુપ્ત એજન્સી, સીઆઈએ, આ બાબતે ટિપ્પણી કરવાનું ટાળી રહ્યા છે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ ડ્રગ્સ હેરફેરને રોકવા માટે તમામ જરૂરી તાકાતનો ઉપયોગ કરવા તૈયાર છે.

છેલ્લા કેટલાક મહિનાઓથી કેરેબિયનમાં યુએસ લશ્કરી તહેનાતી સતત વધી રહી છે. સૌથી મોટું યુએસ એરક્રાફ્ટ કેરિયર, ગેરાલ્ડ આર. ફોર્ડ, અનેક યુદ્ધ જહાજો, એક પરમાણુ સબમરીન અને F-35 વિમાનો સાથે તહેનાત કરવામાં આવ્યું છે.

# કરુર નાસભાગના બે મહિના બાદ વિજયનું ઈન્ડોર કેમ્પેન

## QR કોડ દ્વારા ફક્ત 2,000 લોકોને જ એન્ટ્રી, પોલીસે પાર્ટીના કાર્યકરોને ભીડ મેનેજમેન્ટની ટ્રેનિંગ આપી

**ચેન્નાઈ, તા.23**

તમિલગા વેત્રી કઝગમ (TVK)ના ફાઉન્ડર, અભિનેતા-રાજકારણી વિજયે રવિવારે કાંચીપુરમ જિલ્લામાં પોતાનો રાજકીય પ્રચાર ફરી શરૂ કર્યો. જોકે, તે એક ઈન્ડોર ઈવેન્ટ હતી. આશરે 2,000 લોકોને QR-કોડેડ પાસ સાથે એન્ટ્રી આપવામાં આવી હતી. કાર્યક્રમ સુચારુ રીતે યોજાય તે માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. પાર્ટીના કાર્યકરો પીળા ગણવેશમાં સજ્જ થઈને સ્થળ પર હાજર થયા હતા, જેમને નિવૃત્ત પોલીસ અધિકારીઓ દ્વારા ભીડને મેનેજ અને રેગુલેટ કરવા માટે ટ્રેનિંગ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, જ્યાં જરૂર હોય ત્યાં ટીન શીટ્સ લગાવવામાં આવી હતી જેથી લોકો મંજુરી વિના પ્રવેશી ન શકે. 27 સપ્ટેમ્બરના રોજ કરુરમાં વિજયની રેલીમાં ભાગદોડ મચી હતી, જેમાં 41 લોકોનાં મોત થયા હતા. તમિલનાડુમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે, ભાગદોડ પછી વિજયે પહેલી વાર રેલી સંબોધી છે.

કાંચીપુરમ ભૂતપૂર્વ મુખ્યમંત્રી અન્નાદુરાઈનું વતન છે. ભૂતપૂર્વ મુખ્યમંત્રી MGRએ પણ તેમના માર્ગદર્શનના માનમાં તેમના પક્ષના ધ્વજ પર અન્નાદુરાઈનું પ્રતીક સામેલ કર્યું હતું.

DMK અમારી TVK પાર્ટી પર વ્યક્તિગત બદલો લઈ રહ્યું છે. અમને આવી કોઈ નારાજગી નથી, પરંતુ અમે તેમની પૂછપરછ કરીશું કારણ કે તેમણે એવા લોકો સાથે દગો કર્યો જેમણે તેમના પર વિશ્વાસ કર્યો અને તેમને મત આપ્યા.

તેમના કાર્યો નાટકથી વધુ કંઈ નથી. અમે આ મામલે ચૂપ રહીશું નહીં. કાંચીપુરમ સાથે અમારું કુદરતી જોડાણ છે, કારણ કે આ જિલ્લાના પરંદુરમાં અમારું પહેલું જાહેર સંપર્ક અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

TVKએ DMKની જેમ NEET નાબૂદ કરવાના ખોટા દાવા કર્યા ન હતા, પરંતુ તેના બદલે શિક્ષણને બંધારણની સમવર્તી સૂચિમાંથી રાજ્ય સૂચિમાં શિફ્ટ કરવાની માંગ કરી હતી. DMK ટૂંક સમયમાં વિજય અને તેમની સાથે ઉભા રહેલા લોકોને નિશાન બનાવવા બદલ પસ્તાશે. અમે એવા મૂર્ખ જૂથ નથી જે તેઓ અમને બતાવે છે. અમે આ સરકારમાં પરિવર્તન લાવવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે અહીં છીએ.

# દિલ્હી-NCRમાં પ્રદૂષણ સંબંધિત નિયમોમાં ફેરફાર : જો AQI 200+ હશે તો ઓફિસ ટાઈમ બદલાશે; 400+ હશે તો 50% કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમ

**નવી દિલ્હી, તા.23**

દિલ્હી-NCRમાં વધતા પ્રદૂષણને જોતા કમિશન ફોર એર ક્વોલિટી મેનેજમેન્ટ (CAQM) એ તેના GRAP (ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન) ને વધુ કડક બનાવ્યું છે. હવે ઘણા મોટા પગલાં શરૂઆતમાં જ લાગુ કરવામાં આવશે, જેથી હવાની ગુણવત્તા બગડે તે પહેલાં પરિસ્થિતિને સંભાળી શકાય.

શનિવારે સવારે દિલ્હી-NCR માટે સરેરાશ AQI 360 હતો, જે ખૂબ જ ખરાબ કેટેગરીમાં આવે છે. CAQMએ જણાવ્યું હતું કે નવા પગલાં વૈજ્ઞાનિક ડેટા, નિષ્ણાતોના અભિપ્રાય અને ભૂતકાળના અનુભવો પર આધારિત છે. બધી એજન્સીઓને તેનો તાત્કાલિક અમલ કરવા સૂચના આપવામાં આવી છે.

GRAP-2 પર પહેલા લાગુ પડતા નિયમો હવે GRAP-1 પર લાગુ થશે. GRAP-3 ના ઘણા નિયમો GRAP-2 પર લાગુ થશે, અને GRAP-4 ના નિયમો હવે



GRAP-3 પર લાગુ થશે. GRAP-4 માં 50% કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમની જોગવાઈ પણ સામેલ છે.

અગાઉ, જ્યારે AQI 301 અને 400ની વચ્ચે હતો ત્યારે લાગુ કરાયેલા પગલાં હવે ફક્ત 201 અને 300ના AQI પર લાગુ થશે. આમાં દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને નોઈડામાં સરકારી કાર્યાલયના સમયમાં ફેરફારનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર તેના કાર્યાલયના સમય બદલવાનું પણ વિચારી શકે છે.

અગાઉ AQI 450+ હતો ત્યારે લાગુ પડતા નિયમો હવે ફક્ત AQI 401 અને 450ની વચ્ચે હોય ત્યારે જ લાગુ થશે. આમાં સરકારી, ખાનગી અને મ્યુનિસિપલ ઓફિસોમાં ફક્ત 50% સ્ટાફને બોલાવવો અને બાકીના કર્મચારીઓ માટે વર્ક ફ્રોમ હોમ સામેલ છે. વધુમાં, કેન્દ્ર સરકાર તેના કર્મચારીઓ માટે પણ આ મોડેલ અપનાવી શકે છે.

એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) એ એક ટુલ છે જે હવા કેટલી સ્વચ્છ અને શુદ્ધ છે તે માપે છે. તે વાયુ પ્રદૂષકોના સંભવિત સ્વાસ્થ્ય જોખમોનું મૂલ્યાંકન કરવામાં પણ મદદ કરી શકે છે.

AQI મુખ્યત્વે પાંચ સામાન્ય વાયુ પ્રદૂષકોની કોન્સન્ટ્રેશનને માપે છે. આમાં ગ્રાઉન્ડ લેવલ ઓઝોન, પાર્ટિકલ પોલ્યુશન, કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ અને નાઈટ્રોજન ડાયોક્સાઈડનો સમાવેશ થાય છે. તમે તમારા મોબાઈલ ફોન પર અથવા સમાચારમાં સામાન્ય રીતે 80, 102, 184, અથવા 250 જેવા AQIના આંકડા જોયા હશે.

વાયુ પ્રદૂષણના સ્તરને ચાર કેટેગરીમાં વર્ગીકૃત કરવામાં આવી છે. દરેક સ્તરના ચોક્કસ ધોરણો અને પગલાં હોય છે, જેને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) તરીકે ઓળખવામાં આવે છે. સરકાર આ ચાર કેટેગરીના આધારે નિયંત્રણો લાદે છે અને પ્રદૂષણ ઘટાડવાના પગલાં જારી કરે છે.

AQI એક થર્મોમીટર છે. તે તાપમાનને બદલે પ્રદૂષણ માપે છે. આ સ્કેલ હવામાં CO (કાર્બન ડાયોક્સાઈડ), OZONE (ઓઝોન), NO2 (નાઈટ્રોજન ડાયોક્સાઈડ), PM 2.5 (રજકણ પદાર્થ) અને PM 10 પ્રદૂષકોનું પ્રમાણ માપે છે અને શૂન્યથી 500 સુધીના રીડિંગ્સ દર્શાવે છે.

હવામાં પ્રદૂષકોનું પ્રમાણ જેટલું વધારે હશે, AQI સ્તર એટલું જ ઊંચું હશે, અને AQI જેટલું ઊંચું હશે, હવા એટલી જ ખતરનાક હશે. જોકે 200 થી 300 ની વચ્ચેનો AQI ખરાબ માનવામાં આવે છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ એવી છે કે રાજસ્થાન, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશના ઘણા શહેરોમાં તે 300ને વટાવી પાર થઈ ગયો છે. આ વધતો AQI ફક્ત એક આંકડો નથી. તે ભવિષ્યમાં થનારા રોગોના ભયનો સંકેત પણ છે.

# ભાજપે કહ્યું-મદનીએ મુસ્લિમોને ગેરમાર્ગે દોરીને ફાયદો ઉઠાવે છે

## મૌલાનાએ કહ્યું હતું -મુસ્લિમ લંડન-ન્યૂયોર્કમાં મેયર બની શકે છે, ભારતમાં યુનિવર્સિટીનો ચાન્સેલર પણ બની શકતો નથી

**નવી દિલ્હી, તા.23**

ભાજપે જમિયત ઉલેમા-એ-હિન્દના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ લગાવેલા આરોપોને ખોટા ગણાવ્યા છે. પાર્ટીના નેતા મોહસીન રઝાએ સોમવારે કહ્યું કે મદની અને તેમનો પરિવાર વર્ષોથી મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. અને ભેદભાવપૂર્ણ રાજકારણ કરીને ફક્ત પોતાનો જ ફાયદો ઉઠાવ્યો છે.

તેમણે આરોપ લગાવ્યો કે મદનીએ મુસ્લિમ સમુદાયના નામે ઘણા વર્ષો ફાયદો ઉઠાવ્યો છે, પરંતુ સમુદાય માટે કંઈ કરવામાં આવ્યું નહીં. આ દરમિયાન, ભાજપના નેતા યાસીર જિલાનીએ પણ મદનીના નિવેદન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારત મુસ્લિમો માટે વિશ્વનું સૌથી સુરક્ષિત અને શ્રેષ્ઠ સ્થળ છે. અહીંના હિન્દુઓ તેમના 'મોટા ભાઈઓ' ની જેમ તેમની પડખે ઉભા છે.

ખરેખરમાં, દિલ્હી વિસ્ફોટની તપાસ દરમિયાન, જમિયત ઉલેમા-એ-હિન્દના પ્રમુખ મૌલાના અરશદ મદનીએ મુસ્લિમો સામે ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. તેમણે શનિવારે કહ્યું હતું કે એક



મુસ્લિમ લંડન અને ન્યૂયોર્કમાં મેયર બની શકે છે, પરંતુ ભારતની કોઈપણ યુનિવર્સિટીનો ચાન્સેલર પણ બની શકતો નથી.

જમિયતના વડા મૌલાના અરશદ મદનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'દુનિયા વિચારે છે કે મુસ્લિમો હવે સંપૂર્ણપણે લાચાર, ખતમ અને નબળા થઈ ગયા છે, પરંતુ હું એવું માનતો નથી. આજે, એક મુસ્લિમ 'મમદાની' ન્યૂયોર્કનો મેયર બની શકે છે, લંડનમાં, એક 'ખાન' મેયર બની શકે છે, પરંતુ ભારતમાં, એક મુસ્લિમ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર પણ બની શકતો નથી . અને જો કોઈ બની પણ જશે તો તેને પણ આઝમ ખાનની જેમ જેલમાં ધકેલી દેવામાં આવે છે. આજે અલ-ફલાહમાં શું થઈ રહ્યું છે તે જુઓ, સરકાર પુરા પ્રયાસ કરી રહી છે કે મુસ્લિમો ક્યારેય ઉભા ન થઈ શકે.

મદનીએ કહ્યું, દુનિયા માને છે કે મુસ્લિમો લુપ્ત થઈ ગયા છે, પણ હું એવું માનતો નથી. ઝોહરાન મમદાની ન્યૂયોર્કના મેયર અને સાદિક ખાન લંડનના મેયર બન્યા, પરંતુ ભારતમાં કોઈ પણ મુસ્લિમને યુનિવર્સિટી ચાન્સેલર બનવાની તક મળતી નથી.

મદનીએ કહ્યું કે જો કોઈ આવું કરવાનો પ્રયાસ કરશે, તો તેમને સપા નેતા આઝમ ખાનની જેમ જેલમાં જવું પડશે. તેમણે આઝમ ખાન સાથે અલ-ફલાહ યુનિવર્સિટીના સ્થાપક જવાદ અહેમદ સિદ્દીકીનું પણ ઉદાહરણ આપ્યું, જે હાલમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) ની કસ્ટડીમાં છે.

કોંગ્રેસના નેતા ઉદિત રાજે અરશદ મદનીના નિવેદનનું ખુલ્લેઆમ સમર્થન કર્યું. તેમણે કહ્યું કે જો અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સંકળાયેલા કોઈ વ્યક્તિએ આતંકવાદને પ્રોત્સાહન આપતું કાર્ય કર્યું હોય, તો તેની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. આતંકવાદ માટે કોઈ માફી હોઈ શકે નહીં. ઉદિતે એવો પણ સવાલ કર્યો કે શા માટે આખી યુનિવર્સિટીઓને નિશાન બનાવવામાં આવી રહી છે અને મુસ્લિમ ઘરોને બુલડોઝર દ્વારા તોડી પાડવામાં આવી રહ્યા છે. યુનાઈટેડ સ્ટેટ્સનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું,

સમાજવાદી પાર્ટીના ઘનશ્યામ તિવારીએ પણ સરકાર સામે સવાલો ઉઠાવ્યા અને કહ્યું કે વડાપ્રધાને પ્રેસ કોન્ફરન્સ કરીને સમગ્ર મામલે જવાબ આપવો જોઈએ.

ભાજપે અરશદ મદનીના આરોપોને ખોટા ગણાવ્યા છે. પાર્ટીના નેતા મોહસીન રઝાએ કહ્યું કે મદની અને તેમનો પરિવાર વર્ષોથી મુસ્લિમોને ગેરમાર્ગે દોરી રહ્યા છે અને ફક્ત પોતાના ફાયદા માટે ભેદભાવની રાજનીતિનો ઉપયોગ કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે,

ભાજપના નેતા યાસીર જિલાનીએ પણ મદનીના નિવેદન પર સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ભારત મુસ્લિમો માટે વિશ્વનું સૌથી સુરક્ષિત અને શ્રેષ્ઠ સ્થળ છે. અહીંના હિન્દુઓ તેમના 'મોટા ભાઈઓ' ની જેમ તેમની પડખે ઉભા છે.

18 નવેમ્બરના રોજ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ ફરીદાબાદ ખાતે અલ-ફલાહ યુનિવર્સિટીના સ્થાપક જવાદ અહેમદ સિદ્દીકીની 10 નવેમ્બરના દિલ્હી બોમ્બ વિસ્ફોટોની તપાસ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં ધરપકડ કરી હતી.

આ યુનિવર્સિટી ફાર્માકોલોજિસ્ટ ડૉ. શાહીન સઈદ, સર્જન ડૉ. મુઝમ્મિલ શકીલ અને દિલ્હીમાં આત્મઘાતી બોમ્બર બનેલા મેડિસિન ડિપાર્ટમેન્ટના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. ઉમર નબી જેવા આતંકવાદી મોડ્યુલોનું કેન્દ્ર હોવાને કારણે સુરક્ષા એજન્સીઓના રડાર પર છે.

# એક જ રાતમાં આખો પરિવાર ખતમ : પત્ની અને બે બાળકોની હત્યા કરી ગળેફાંસો ખાધો

## દિકરાના હૃદયમાં કાણું હતું, રાતના ઝઘડા બાદ સવારે 4 મૃતદેહ મળ્યા

**દેવઘર, તા.23**

ઝારખંડના દુમકા જિલ્લાના હંસડીહા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બરદેહી ગામમાં રવિવારે સવારે એક જ પરિવારના ચાર સભ્યોના મૃતદેહ મળી આવ્યા હતા. આ ઘટનાના સમાચારથી સમગ્ર વિસ્તારમાં શોક છવાઈ ગયો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે એક જ પરિવારના ચાર સભ્યોના મોત ઘરેલુ વિવાદને કારણે થયા છે.

અહેવાલો અનુસાર, ગામના બિરેન્દ્ર માંઝીએ તેની પત્ની આરતી કુમારી અને બે માસૂમ બાળકો, તેની ચાર વર્ષની પુત્રી રૂહી અને બે વર્ષના પુત્ર વિરાજની હત્યા કરી હતી. ત્યારબાદ તેણે ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી.

ઘટનાસ્થળે ભેગા થયેલા ગ્રામજનોના જણાવ્યા મુજબ, પરિવાર એકદમ સામાન્ય હતો. મૃતક આરતી, દેવઘર જિલ્લાના પાલજોરીમાં રહેતી હતી. એવું જાણવા મળ્યું હતું કે બિરેન્દ્ર શનિવારે તેની પત્ની અને બાળકોને તેમના માતાપિતાના ઘરેથી પાછા લાવ્યા હતા. તેમના પુત્ર વિરાજના હૃદયમાં કાણું હતું. તેને સારવાર માટે વેલ્લોર લઈ



જવાની તૈયારી ચાલી રહી હતી.

રાત્રે ઝઘડો થયો અને સવારે ચારેયના મૃતદેહ મળી આવ્યા મૃતકના પિતા મનોજ માંઝીએ જણાવ્યું હતું કે પતિ-પત્ની વચ્ચે ગઈકાલે રાત્રે ઝઘડો થયો હતો. શંકા છે કે આ ઝઘડો વધુ વકર્યો હતો અને ગુસ્સામાં બિરેન્દ્રએ પહેલા તેની પત્ની અને બે બાળકોની હત્યા કરી હતી. ત્યારબાદ તેણે પોતાના ઘરમાં ફાંસી લગાવી દીધી હતી. રવિવારે સવારે જ્યારે ઘરનો દરવાજો ખુલ્યો નહીં, ત્યારે પરિવારના અન્ય સભ્યોએ પડોશીઓની મદદ માંગી. માતા અને બાળકોના મૃતદેહ ઘરની અંદર મળી આવ્યા હતા, જ્યારે પુરુષનો મૃતદેહ ઘરની બહાર, ખેતરો પાસે મળી આવ્યો હતો. મૃતદેહો જોયા પછી તરત જ પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃતદેહો મળી આવ્યાના સંજોગો શંકા પેદા કરે છે કે પતિએ તેની પત્ની અને બાળકોની હત્યા કરી હતી અને પછી આત્મહત્યા કરી હતી. ઘરની બહાર લાશ કેવી રીતે મળી? હત્યા અને આત્મહત્યાના દ્રષ્ટિકોણથી તપાસ માહિતી મળતાં જ હંસડીહા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ચારેય મૃતદેહોનો કબજો લીધો અને પોસ્ટમોર્ટમ માટે મોકલી દીધા. પોલીસનું કહેવું છે કે હત્યા અને આત્મહત્યાના તમામ સંભવિત હેતુઓની તપાસ કરવામાં આવી રહી છે. હાલમાં પરિવારના સભ્યો અને પડોશીઓની પૂછપરછ કરવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ગામલોકો નવનિર્માણ ઉત્સવની તૈયારીમાં વ્યસ્ત હતા, પરંતુ આ અચાનક સમાચારથી સમગ્ર વાતાવરણ શોકથી ભરાઈ ગયું. આ દુ:ખદ ઘટના બાદ, બરદેહી ગામમાં શોકનું વાતાવરણ છવાઈ ગયું છે.

## તંત્રી લેખ

# બિહારની હારને કારણે કોંગ્રેસને રાજ્યસભામાં પણ નુકશાન

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં મળેલી હાર પછી કોંગ્રેસની મુશ્કેલી વધી ગઈ છે. ૨૦૨૬ના વર્ષમાં રાજ્યસભાની ચૂંટણી થશે ત્યારે પણ પક્ષને નુકશાન થઈ શકે છે. રાજ્ય સભાની ૭૨ બેઠકો પર એપ્રિલ, જૂન અને નવેમ્બર ૨૦૨૬માં ચૂંટણી યોજાવાની છે. કોંગ્રેસનું પ્રદર્શન રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં સારૂ રહ્યું નથી. આની અસર ઈન્ડિયા ગઠબંધન પર પણ પડી છે. ઈન્ડિયા ગઠબંધનના બીજા પક્ષો પર કોંગ્રેસનો પ્રભાવ ઘટી ગયો છે. ૨૦૨૬માં થનાર રાજ્યસભાની ચૂંટણીમાં સીધો ફાયદો એનડીએ સાથે જોડાયેલા પક્ષોને થશે. આ ચૂંટણીમાં ઈન્ડિયા ગઠબંધન બધી બેઠકો ગુમાવી શકે એમ છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લીકાર્જૂન ખડગેની રાજ્યસભાના સાંસદ તરીકેની મુદત પણ ૨૬મી જૂને પૂરી થઈ રહી છે. કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર છે જેને કારણે પક્ષને એક મોકો મળી શકે છે પરંતુ જે રાજ્યોમાં કોંગ્રેસનું ખરાબ પ્રદર્શન રહ્યું છે ત્યા એને મુશ્કેલી થશે.

લાલ કિલ્લા બોમ્બ બ્લાસ્ટ પછી બદનામ થઈ ગયેલી અલ-ફલાહ યુનિવર્સિટીએ પોતાના લઘુમતી દરજ્જાનો ખુબ દુરઉપયોગ કર્યો હતો. લઘુમતી મંત્રાલય અને ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેક્નીકલ એજ્યુકેશન (એઆઈસીટીઇ) તરફથી અલ-ફલાહ યુનિવર્સિટીને સ્કોલરશીપની મોટી રકમ મળતી રહી હતી. યુનિવર્સિટીએ કેન્દ્ર સરકારની તમામ યોજનાઓનો લાભ પણ લીધો હતો. જ્યારે પણ એમને કોઈ તકલીફ આવતી ત્યારે રાષ્ટ્રીય લઘુમતી શૈક્ષણીક સંસ્થા આયોગ (એનસીએમઈઆઇ) યુનિવર્સિટીના બચાવમાં કુદી પડતી હતી. તપાસ સંસ્થાને મળેલી જાણકારી પ્રમાણે અલ-ફલાહ પાસે યુજીસીની કલમ ૧૨ (બી)નો હક હતો નહી. જેથી એને કેન્દ્રીય ગ્રાન્ટ મળી શકે નહીં. આમ છતાં વિવિધ સરકારી યોજનાઓનો ભરપુર ફાયદો યુનિવર્સિટીએ ઉઠાવ્યો હતો. ૨૦૧૬ના વર્ષમાં અલ-ફલાહએ લઘુમતી મંત્રાલય પાસેથી ૧૦ કરોડ રૂપિયા મેળવ્યા હતા જ્યારે ૨૦૧૫માં એને ૬ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવી હતી.

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ સાથે જોડાયેલા સંગઠનોએ આરોપ મુક્યો છે કે જમ્મુ-કાશ્મીરના કતરા ખાતે આવેલી શ્રી માતા વૈષ્ણોદેવી ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ એક્સલન્સીના પહેલા બેચમાં જેમને એડમીશન આપવામાં આવ્યું છે એમાંથી ૯૦ ટકા કાશ્મીરી મુસલમાન છે. આ કારણે એમનું એડમીશન રદ કરવું જોઈએ. વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન કતરા ઈન્સ્ટીટયુટની બહાર કરવામાં આવ્યું હતું. દેખાવકારોએ વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના ચિફ એક્ઝીક્યુટીવ ઓફિસરનું પૂતળુ પણ સળગાવ્યું હતું. વિરોધ કરનારાઓનું માનવું છે કે વૈષ્ણોદેવી મંદિર દ્વારા અપાયેલા દાનથી આ ઈન્સ્ટીટયુટ બની છે જેમાં મુસ્લિમોનો દબદબો રહ્યો છે. હિન્દુઓને એડમીશન આપવામાં આવતું નથી. કાયદાકીય રીતે આ ખોટુ છે કારણ કે વૈષ્ણોદેવી મેડિકલ ઈન્સ્ટીટયુટને માઈનોરીટી ઈન્સ્ટીટયુટનો દરજ્જો આપવામાં આવ્યો નથી. ઉત્તર પ્રદેશના બલરામપુર ખાતે આયોજીત સુહેલદેવ સન્માન સ્વાભીમાન પાર્ટીની મહારેલીના મચ પરથી સમાજવાદી પાર્ટીના નેતા રમાકાંત દુબેએ ભૂતપૂર્વ બાહુબલી સાંસદ બ્રીજભૂષણ શરણ સિંહનું નામ આપ્યા વગર એમને ચેલેન્જ કરી છે. 'દાદાગીરી હતી, દાદાગીરી રહેશે.'ના સૂત્ર સંદર્ભે વળતો જવાબ આપતા રમાકાંત દુબેએ બ્રીજભૂષણ સિંહને અપક્ષ તરીકે ચૂંટણી લડવાની ચેલેન્જ ફેંકી છે.

# સુગ્રીવ એ વાનર હોવાં છતાં રામનામ અને રામકામ થકી જીવનને ધન્ય બનાવ્યું...!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. સનાતન સંસ્કૃતિમાં ઘણી બધી સારી સારી વાતો કરી છે, પણ એકવાત અતિ ઉત્તમ છે કે એમાં યોગને ખૂબ જ મહત્વ આપ્યું છે, અને ભોગ, રોગ, યોગ, જોગ, અને ઉપયોગ આ બધાં શબ્દોનો અહીં માત્ર પ્રાસ બેસાડ્યો નથી,પણ સંસારી હોવાથી આ આંખી એક એવી સાયકલ છે, જેમાં કોઈપણ વ્યક્તિ સીધાં યોગ પર આવી શકતો નથી, એ અત્યંત ભોગ વિષયી હોયને રોગ નામની વ્યાધિ અથવા ભયથી પ્રેરિત થઈને યોગનું શરણું લે છે. રામાયણ કાળમાં વાનરરાજ સુગ્રીવ વિશે પણ વિષય વિલાસી એવો શબ્દ તુલસીદાસજી પ્રયોજ્યો છે, અને એનાં જીવન ચરિત્ર પરથી પણ બોધ તારવી શકાય છે, તો આજે આપણે એનાં વિશે ચિંતનમાં વાત કરીશું.

સુગ્રીવનો પરિચય સીધો સાદો છે, વાનરરાજ સુગ્રીવ, અને બીજો પરિચય છે, મહાબલી વાલીનો અનુજ. તેના જન્મ માટે એક દંતકથા છે રક્ષરાજ નામના એક વાનર એ બ્રહ્મ દેવનું તપ કર્યું, અને બ્રહ્માજીએ પ્રસન્ન થઈ તેને સુમેરુ પર્વત પર રહેવાનું કહ્યું. એ રોજ બ્રહ્માજીને ફૂલ અર્પણ કરતાં, અને ત્યાં જીવન પસાર કરતા હતાં. એક દિવસ તે ત્યાં આવેલા એક તળાવમાં નાહવા પડે છે, અને એક સુંદર યુવતી થઈને બહાર આવે છે. સૂર્યદેવ અને ઈન્દ્રદેવ બંનેની નજર તેની પર પડે છે, બંને એ યુવતીથી મોહિત થઈ જાય છે, અને તેમનું મણી એટલે કે તેજ એ યુવતીના માથા અને ગળા પર પડે છે. માથા પર પડે છે તે વાલી નામે ઓળખાયો, અને ગળા એટલે કે ગ્રીવા પર પડ્યું તે સુગ્રીવ નામે ઓળખાયો. વાલી અને સુગ્રીવ બંને ભાઈઓ છે, અને એને વિશેની જગ પ્રસિદ્ધ વાર્તાથી પણ સૌ કોઈ વાકેફ હશે. માયા નામની એક સ્ત્રી ને બે પુત્રો હતાં, દુંદુભિ અને માયાવી. વાલી ખૂબ જ શક્તિશાળી હતો કહેવાય છે, કે સો હાથી જેટલું બળ તેનામાં હતું. તેણે રાક્ષસરાજ રાવણને પણ બગલમાં દબાવી પૃથ્વી પર ફેરવ્યો હતો, અને જે કોઈ તેને યુદ્ધ માટે લલકારે તેની સાથે તે યુદ્ધ કરતો હતો. માયા નામની સ્ત્રીએ પણ પોતાના પુત્ર દુંદુભિ સાથે યુદ્ધ કરવા માટે તેને ઉશ્કેર્યો હતો, અને એમાં દુંદુભિનું મોત થયું. તેના ભાઈ માયાવી સાથે વાલીનું યુદ્ધ થયું, અને તે પાછા ન આવ્યો, એટલે પોતાને કિષ્કિંધાનો રાજા ઘોષીત કરે છે. થોડા સમયમાં વાલી પાછા આવે છે, અને તે સુગ્રીવને પોતાનો દ્રોહી સમજે છે, અને મારી નાખવા માટે તૈયાર થાય છે. સુગ્રીવ ત્યાથી ભાગે છે, અને ઋષ્યમુક પર્વત પર આવીને સંતાઈ જાય છે. કારણકે દુંદુભિ સાથેના યુદ્ધમાં રક્તના થોડા ટીપા ઋષ્યમુક પર્વત પર પડ્યાં હતાં, અને ત્યાં તપ કરી રહેલા માતંગ ઋષિએ વાલીને શાપ આપ્યો હતો, એટલે ઋષ્યમુક પર્વત પર તે જઈ શકે તેમ નહોતો.

સીતાના અપહરણ થયા પછી ભગવાન રામ અને લક્ષ્મણ સીતાની શોધમાં ભટકતા હતાં, ત્યારે તેઓ ઋષ્યમુક પર્વત પાસેથી પસાર થાય છે, અને શબરીના બતાવ્યા મુજબ આ વાનર ઓ તેમને સીતાની શોધ માટે મદદરૂપ થાય એમ હતાં. હનુમાન તેમને સુગ્રીવ સાથે મેળવે છે, અને રાજા રામને વચન આપે છે કે તે તેની પત્નીને શોધવામાં તેની સહાય કરશે. પરંતુ પહેલા પોતાના ભાઈ વાલી તેનું રાજ્ય પચાવી લીધું છે, અને તેની પત્ની રુમાને તેણે રાખી લીધી છે. ભગવાન રામની પત્ની એટલે કે સીતાનું પણ રાવણ અપહરણ કરી ગયો હતો, અને એ જ રીતે વાલી પણ સુગ્રીવની પત્નીને પડાવી લીધી હતી, એટલે રામ અને સુગ્રીવ સમ દુખિયા હતાં, અને બંને વચ્ચે એટલે જ મિત્રતા પણ થઈ હતી. તેણે સુગ્રીવને કહ્યું હતું કે હે સુગ્રીવ દરેક ભાઈ ભરત જેવા હોતા નથી, અને દરેક પુત્ર મારી જેમ પિતૃભક્ત પણ હોતા નથી. આગળ આપણે સૌ જાણીએ છીએ તેમ કિષ્કિંધાનું રાજ્ય પાછું અપાવવા ભગવાન શ્રી રામ વાલી સાથે સુગ્રીવને યુદ્ધ કરાવે છે, અને છળથી તે મરાય છે.

સુગ્રીવ રામની કૃપાથી,કિષ્કિંધાનો રાજા બન્યો,પછી રામનો ઉપકાર ભૂલી ગયો,એને યાદ નથી આવતું કે રામે મારું કામ કર્યું, પણ મારે રામનું કામ કરવાનું બાકી છે,સીતાજીની ભાળ કાઢવાની બાકી છે. રામજીને દુઃખ થયું છે,એ જાણીને લક્ષ્મણે ધનુષ્ય-બાણ ઉપડ્યા ને કિષ્કિંધા તરફ જવા તૈયાર થયા. પ્રભુ શ્રીરામ,લક્ષ્મણના મુખ પરનો ક્રોધ જોઈ સમજી ગયા કે-લક્ષ્મણ જરૂર કંઈક આડું-અવળું કરી બેસશે, એટલે તેમણે લક્ષ્મણને કહ્યું કે સુગ્રીવને આપણે મિત્ર માન્યો છે,એટલે તેને મારતો નહિ. કિષ્કિંધાના દ્વાર પર લક્ષ્મણજી સુગ્રીવને યુદ્ધ માટે લલકાર્યા છે, અને કહે છે કે હે સુગ્રીવ તું તારું વચન ભૂલી ગયો છે, અને હવે હું તને માફ નહીં કરું. સુગ્રીવ લક્ષ્મણની શક્તિથી વાકેફ હતો, અને તેણે હનુમાનજીને કહ્યું કે લક્ષ્મણને શાંત કરો. હનુમાનજીએ તેમની મધુર વાણીથી, લક્ષ્મણજીને શાંત કર્યા, અને એમને મહેલમાં લઈ આવ્યાં. સુગ્રીવ તેમના પગમાં પડ્યો. શ્રીરામના શબ્દોને યાદ કરીને લક્ષ્મણે તેનો અપરાધ માફ કર્યો.અને બધા રામજીની પાસે આવ્યા.સુગ્રીવે રામજીના ચરણમાં માથું નમાવી, પોતાનો અપરાધ કબૂલ કરતાં કહ્યું કે અતિસુખ અને ભોગ-વિલાસ જોઈને દેવો ને ઋષિ-મુનિઓનાં મન પણ ચંચળ થાય છે,તો હું તો ચંચળ મનનો વાનર છું.આપની માયા અતિપ્રબળ છે, જે માનવીને ભૂલ-ભૂલામણીમાં નાંખી દે છે. આગળની કથા આપણે જાણીએ છીએ કે પછી એણે પોતાના જીવનનો ઉપયોગ માત્ર રામ કામ એટલે કે સીતાની શોધ માટે કર્યો.

તો આ છે સુગ્રીવનું ચરિત્ર, આશ્ચર્ય થાય છે નહીં!! કે વાનર પણ પોતાનો જન્મ સુધારી શક્યો! રામનું નામ અને રામનું કામ આ બંને જ આપણા જીવનને ધન્ય બનાવી શકે તેમ છે, જીવન ફેરો સફળ બનાવી શકે તેમ છે, અને માટે જ અન્ય કોઈ ભોગમાં લલચાયા વગર રામ કામ, એટલે કે જીવન છે ત્યાં સુધી કોઈ ને ઉપયોગી થવાતું હોય તો થઈ જવું, રામ નામ સ્મરણ એટલે કે હરિસ્મરણ જેવો ઉત્તમ કોઈ યોગ નથી, તો એ રીતે યોગને પણ નિભાવી લઈએ. અને માનવ તરીકે જન્મ મળ્યો છે, તો એને ધન્ય બનાવી એ.હરિ નામ સ્મરણ અને પરોપકારી કર્મથી જન્મોજન્મ હરિ ચરણમાં સ્થાન પ્રાપ્ત કરી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન-મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# બુલડોઝર ન્યાય વિરુદ્ધ મારો ચુકાદો સૌથી અગત્યનો : સીજેઆઇ ગવઈ



સુપ્રિમ કોર્ટ બાર એસોસીએશન (એસસીબીએ)ના વિદાય સમારંભમાં ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા ડી આર ગવઈએ પોતે આપેલા ચૂકાદાઓ પર ટીપ્પણી કરી છે. આજે રીટાયર્ડ થઈ રહેલા સીજેઆઇ ગવઈએ 'બુલડોઝર ન્યાય' વિરુદ્ધ આપેલા ચુકાદાને સૌથી અગત્યનો ગણાવ્યો છે. ત્યાર પછી એમણે અનુસૂચિત જાતિઓ (એસસી) તેમજ અનુસૂચિત જનજાતિઓ (એસટી) સમુદાયને નોકરીમાં અનામત બાબતે વર્ગીકરણની સહમતી આપતા ચુકાદાને મહત્વપૂર્ણ ગણાવ્યો હતો. ગવઈએ એમની સમક્ષ રજુ થયેલા તમામ કેસના ચૂકાદા આપી દીધા છે. હવે એમની પાસે ન્યાયને લગતી કોઈ કામગીરી બાકી નથી. એમણે કહ્યું હતું કે, 'બુલડોઝર ન્યાયનો કાયદો શાસનના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે. કોઈપણ વ્યક્તિ ગુનેગાર નહીં ઠરે એ પહેલા એનું ઘર કેવી રીતે તોડી પડાય? એના પરિવાર અને માતા-પિતાનો શું વાંક? આશ્રયનો અધિકાર એક મૌલિક અધિકાર છે.' એક જમાનામાં ભાજપના નેતાઓના માનીતા ગણાતા અને ઉપરાષ્ટ્રપતિ રહી ચૂકેલા જગદીપ ધનખડ જાહેર જીવનથી દુર થઈ ગયા છે. ચાર મહિના પહેલા ધનખડે રાજીનામું આપ્યું હતું. ત્યાર પછી તેઓ પહેલી વખત જાહેર કાર્યક્રમમાં દેખાયા છે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના એક કાર્યક્રમમાં હાજરી આપવા તેઓ ભોપાલ ગયા હતા. ભોપાલ એરપોર્ટ પર એમનું સ્વાગત કરવા માટે ભાજપમાંથી કોઈ નાનો કાર્યકર્તા પણ પહોંચ્યો નહોતો. આ બાબતે હવે કોંગ્રેસને ટોણો મારવાનો મોકો મળી ગયો છે. કોંગ્રેસના નેતા દિગવિજય સિંહએ એવી ટીપ્પણી કરી છે કે 'ઉપયોગ કરો અને ફેંકી દો' ભાજપની નીતી રહી છે. આરએસએસના સિનિયર પદાધિકારી મનમોહન વૈદ્યએ લખેલા એક પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં ધનખડે દેખાયા હતા. દિગવિજય સિંહનું કહેવું છે કે ભાજપ એવી વ્યક્તિને જ અગત્યની ગણે છે કે જે કામની હોય. કામ પુરુ થયા પછી એમને રવાના કરી દેવામાં આવે છે. દિલ્હી બ્લાસ્ટ પછી ચર્ચામાં આવેલી અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન તેમજ મુખ્ય ટ્રસ્ટી જવાદ સિદ્દીકી અને એમના ભાઈ હમુદ સિદ્દીકીના ઈન્દોર ખાતે આવેલા ચાર માળનું મકાન તોડવા માટે મહુછાવણી પરિષદએ નોટીસ મોકલી છે. મુકેરી મહોલ્લા સ્થિત આવેલા એમના મકાનને ગેરકાયદેસર બતાવવામાં આવ્યું છે. ત્રણ દિવસમાં આ ગેરકાયદેસર મકાન તોડી પાડવાનું કહેવામાં આવ્યું છે. નહીં તો કેન્ટ બોર્ડ ખુદ મકાનને તોડી પાડી એનો ખર્ચ માલિકો પાસેથી વસુલશે. કેન્ટ બોર્ડએ મકાન પર નોટીસ લગાવી દીધી છે. યુનિવર્સિટીના માલિક જવાદ સિદ્દીકી સામે ગંભીર આક્ષેપો છે. એમની ધરપકડ થઈ ગઈ છે. એમના ભાઈ હમુદની પણ ૨૫ વર્ષ જૂના છેતરપિંડી અને કોમવાદી હુલ્લડના કેસમાં ધરપકડ થઈ છે. હમુદ મહુ શહેરનો કાઝી રહી ચૂક્યો છે. બિહારમાં એનડીએની નવી સરકારમાં મંત્રી મંડળની પસંદગી બાબતે વૈશાલીના લોકોમાં એક જગ્યાએ ખુશી છે તો બીજી તરફ અચંબો પણ છે. બે નામ એવા છે કે નિતિશકુમારની આ નવી સરકારમાં મંત્રી તરીકે નક્કી હતા. આમાંથી એક નામ છે જેડીયુના પ્રદેશ પ્રમુખ ઉમેશસિંહ કુશવાહ અને બીજુ નામ છે હાજીપુરમાં સતત ચોથી વખત જીતેલા ધારાસભ્ય અવધેશસિંહ. આ બંનેને મંત્રીમંડળમાં સ્થાન નહી અપાતા લોકોને નવાઈ લાગી છે. ફક્ત રાજકીય વર્તુળમાં જ નહીં, સામાન્ય લોકો પણ અચંબામાં છે. ચૂંટણી પહેલા એમ કહેવામાં આવતું હતું કે, ઉમેશને મંત્રીમંડળમાં નક્કી સ્થાન મળશે. જો જેડીયુના ક્વોટામાંથી જગ્યા નહીં હોય તો એમને ભાજપના ક્વોટામાંથી મંત્રી બનાવવામાં આવશે.

# વિષયોમાં સુખ નથી જેમ અન્નનું સેવન રોજ કરો છો,તેમ વારંવાર સત્સંગની જરૂર છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)




ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો ભક્તિમાં ગૃહસ્થાશ્રમ બાધક નથી પણ સાધક છે. બાધક છે, ગૃહાસક્તિ, કામાસક્તિ, દ્રવ્યા સક્તિ, વિષયા સક્તિ બાધક છે.સંસારના વિષયો માં સાચું સુખ હોય તો બધું છોડી મનુષ્યને નિદ્રાની જરૂર શા માટે લાગે?વિષયોનો ત્યાગ કરી મનુષ્ય ને નિદ્રાની ઈચ્છા થાય છે તે બતાવે છે કે,વિષયોમાં સુખ નથી જેમ અન્નનું સેવન રોજ કરો છે, તેમ વારંવાર સત્સંગની જરૂર છે. શરીર માટે અન્ન છે તેમ આત્મા માટે સત્સંગ છે.

પ્રભુ કહે છે કે,હું અંતર્યામી રૂપે સર્વના હ્રદયમાં વિરાજું છું,તેમ છતાં જો જીવ દુઃખી હોય તો એમાં દોષ કોનો?પાસે લાખનો હીરો હોય પણ તેની કિંમત ખબર ન હોય તો દોષ કોનો?આ દુઃખ અજ્ઞાનનું છે. બ્રહ્માકારવૃત્તિથી આ અજ્ઞાનનું તેમજ દુઃખનું નિવારણ થશે. અંદરનું નિરાકાર અને બહાર નું સાકાર સ્વરૂપ એકત્ર થશે,ત્યારે વામનજી ભગવાન પ્રગટ થશે. અદિતિએ પયોવ્રત કર્યું.રાત્રે અદિતિને સ્વપ્નમાં ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. ભગવાને કહ્યું, મારા ચતુર્ભુજ સ્વરૂપને નિહાળો અને મારા ચતુર્ભુજ સ્વરૂપનું ધ્યાન સતત તમારા પતિના શરીરમાં કરશો તો હું તમારે ત્યાં પુત્રરૂપે આવીશ. એક સ્વરૂપનું વારંવાર ચિંતન કરેએટલે તે અધિકારીનું સ્વરૂપ મનમાં ઠસી જાય છે. અદિતિ અને કશ્યપ નારાયણનું ધ્યાન કરે છે. અદિતિ અને કશ્યપની વૃત્તિ નારાયણ બની ગઈ ત્યારે નારાયણ પધાર્યા.

ભાદરવા સુદ બારસ મધ્યાહન કાળે માતા અદિતિ સન્મુખ વામન ભગવાન પ્રગટ થયા. કશ્યપ દોડતા વામન ભગવાનનાં દર્શન કરવા આવ્યા.માતાપિતાને ભાન કરાવવા ભગવાને ચતુર્ભુજ સ્વરૂપ બતાવ્યું. હ્રદયમાં આનંદ સમાતો નથી.ચતુર્ભુજ નારાયણનું સ્વરૂપ અદ્દશ્ય થયું અને સાત વર્ષના બટુક વામન સ્વરૂપે પ્રગટ થયા.સુંદર લંગોટી પહેરી છે. દિવ્ય તેજ છે. બ્રહ્માદિક દેવોએ કશ્યપને ધન્યવાદ આપ્યો કે, તમારો ગૃહસ્થાશ્રમ સફળ થયો. આજે તમે જગતના પણ પિતા બન્યા છે.

વામનજીએ બાળલીલા કરી નથી કારણકે પ્રગટ થયા ત્યારે સાત વર્ષના હતા.સાત વર્ષના બટુક વામનજીને જનોઈ આપવાનો નિર્ણય થયો. બ્રાહ્મણને જનોઈ આપવામાં આવે છે, ત્યારે તેનો બ્રહ્મસંબંધ થાય છે. જનોઈનો મંત્ર, પિતા પુત્રને કહે છે, આજથી તું મારો નહીં, આજથી તું ઈશ્વરનો થયો.તે દિવસે છેલ્લું માતા સાથે ભોજન કરવામાંઆવે છે. જનોઈ આપ્યા પછી માબાપ પણ બદલાય છે.પિતા થાય છે સૂર્યનારાયણ અને માતા બને છે ગાયત્રી માતા.જનોઈ એ વેદોએ આપેલી ચપરાસ છે.એ ચપરાસ પહેરી જીવ કહે છે કે,હવે હું નારાયણનો સેવક છું.

શાસ્ત્રોક્ત સંસ્કાર કરવાથી જીવની શુદ્ધિ થાય છે અને તેના નિષ્કૃષ્ઠ ભાવોની ઉન્નતિ થાય છે, પણ સંસારની પરંપરા આજે નષ્ટ થઈ છે. તેથી સંયમ અને સદાચાર નષ્ટ થાય છે.જનોઈ હાથે બનાવવી જોઈએ. સૂતરને છનું વખત લપેટવું પડે છે. વેદોમાં કર્મ અને ઉપાસનાના મંત્રો છનું હજાર છે. તે ભણવાનો અધિકાર તેથી મળે છે. વેદના મંત્ર એક લાખ છે પણ ચાર હજાર મંત્રો સંન્યાસી માટે છે. બાકીના છનું હજાર કર્મો અને ઉપાસનાના મંત્રો છે. જનોઇને બનાવનાર બ્રહ્મા અને ત્રિગુણાતીત કરનાર વિષ્ણુ છે. જનોઇને ગાંઠ આપનાર શિવજી અને અભિમંત્રિત કરનાર ગાયત્રી દેવી છે.એક-એક ધાગામાં એક- એક દેવીની પ્રતિષ્ઠા કરવામાં આવે છે, તેથી તેને લોઢાનો સ્પર્શ ન કરાવવો. જનોઇનો હેતુ ચાવી લટકાવવા માટે નથી.

વામનજી મહારાજને જનોઈ આપવામાં આવે છે. અદિતિએ લંગોટી આપીછે.ધરતીએ આસન બ્રહ્માએ કમંડળ,સરસ્વતીએજપ માળા અને કુબેરે ભિક્ષાપાત્ર આપ્યું છે. આજે છેલ્લે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો એક રાજા પોતાની પ્રજાની ખૂબ કાળજી રાખતો હતો. અચાનક, તેના રાજ્યમાં ચોરીની અસંખ્ય ફરિયાદો આવવા લાગી.તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં,ચોર ક્યારેય પકડાયો નહીં.

નિરાશ થઈને,રાજાએ જાહેરાત કરી કે જે કોઈ ચોરી કરતા પકડાશે તેને મૃત્યુદંડની સજા આપવામાં આવશે.બધી જગ્યા એ સૈનિકો તૈનાત કરવામાંઆવ્યા જાહેરાત પછી ત્રણ-ચાર દિવસ સુધી ચોરીની કોઈ ફરિયાદ મળી નહીં.

તે રાજ્યમાં એક ચોર હતો જે ચોરી સિવાય બીજું કંઈ જાણતો ન હતો.તેણે વિચાર્યું,'મારું એક માત્ર કામ ચોરી કરવાનું છે. જો હું ડરમાં જીવતો રહીશ, તો હું ભૂખે મરશે. જો હું ચોરી કરતાપકડાઈશ તો પણ હું મરી જઈશ.ભૂખેમરવા કરતાં ચોરી કરવી સારી છે.'

તે રાત્રે, તે ચોરી કરવા માટે એક ઘરમાં ઘૂસી ગયો. ઘરના લોકો જાગી ગયા. તેઓ બૂમો પાડવા લાગ્યા, અને ચોર ભાગી ગયો. ફરજ પરના રક્ષકોએ તેનો પીછો કર્યો.ચોર પોતાનો જીવ બચાવવા શહેરની બહાર ભાગી ગયો.તેણે પાછળ ફરીને જોયું તો ઘણા સૈનિકો તેનો પીછો કરી રહ્યા હતા તેમને હરાવીને ભાગી જવું શક્ય નહોતું. દોડવાથી તેનો જીવ બચી શક્યો નહીં; તેણે કોઈ રણનીતિ બનાવવી પડશે.

ચોર શહેરની બહાર એક તળાવ પાસે પહોંચ્યો. તેણે પોતાના બધા કપડાં ઉતારીને તળાવમાં ફેંકી દીધા. અંધારાનો લાભ લઈને તે એક વડના ઝાડ નીચે પહોંચ્યો.

બગલા વડના ઝાડ પર રહેતાહતા તેના મૂળ પાસે બગલાના મળ હતા.ચોરે તે મળ ઉપાડ્યા,તેને તિલક તરીકે લગાવ્યો અને ધ્યાન કરવામાં મગ્ન હોવાનો ડોળ કરીને આંખો બંધ કરીને બેસી ગયો.

થોડી વાર પછી, સૈનિકો પણ ત્યાં પહોંચ્યા, પરંતુ તેઓ ચોરને જોઈ શક્યા નહીં.જેમજેમ તેઓ શોધતા ગયા,તેમતેમ પ્રકાશ થયો, અને તેમની નજર બાબાના વેશ માં ચોર પર પડી.

સૈનિકોએ પૂછ્યું, 'બાબા, શું તમે કોઈને આ રીતે આવતા જોયા છે?' પણ બાબા નકલી છે.તે ધ્યાનમાં બેઠો હતો. તેને ખબર હતીકે જો તે બોલશે તો તે પકડાઈ જશે,તેથી તે મૌન બાબા બની ગયો અને ધ્યાનમાં હોવાનો ડોળ કરતો રહ્યો.

સૈનિકોને થોડી શંકા ગઈ પણ તેઓ શું કરી શકે? જો તે ખરેખર સંત નીકળે તો શું?છેવટે તેઓ ગુપ્ત રીતે તેના પર નજર રાખતા રહ્યા. ચોરને આ વાતનો ખ્યાલ આવી ગયો.પોતાનો જીવ બચાવવા માટે,તે પણ ચૂપચાપ બેસી રહ્યો.

એક દિવસ,બે દિવસ,ત્રણ દિવસ પસાર થયા અને બાબા બેઠારહ્યા શહેરમાં ચર્ચા શરૂ થઈ કે કોઈ સિદ્ધ સંત કોણ જાણે કેટલા સમયથી ખાધા-પીધા વગર ધ્યાનમાં બેઠા છે.સૈનિકોએ અચાનક તેને જોયો. શહેરભરમાંથી લોકો બાબાના દર્શન કરવા આવવા લાગ્યા. ભક્તોનો મોટો મેળો ભેગો થવા લાગ્યો.રાજા સુધી આ વાત પહોંચી, જે પોતે તેમને મળવા આવ્યા. રાજાએ તેમને શહેરની મુલાકાત લેવા અને તેમની સેવા કરવાનો લહાવો આપવા વિનંતી કરી.

ચોરને લાગ્યું કે આ તેમના માટે ભાગી જવાનો મોકો છે.તે રાજવી મહેમાન બનવા સંમત થયો. બધા એ,ઉત્સાહથી તેમની સેવા કરતા, તેમને શહેરમાંથી પસાર કર્યા.

લોકોનો પ્રેમ અને ભક્તિ જોઈને, ઢોંગીનું હૃદય બદલાઈ ગયું.તેને સમજાયું કે જો કોઈ નકલી વ્યક્તિને આટલો આદર મળે છે, તો એક સાચા સંતને કેટલું સન્માન મળે છે.તેનું મન સંપૂર્ણ પણે બદલાઈ ગયું,અને તેણે ચોરી નો ત્યાગ કર્યોઅને સન્યાસીબન્યો

શિક્ષણ, સંગ, વાતાવરણ અને લાગણીઓ વ્યક્તિમાં અભૂતપૂર્વ પરિવર્તન લાવી શકે છે.લૂંટારા રત્નાકરને ગુરુ મળ્યો,પ્રેરણા મળી અને તે પ્રથમ કવિ બન્યો. કોઈ સંત ન હોય તો પણ તે સંત બની શકે છે જો તેને કોઈ માર્ગ દર્શન આપનાર મળે.

તમારી સંગતિ શુદ્ધ રાખો,અને દુર્ગુણો આપમેળે ભાગવા લાગશે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# ઝાલોદના વોર્ડ નં. 2 માં રાજસ્થાન-સંજેલીના મતદારોના નામ મળી આવતાં ચકિત નગરજનો

## મૃત વ્યક્તિઓ અને સ્થળાંતર કરેલા લોકોના નામ પણ યાદીમાં : SIR અભિયાન દરમિયાન અનેક ગડબડીઓ બહાર


YMB1992742 373 નામ : ફ્વશસ્બેન મોડાસીયા પતિનું નામ : નિશાસ્ભાઈ મોડાસીયા ઘર નંબર : 180 ઉંમર : 26 જાતિ : સ્ત્રી
YMB1992775 376 નામ : અ સલામ ગુડાલા પિતાનું નામ : અ સત્તાર ગુડાલા ઘર નંબર : 190 ઉંમર : 78 જાતિ : પુરુષ
FWM3072469 378 નામ : નહેદાબીબી ગુડાલા પતિનું નામ : રહીમભાઈ ગુડાલા ઘર નંબર : 190 ઉંમર : 38 જાતિ : સ્ત્રી
YMB2238954 નામ : હનીફાબીબી ગુડાલા પતિનું નામ : અ.સલામ ગુડાલા ઘર નંબર : 190 ઉંમર : 76 જાતિ : સ્ત્રી
YMB0683227 380 નામ : સાયરાબાનુ ગુડાલા પિતાનું નામ : અ.સલામ ગુડાલા ઘર નંબર : 190 ઉંમર : 42
FWM4261681 382
YMB1992767
YMB2238988
FWM1375161

**ઝાલોદ, તા.23**

ઝાલોદ નગરના વોર્ડ નંબર 2 માં ચાલી રહેલા SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) અભિયાન દરમિયાન મતદારયાદીમાં ગંભીર ગડબડીઓ સામે આવી છે. રાજસ્થાન અને સંજેલી તાલુકાના ઝાલોદમાં ન રહેતા 100 થી વધુ લોકોના નામ, તેમજ મૃતક લોકો અને સ્થળાંતર કરેલા નાગરિકોના નામો મતદાર યાદીમાં જોવા મળતા નગરજનોમાં અચંબો અને ચિંતાનો માહોલ છે.

વહીવટી તંત્રની ક્ષતિ કે વ્યક્તિગત બેદરકારી?

બન્ને જગ્યાએ નામ ચાલતા મતદારો પર સવાલો

ઝાલોદ તાલુકો રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર પર સ્થિત હોવાથી ઘણા લોકો વેપાર-રોજગારને કારણે રાજસ્થાન, એમપી અને અન્ય રાજ્યોમાં રહે છે. તેમાંથી અમુક લોકોએ બીજા રાજ્યોની મતદારયાદીમાં પોતાનું નામ નોંધાવ્યું હોવા છતાં ઝાલોદની યાદીમાંથી નામ ઘટાડવામાં આવ્યાં નથી.

ફળરૂપે કેટલાક લોકોના એક સાથે બે વિસ્તારોમાં મતદાર અધિકાર ચાલતા હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે –

"આ ભૂલ વહીવટી તંત્રની છે કે બે વિસ્તારોમાં નામ નોંધાવનારાઓની?"

ક્યારેય બે જગ્યાએ મતદાન તો નથી કર્યું?

ચૂંટણીની નિષ્પક્ષતાને લઈને આશંકા

નગરજનોમાં ચર્ચા છે કે આવા મતદારોએ પાછલી કોઈ ચૂંટણીમાં ખોટું મતદાન કરી ચૂંટણીઓને અસર કરી હોવાનું પણ શક્ય છે.

કેટલાક કિસ્સામાં ઉમેદવારો આવા મતદારોને ખાસ બોલાવી મતદાન કરાવતા હોવાનો સંદેહ પણ વ્યક્ત કરાયો છે.

નાઝીમ ગુડાલાની 2022ની અરજી છતાં કાર્યવાહી નહીં

ઝાલોદના જાગૃત નાગરિક નાઝીમ ગુડાલાએ 2022માં પ્રાંત અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી કે 100થી વધુ બિનરહેવાસી મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવે.

તેમ છતાં આજદિન સુધી ક્ષતિમાં કોઈ સુધારો થયો નથી, જે વહીવટી તંત્રની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઉભું કરે છે.

આદિવાસી સમાજ માટે નામ સુધારણા એક વિકટ સમસ્યા

ઝાલોદ તાલુકામાં મોટા પ્રમાણમાં આદિવાસી સમાજ વસે છે. રોજગારની અછતને કારણે તેઓ અન્ય વિસ્તારોમાં જતાં હોવાથી મતદાર યાદીમાં નામ સુધારણા અને સમાયોજન મોટો પડકાર બની રહે છે.

મુખ્ય મુદ્દાઓ એક નજરે (કોષ્ટક)

| મુદ્દો | વિગતો |
|---|---|
| ગડબડી ક્યાં સામે આવી? | ઝાલોદ નગરપાલિકા - વોર્ડ નં. 2 |
| કયા પ્રકારની ભૂલો મળી? | રાજસ્થાન અને સંજેલીના લોકોના નામ, મૃતકોના નામ, સ્થળાંતર કરેલા લોકોના નામ |
| અંદાજિત સંખ્યા | 100થી વધુ નામો |
| કોની રજૂઆત છતાં કાર્યવાહી નથી? | નાઝીમ ગુડાલા દ્વારા 2022માં અરજી |
| અભિયાન | SIR - સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (મતદાર પુનઃ નિરીક્ષણ) |
| મુખ્ય આશંકા | બે અલગ વિસ્તારોમાં મતદાન કરવાનું સંભવિત જોખમ |
| જવાબદારી કોણે લેવી? | વહીવટી તંત્ર + દ્વિ-સ્થાને નામ ધરાવતા મતદારો |

હાલની સ્થિતિ

ઝાલોદમાં BLO દ્વારા મતદાર યાદી સુધારણાનું કામ ચાલુ છે. કેટલા મતદારો ખોટા નોંધાયેલા હતા, કેટલાના નામ દૂર થશે અને કેટલા નવા ઉમેરાશે તેની સ્પષ્ટ માહિતી અભિયાન પૂર્ણ થયા બાદ જ બહાર આવશે.

# ધ્રોલ-ઝાલોદ એસ.ટી. બસમાં મુસાફરનો થેલો ભૂલાયો, કંડક્ટરે સામાન પરત આપતાં માનવતા ઝળકી....

## રોકડ રકમ અને દસ્તાવેજો સહિતની બેગ સહીસલામત મળતાં મુસાફરે ડ્રાઈવર, કંડક્ટર અને એસ.ટી. વિભાગનો માનપૂર્વક આભાર માન્યો



**ઝાલોદ, તા.23**

ઝાલોદ તાલુકાના જાફરપૂરા ગામના રહેવાસી તથા જામનગર ડિવિઝનના ધ્રોલ ડેપોમાં કંડક્ટર તરીકે ફરજ બજાવતા મેહુલભાઈ ભેદી એ માનવતા અને પ્રામાણિકતાનો સુંદર દાખલો પુરો પાડ્યો છે. તારીખ 22-11-2025 ના રોજ સાંજે 6:30 વાગ્યે GJ-18-ZT-2241 નંબરની ધ્રોલ-ઝાલોદ એસ.ટી. બસ મુસાફરો સાથે નીકળેલી.

રાત્રે 8:15 કલાકે બસ રાજકોટ પહોંચ્યા બાદ 24-25-26 નંબરની સીટે મુસાફરી કરેલા કમલેશ સોલંકી અને બીજા એક વ્યક્તિ ગોધરાની ટિકિટ લઈ ઉદલપુર ખાતે ઉતરી ગયા હતા. થોડા સમય બાદ તેમને ધ્યાનમાં આવ્યું કે તેમની બેગ બસમાં જ રહી ગઈ છે.

તેઓએ તરત જ ગોધરા ડેપો સંપર્ક કર્યો. ગોધરા ડેપોએ બસના કંડક્ટર મેહુલભાઈ ભેદી સાથે વાત કરી ખોવાયેલી બેગ અંગે ખરાઈ કરી. કંડક્ટરે બેગ સુરક્ષિત રાખીને ઝાલોદ ડેપોના કંટ્રોલ રૂમમાં જમા કરાવી હતી.

બાદમાં બેગના માલિકને ઝાલોદ ડેપો ખાતે બોલાવવામાં આવ્યા. બેગની અંદરનો સમાન ચકાસતા મુસાફરને પોતાની રોકડ રકમ, મહત્વના દસ્તાવેજો અને અન્ય સામાન સહીસલામત મળી ગયો. પોતાનો ખોવાયેલો સામાન યથાવત્વે મળતા મુસાફરના ચહેરા પર આનંદ છલકાયો હતો અને તેમણે કંડક્ટર, ડ્રાઈવર અને એસ.ટી. વિભાગનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

કંડક્ટર મેહુલભાઈ ભેદી દ્વારા દર્શાવાયેલી ઈમાનદારી, ફરજનિષ્ઠા અને માનવતાનું આ કાર્ય એસ.ટી. વિભાગ માટે ગૌરવજનક છે તેમજ સમાજ માટે પ્રેરણાદાયી ઉદાહરણરૂપ છે.

# ઝાલોદ નગરમાં હવાના ગુણવત્તાનો સ્તર અત્યંત નાજુક - AQI 161 પર પહોંચતા આરોગ્ય જાળવવા તકેદારી રાખવી હિતાવહ

## બિમાર રહેતા નાગરિકોને વધારે સાવચેતી રાખવી તેમજ ઘરમાં રહેવા અને બહારના પ્રદૂષકો થી દૂર રહેવું જોઈએ

**ઝાલોદ, તા.23**

ઝાલોદ તાલુકામાં આજે હવાના ગુણવત્તાનો સ્તર (AQI) 161 નોંધાયો છે, જે 'ખૂબ જ અસ્વસ્થ' કેટેગરીમાં આવે છે. હવામા વધતા પ્રદૂષક કણોને કારણે નાગરિકોના આરોગ્ય પર પ્રતિકલ અસર થવાની શક્યતા વધતી દેખાઈ રહી છે. હાલની સ્થિતિ મુજબ સંવેદનશીલ જૂથો - જેમકે વૃદ્ધો, દમ, હાર્ટ અથવા શ્વાસની તકલીફ ધરાવતા લોકો અને નાના બાળકો પર તાત્કાલિક અસર થવાની સંભાવના વધુ છે. નિષ્ણાતોના મત મુજબ આવા લોકોને શક્ય તેટલું બહાર જવાનું ટાળવું જોઈએ અને ઘરના અંદર રહેવા વધુ હિતાવહ છે. કોઈ કારણસર બહાર જવું પડે તો માસ્કનો ઉપયોગ ખાસ જરૂરી છે. સ્વસ્થ વ્યક્તિઓને પણ ગળામાં




બળતર, આંખોમાં ચણકાટ, અને શ્વાસ લેવામાં તકલીફ જેવી સમસ્યાઓ અનુભવાય તેવી શક્યતા છે. પર્યાવરણ નિષ્ણાતો મુજબ ઝાલોદમાં વધતું પ્રદૂષણ ચિંતાજનક છે અને નાગરિકોને આગામી દિવસોમાં હવાનું ગુણાનુમાન ધ્યાનમાં રાખીને સાવચેતી અપનાવવા વિનંતી કરવામાં આવી છે. નાગરિકોએ જરૂર પડે ત્યારે ઘરના બારણા-ખિડકીઓ બંધ રાખવા, ધૂળ-ધુમાડા વાળા વિસ્તારોમાં ન જવા અને પ્રદૂષકોથી બચવા તકેદારી રાખવી જોઈએ.

# ઝાલોદ રામદ્વારા મંદિરમાં માતાના પ્રાગટ્ય દિને આનંદના ગરબા - ભક્તિમય વાતાવરણમાં ધૂમધામ

## માઁ શક્તિ મહિલા મંડળ તથા રામદ્વારા મહિલા સમૂહ દ્વારા સંગીત-ભજન સાથે ભક્તિનો અનોખો સંગમ

**ઝાલોદ, તા.23**

રામદ્વારા મંદિર ખાતે પ્રતિવર્ષે ઉજવાતા માતાના પ્રાગટ્ય દિવસ નિમિત્તે આ વર્ષે પણ ભવ્ય અને ભક્તિમય આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. પટેલ સમાજની બહેનોના 'માઁ શક્તિ મહિલા મંડળ' તેમજ રામદ્વારા મહિલા મંડળના ગ્રુપે મળીને આ આયોજને અનોખું ધાર્મિક સૌંદર્ય સર્જ્યું હતું.





મહિલા મંડળે ગવાયેલા તાલબદ્ધ આનંદનાં પરંપરાગત ગરબા, ભજન, પૂજન અને કીર્તનના અનોખા કાર્યક્રમોથી સમગ્ર મંદિર પરિસર ભક્તિમય રંગે રંગાઈ ગયું હતું. બહેનોએ એકસરખા પહેરવેશ સાથે રજૂ કરેલા ગરબા અને રાસે ઉપસ્થિત ભક્તોમાં વિશેષ આકર્ષણ પેદા કર્યું હતું. ગરબા સાથે જોડાયેલી માતાની આરાધના, પૂજા અને ભક્તિની લાગણીના સંગમથી મંદિર પરિસરમાં દિવ્ય અનેરો માહોલ સર્જાયો હતો. માતાની શક્તિ અને ભક્તિના તરંગોમાં ઉપસ્થિત ભક્તો ઝૂમી ઉઠ્યા હતા. ભાવભીની ભક્તિ સાથે ગવાતા ગરબા અને કીર્તનથી કાર્યક્રમ દરમિયાન સૌ કોઈ આનંદમાં તરબોળ થઈ ગયેલ હતા.

કાર્યક્રમના અંતે માતાની મહાઆરતી ઉત્સાહભેર કરવામાં આવી હતી. ત્યારબાદ રામદ્વારા મંદિર પરિવાર તરફથી ઉપસ્થિત તમામ ભક્તો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો.

મુખ્ય આકર્ષણો :

માઁ શક્તિ મહિલા મંડળ દ્વારા આનંદનાં પરંપરાગત ગરબા

એકસરખા પહેરવેશમાં માણેલા તાલબદ્ધ ગરબા

ભજન, કીર્તન, પૂજન અને આરતીનો ભક્તિમય સંગમ

રામદ્વારા મહિલા મંડળનું વિશેષ જોડાણ

અંતે મહાઆરતી અને મહાપ્રસાદ

# એન્ટિબાયોટિક્સનો ઓવરડોઝ : લોકોનું આરોગ્ય કથળી રહ્યું છે

લોકો હવે એન્ટિબાયોટિક્સ લેતા હોય છે તો પણ તેમની બિમારી ઝડપથી મટતી નથી અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો આવતો નથી. અવિચારી ઉપયોગોએ દેશમાં સુપરબગ્સની સ્થિતિ ઊભી કરી દીધી છે : 1928માં લંડનના એક મેડિકલ ઈન્સ્ટિટયૂટમાં સ્કોટલેન્ડના વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર ફ્લેમિંગે વાઈરસ અને બેક્ટેરિયા ઉપર શોધ કરવા દરમિયાન પહેલી વખત પેનિસિલિન નામની એન્ટિબાયોટિકની શોધ કરી હતી. તે દુનિયાની પહેલી એન્ટિબાયોટિક હતી : દેશમાં દર વર્ષે સાત લાખ લોકો એન્ટિબાયોટિકની આડઅસરો અને તેનાથી સર્જાતી સુપરબગ સ્થિતિનો સામનો કરતા હોય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ પણ અંદાજ માંડયો છે કે, લોકોમાં સુધારો નહીં થાય તો 2050 સુધીમાં ભારત સહિત વિશ્વમાં લગભગ એક કરોડ લોકોના દર વર્ષે મૃત્યુ થઈ શકે છે




દેશમાં એક તરફ મેડિકલ ક્ષેત્રમાં વિવિધ સંશોધન કરીને લોકોનું આયુષ્ય વધારે લાંબુ કરવા મથામણ કરી રહ્યા છે અને નવી દવાઓ અને ફોર્મ્યુલા લાવી રહ્યા છે ત્યાં લોકો જાતે જ પોતાના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યા છે. માત્ર લોકો જ નહીં પણ ઘણી ફાર્મા કંપનીઓ માત્ર નફાખોરી માટે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહી છે.

સામાન્ય રીતે કોઈપણ બિમારીમાં ઝડપી અને સચોટ સારવાર માટે એન્ટિબાયોટિકનો ઉપયોગ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે અને તેના કારણે આ દવાઓનું બજાર પણ મોટું અને નફો કરાવતું છે. સંશોધકોએ ચેતવણી આપી છે કે, લોકો દ્વારા જે રીતે એન્ટિબાયોટિક દવાઓનો અવિચારી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે તમામ દવાઓ તેમના શરીરને વધારે ખરાબ કરી રહી છે. સ્થિતિ એવી થઈ રહી છે કે, લોકો હવે એન્ટિબાયોટિક્સ લેતા હોય છે તો પણ તેમની બિમારી ઝડપથી મટતી નથી અને તેમના સ્વાસ્થ્યમાં સુધારો આવતો નથી. અવિચારી ઉપયોગોએ દેશમાં સુપરબગ્સની સ્થિતિ ઊભી કરી દીધી છે.

ઉલ્લેખનીય છે કે, ૧૯૨૮માં લંડનના એક મેડિકલ ઈન્સ્ટિટયૂટમાં સ્કોટલેન્ડના વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર ફ્લેમિંગે વાઈરસ અને બેક્ટેરિયા ઉપર શોધ કરવા દરમિયાન પહેલી વખત પેનિસિલિન નામની એન્ટિબાયોટિકની શોધ કરી હતી. બીજા વિશ્વયુદ્ધમાં જ્યારે લાખો સૈનિકો સંક્રમણથી મરતા હતા ત્યારે પેનિસિલિન એક વરદાન સાબિત થઈ હતી. તેનાથી અગણિત સૈનિકોનો જીવ બચાવી શકાયો હતો. પેનિસિનિલ દ્વારા જ આધુનિક વિજ્ઞાનનો માર્ગ પ્રશસ્ત થયો અને એન્ટિબાયોટિક યુગની શરૂઆત થઈ. નવાઈની વાત એ છે કે, ૧૯૪૫ બાદ ફ્લેમિંગે જ ચેતવણી આપી હતી કે, એન્ટિબાયોટિક દવાઓનો અતિશય ઉપયોગ પ્રતિરોધ જન્માવશે અને દવાની અસર જ નહીં થાય.

ફ્લેમિંગની વાત હવે સાચી પડી રહી છે. તે સમયે જે કહેવામાં આવ્યું હતું તે હવે લોકો ભોગવી રહ્યા છે. ભારત જેવા દેશમાં એન્ટિબાયોટિક દવાઓનો ઉપયોગ માથાનો દુ:ખાવો બની ગયો છે. લોકો ડોક્ટરની સલાહથી એન્ટિબાયોટિક દવા લઈ લે છે અને ફરીથી બિમારી આવે ત્યારે જાતે જ તે દવા લઈ આવે છે. તે ઉપરાંત દવાઓનો ડોઝ ઓછો લે છે અથવા તો નાની-મોટી બિમારીમાં પણ તેનો ઉપયોગ કરવા લાગે છે. તેના કારણે શરીરમાં જે-તે બિમારીના બેક્ટેરિયા અને વાઈરસ ધીમે ધીમે દવાથી જ ટેવાઈ જાય છે અને તેઓ સુપરબગ બનીને સામે આવે છે. તેના કારણે લોકો વધારે બિમાર પડે છે.

સ્થિતિ એવી થાય છે કે, આ લોકોને સામાન્ય દવાઓ અસર કરતી નથી. તે ઉપરાંત એન્ટિબાયોટિકનો વધારે ડોઝ તેમના શરીરને વધારે જોખમમાં મુકે છે. લોકોને દવાનો ખર્ચ વધતો જાય છે પણ તેમના સ્વાસ્થ્યમાં કોઈ સુધારો થતો નથી. આ દવાઓનો અતિશય ઉપયોગ ઉપરથી નવી બિમારીઓને જન્મ આપે છે. તેના પગલે લોકોના શરીરની સ્થિતિ એવી થઈ જાય છે કે, તેમને સામાન્ય ખાંસી, તાવ કે શરદી થયા હોય અથવા તો સામાન્ય ઈજા થઈ હોય તો તેમની સારવાર કરવી પણ મુશ્કેલ બની જાય છે. તેમને દવાઓ અસર જ કરતી નથી. પહેલાં જે બિમારીઓનો ઈલાજ સામાન્ય અને સસ્તી દવાઓથી થતો હતો તેની સારવાર લેવા માટે અને તેમાંથી બહાર આવવા માટે મોંઘાદાટ ઈન્જેક્શનો અને દવાઓ લેવા પડે છે. આ લોકોને સારવાર માટે વારંવાર તપાસ કરાવવી પડે છે, વારંવાર ડોક્ટર પાસે જવું પડે છે અને તેમના માટે વિવિધ કોમ્બિનેશનની દવાઓ બનાવવી પડે છે.

# ચીનનો તરતો ટાપુ, પરમાણુ યુદ્ધથી બચી શકાય... પરમાણુ હુમલો કરી શકાય

## 78000 ટનનો ટાપુ દરિયામાં હાહાકાર મચાવી શકે તેવી ટેકનોલોજીથી સજ્જ, અમેરિકા-રશિયા-ફ્રાન્સ જેવા દેશો આવો ટાપુ ન બનાવી શક્યા

કૃત્રિમ ટાપુમાં 238 લોકો ચાર મહિના સુધી રહી શકે તેવી બધી જ વ્યવસ્થા છે. એમાં સબમરીન, લડાકુ વિમાનોનો કાફલો હશે. સમુદ્રમાં યુદ્ધ થાય ને કોઈ દેશ ચીનના આ ટાપુ પર પરમાણુ બોમ્બ ફેંકે તો પણ એને કશું નહીં થાય. ચીન મધદરિયે આ ટાપુને પરમાણુ મથક બનાવશે, પરમાણુ બોમ્બ તૈનાત રખાશે. જરૂર પડયે એમાંથી જ હુમલો કરી શકાશે. વિષમ વાતાવરણમાં પણ ટાપુને નુકસાન નહીં થાય. 125 લાંબા અને 280 ફૂટ પહોળા ટાપુને 30 ફૂટ સુધીનાં તોફાની દરિયાઈ મોજાં પણ ક્ષતિ પહોંચાડી શકશે નહીં

અમેરિકાને ચીનનો ડર છે. એ ડર પાછળના કારણોય છે. ચીન દુનિયાનું સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. અમેરિકાનું અર્થતંત્ર ૨૮ ટ્રિલિયન ડોલર છે. ચીન ૨૦ ટ્રિલિયન ડોલર સાથે બીજા નંબરે છે. એક્સપોર્ટની બાબતમાં ચીનને દુનિયાનો એકેય દેશ ટક્કર આપી શકતો નથી. રમકડાંથી લઈને, લાઈટ્સ, સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ઈલેક્ટ્રિક વાહનો, દવાઓ, સ્પોર્ટ્સના સાધનો સુધીનું કંઈ કેટલુંય ચીન દુનિયાના ખૂણે ખૂણે સસ્તાં ભાવે પહોંચાડે છે. ફોરેન પોલિસીમાં છેક બે દશકા પહેલાં સુધી એમ મનાતું કે અમેરિકાને કોઈ ટક્કર આપી શકે તેમ નથી, પરંતુ હવે ચીનનો પથારો યુરોપથી આફ્રિકા સુધી પહોંચી ચૂક્યો છે. પહેલાં અમેરિકા જરૂરિયાતમંદ દેશોને લોન આપીને ઋણી બનાવી દેતું હતું. આજે એ કામ ચીન કરે છે. પાકિસ્તાનથી, બાંગ્લાદેશ, શ્રીલંકા, કેન્યા, બેલારૂસ જેવા ૩૦થી વધુ દેશો ચીનના કરજ હેઠળ દબાયેલા છે અને એ દેશો ભૂરાજકીય સ્થિતિમાં વ્યૂહાત્મક રીતે બહુ મહત્ત્વના છે. અમેરિકા જરૂર પડયે બધા ખંડોમાં લશ્કરી મથકો બનાવીને દુશ્મન દેશોને ડરાવી શકે એવી સ્થિતિ હવે ચીન પહોંચી ચૂક્યું છે.

સાયન્સ અને ટેકનોલોજીના રિસર્ચમાં ચીન અમેરિકાને ટક્કર જ નથી આપતું. અંતરીક્ષ વિજ્ઞાનમાં ચીને બહુ ઓછા સમયમાં કાઠું કાઢ્યું છે. સ્પેસ આર્મી બનાવનારો પણ ચીન પહેલો દેશ બન્યો હતો. લશ્કરી સામગ્રી, હથિયારો વગેરેના ઉત્પાદનમાં ચીનની નોંધ લેવી પડે છે. અમેરિકા, રશિયા, ફ્રાન્સ પછી ડિફેન્સ એક્સપોર્ટમાં ચીન ચોથા ક્રમે છએ. સસ્તાં હથિયારો અને લશ્કરી સામગ્રી આપવાની ચીનની પૉલિસી તેને ગ્લોબલ ડિફેન્સ માર્કેટમાં ગ્રાહકો શોધી આપે છે. પ્રોડક્શન કોસ્ટ ખૂબ નીચી રાખીને જથ્થાબંધ ઉત્પાદન કરવાની ચીનની આવડતને કોઈ દેશ ટક્કર આપી શકતો નથી. એ માટે ચીન કરોડો કામદારોનું શોષણ કરે છે, તેમ છતાં એના કારણે જ ગ્લોબલ માર્કેટમાં ચીનની ચીજવસ્તુઓ પહોંચી ગઈ છે.

આ બધા કારણોથી અમેરિકાને સમજાયું છે કે રશિયા નહીં, ચીન ખરો ખતરો છે. સેન્ટર ફોર આર્મ્સ કંટ્રોલ એન્ડ નોન પ્રોલિફરેશન નામની અમેરિકન થિંક ટેંક ચિંતા વ્યક્ત કરી કે અમેરિકન સરકારે રશિયાના પરમાણુ હથિયારો પર



જેટલું ધ્યાન આપ્યું છે એટલું ચીનના પરમાણુ હથિયારો પર આપ્યું નથી. ચીનના પરમાણુ હથિયારોથી એશિયામાં મોટો ખતરો સર્જાયો છે. હથિયારો, સૈન્યનું સંખ્યાબળ, લડાકુ વિમાનો, સબમરીન અને પરમાણુ હથિયારોની રીતે ગણતરી થાય તો રશિયા-ચીન એકઠા થઈને અમેરિકા-ફ્રાન્સ-બ્રિટનની ધરી પર આજની તારીખે ભારે પડી શકે અને જો ચીન-અમેરિકાની સીધી ટક્કર થાય તો સંભવતઃ ચીન બાજી મારી જાય તો નવાઈ પામવા જેવું નહીં હોય. ચીન સતત એ દિશામાં આગળ વધતું રહે છે. એવું જ એક નવું કારનામું ચીને કરી બતાવ્યું છે, જે ચીન-રશિયા કે ફ્રાન્સ કે બ્રિટન જેવા દેશો પણ કરી શક્યા નથી. ચીને દુનિયાનો પ્રથમ હરતો ફરતો મિલિટરી ટાપુ બનાવ્યો છે. એ ટાપુની ખાસિયત માત્ર એટલી નથી કે એ દરિયામાં તેની જગ્યા બદલી શકે છે. તેની ખાસિયતો એનાથી ક્યાંય વધારે છે. ચીનનો ૭૮ હજાર ટન વજન ધરાવતો ટાપુ એવી રીતે ડિઝાઈન થયો છે કે તે દરિયામાં યુદ્ધ થાય તો દુશ્મનો પર હાહાકાર મચાવી શકે. ચાર-ચાર મહિના સુધી ૨૩૮ લોકો રહી શકે એવી સુવિધા ધરાવતો આ ટાપુ પરમાણુ હુમલાથી બચી શકે છે. તેના પર દુશ્મન દેશ હવામાંથી પરમાણુ હુમલો કરે તો પણ એને કશું નહીં થાય. એટલું જ નહીં, આ હરતાં ફરતાં ટાપુમાંથી ચીન દુશ્મન દેશના લશ્કર પર પરમાણુ બોમ્બ ફેંકી શકે છે. એમાં સબમરીન, લડાકુ વિમાનોનો કાફલો હશે અને પરમાણુ બોમ્બ તૈનાત રખાશે. દરિયામાં સુનામી આવે કે વાવાઝોડું ત્રાટકે તો ૩૦ ફૂટ સુધીના તોફાની મોજાં ઉછળે છતાં ટાપુ અડીખમ રહેશે. જુદા-જુદા ૧૭ પ્રકારના દરિયાઈ તોફાનો સામે ઝીંક ઝીલી શકે એવી રીતે ટાપુની ડિઝાઈન બની છે.

૧૨૫ ફૂટ લાંબો અને ૨૭૯ ફૂટ પહોળો આ કૃત્રિમ તરતો ટાપુ શાંઘાઈ જિયો ટોંગ યુનિવર્સિટીના સંશોધકોએ બનાવ્યો છે. જો એમાં પાવર ખોરવાઈ જાય તો દરિયાના પાણીમાંથી સ્વયં ઉર્જા બનાવીને બધા મશીનો ચાલે એવી ગોઠવણ થઈ છે. કોમ્યુનિકેશન સિસ્ટમ ખોરવાઈ જાય તો પણ એનો બેકઅપ તૈયાર કરાયો છે. કદાચ કોઈ દેશ નેવિગેશન સિસ્ટમ ખોરવી નાખે તો મધદરિયામાં સેટેલાઈટની મદદ વગર કેમેરાથી જ આ ટાપુ પોતાનું લોકેશન જાણી લેશે અને તેના આધારે લશ્કરી અધિકારીઓને દિશાસૂચન કરશે. એક દાયકાથી ચીનના સંશોધકો આ ટાપુ બનાવવાની ટેકનોલોજી પર સંશોધન કરી રહ્યા હતા. આખરે તેમને સફળતા મળી છે. બે વર્ષ પછી ૨૦૨૮માં આ હરતો ફરતો ટાપુ નેવીને સોંપી દેવાશે. જ્યાં અમેરિકા સહિતના ઘણાં દેશો સાથે સર્વાધિક ઘર્ષણ થાય છે તે દક્ષિણ ચીની સમુદ્રમાં ચીન આ ટાપુને તૈનાત કરશે.

સાયન્સ અને ટેકનોલોજીમાં અમેરિકાના ઉદાહરણો આપવામાં આવે છે છતાં આજ સુધી અમેરિકા પણ આવો શક્તિશાળી લશ્કરી ટાપુ બનાવી શક્યું નથી. ખાસ તો પરમાણુ હુમલા સામેય ટકી રહે એવી ટેકનોલોજી વિકસાવીને ટાપુ બનાવવાનું કામ બેહદ પડકારજનક છે અને એ પડકાર ચીને ઝીલી બતાવ્યો છે. જોજનો દૂર આકાશમાં લડાકુ વિમાનોની હિલચાલ આ ટાપુ પકડી પાડશે. દરિયાના પેટાળમાં કેટલાય નોટિકલ માઈલ દૂર સબમરીનનો સંચાર થશે એનેય આ ટાપુ પકડી પાડશે. એટલું જ નહીં, એ દિશામાં ૨૫ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ગતિ કરીને વળતો અણધાર્યો પ્રહાર પણ ટાપુમાંથી કરી શકાશે. વેલ, ચીનની આવી ટેકનોલોજીનો મુકાબલો જો અમેરિકા ન કરી શકતું હોય તો ભારતે ખરેખર ચેતવા જેવું ખરું. આવો તરતો ટાપુ જો ચીન હિન્દ મહાસાગરમાં તૈનાત કરે તો એ કાયમ ભારત માટે માથાનો દુખાવો બની શકે.

ચીને આ ટાપુમાં જાસૂસી ઉપકરણો પણ ગોઠવ્યા છે. તે એટલે સુધી કે પહેલી નજરે જીવ-જંતુ લાગે એવા ટચૂકડાં ઉપકરણો ચીને વિકસાવી લીધા હોવાથી કોઈ દેશની જાસૂસીનું કામ ચીન માટે એટલું અઘરું નથી. એ કારણે ભારત જેવા પાડોશી દેશોની સલામતી માટે ચીનની ટેકનોલોજી જોખમી સાબિત થઈ શકે છે.

ચીને લશ્કરમાં માનવ સંખ્યાબળને બદલે ટેકનોલોજીને પ્રાધાન્ય આપવાનું શરૂ કર્યું છે. એક તરફ લેટેસ્ટ ટેકનોલોજીની મદદથી આર્મીને સજ્જ કરવાનું બીડું ઝડપ્યું છે, તો બીજી તરફ મોસ્ટ હેપનિંગ ટેકનોલોજી એઆઈનો પણ ઉપયોગ વધાર્યો છે. ચીની એઆઈ કંપની ડીપસીકે ખાસ ચીનના લશ્કર માટે અલગ એઆઈ એજન્ટ્સ બનાવવાનું મિશન હાથ ધર્યું છે. ચીને મચ્છર જેવા ડ્રોન્સ ઉપરાંત રોબો ડોગ્સ, ડ્રોન સ્વોમમાં એઆઈનો ઉપયોગ શરૂ કર્યો છે. એમાં નેવિગેશન સિસ્ટમથી લઈને માહિતી એકઠી કરવાની પદ્ધતિમાં એઆઈ ઉપયોગી બને છે. ડીપસીકે ખાસ ડિઝાઈન કરીને એવા એજન્ટ્સ બનાવી આપ્યા છે કે તે લશ્કરી ટેકનોલોજીનું સંચાલન કરે છે.

# ભારતીય બ્લાઈન્ડ મહિલા ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો, ફાઈનલમાં નેપાળને હરાવ્યું.....

**નવી દિલ્હી, તા.23**

ભારતીય મહિલા બ્લાઈન્ડ ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતી લીધો છે. ભારતીય ટીમે કોલંબોના પી સારા ઓવલમાં રમાયેલી ફાઈનલ મેચમાં નેપાળને 7 વિકેટથી હરાવ્યું. આ ટુર્નામેન્ટનું આયોજન પહેલીવાર થયું હતું અને ભારતે આ વૈશ્વિક ટુર્નામેન્ટને જીતવામાં સફળતા મેળવી. ભારતે નેપાળને 5 વિકેટ પર 114 રન પર રોકી દીધું હતું. જેના જવાબમાં ભારતીય ટીમે 12 ઓવરમાં 3 વિકેટ પર 117 રન બનાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો.



ભારતીય મહિલા બ્લાઈન્ડ ટીમે ફાઈનલમાં એવો દબદબો બનાવ્યો કે નેપાળની ટીમ પોતાની ઈનિંગમાં માત્ર એક બાઉન્ડ્રી જ ફટકારી શકી. ભારત માટે ફાઈનલમાં સૌથી વધુ રન ફુલા સારેને બનાવ્યા. તે 44 રન બનાવીને અણનમ રહી. ભારતે સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, જ્યારે નેપાળે પાકિસ્તાનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી.

આ ટુર્નામેન્ટની સહ-મેજબાન શ્રીલંકાએ શરુઆતમાં પાંચમાંથી માત્ર એક મેચ જીતી શક્યું હતું. ટીમે અમેરિકાને હરાવ્યું હતું.

પાકિસ્તાનની મેહરીન અલી 6 ટીમો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનારી બેટર રહી. તેણે 600થી વધુ રન બનાવ્યા જેમાં શ્રીલંકા વિરુદ્ધ 78 બોલ પર 230 રન બનાવ્યા હતા. મેહરીને આ સિવાય ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ 133 રન બનાવ્યા હતા.

# કેપ્ટન રિષભ પંતને અમ્પાયરે આપી ડબલ વોર્નિંગ

**નવી દિલ્હી, તા.23**

ગુવાહાટીના બરસાપા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ટેસ્ટ સિરીઝમાં ભારતીય ટીમના કેપ્ટન રિષભ પંત ICCના નવા નિયમના ભંગ બદલ ચર્ચામાં આવ્યા છે. બીજા દિવસે (23મી નવેમ્બર) ભારતીય બોલરો દ્વારા ઓવરો વચ્ચે વધુ સમય લેવામાં આવતા, ઓન-ફિલ્ડ અમ્પાયર રિચાર્ડ કેટલબરોએ રિષભ પંતને વોર્નિંગ આપી હતી.



ભારતીય ટીમનું નેતૃત્વ કરી રહેલા રિષભ પંતને દક્ષિણ આફ્રિકાની પહેલી ઈનિંગ્સમાં આ વોર્નિંગ મળી હતી. જો કે, નિયમોના કારણે તેમને ટેકનિકલી બે વોર્નિંગ મળી ચૂકી છે. પંતને મેચના પહેલા દિવસે 45મી ઓવરમાં વોર્નિંગ આપવામાં આવી હતી. ટેસ્ટ ક્રિકેટના નિયમો અનુસાર, 80 ઓવર પૂર્ણ થયા પછી વોર્નિંગ ફરીથી સેટ કરવામાં આવે છે. તેથી, બીજા દિવસે 88મી ઓવરમાં જ્યારે સ્પિનર કુલદીપ યાદવ ઓવર શરૂ કરવામાં વિલંબ કરી રહ્યો હતો, ત્યારે પંતને ફરી વોર્નિંગ મળી. આ વોર્નિંગ 80 ઓવર પછીના નવા ચક્રની ગણાશે. 88મી ઓવર શરૂ થાય તે પહેલાં પંતે કુલદીપ યાદવને ઉતાવળ કરવા કહ્યું હતું, જે સ્ટમ્પ માઈક પર કેદ થયું હતું. પંતે કહ્યું, 'ટાઈમર ચાલુ છે, જલ્દી કરો. શું તમે ઘરે રમી રહ્યા છો?' જો ભારતીય ટીમને દક્ષિણ આફ્રિકાની પહેલી ઈનિંગ્સમાં આગામી 80 ઓવરના ચક્રમાં વધુ બે વોર્નિંગ મળે છે, તો બેટિંગ ટીમને 5 રનનો દંડ ફટકારવામાં આવશે. નોંધનીય છે કે, આ મેચમાં ઈજાગ્રસ્ત શુભમન ગિલની ગેરહાજરીને કારણે રિષભ પંતને કેપ્ટનશીપ કરવાની તક મળી છે. રિષભ પંતને ICCના 'સ્ટોપ ક્લોક' નિયમને કારણે વોર્નિંગ મળી છે, જે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (2025-27)ના નવા ચક્રથી અમલમાં આવ્યો છે. આ નિયમ હેઠળ દરેક ઓવર સમાપ્ત થયા પછી 60 સેકન્ડની અંદર આગામી ઓવર શરૂ કરવી ફરજિયાત છે. ટીમને વિલંબ માટે બે વોર્નિંગ મળે છે. ત્રીજા વિલંબના પરિણામે બેટિંગ ટીમને 5 રનનો દંડ ફટકારવામાં આવશે.

# 'ઘરમાં રમે છે કે શું...' લાઈવ મેચમાં કુલદીપ પર ભડક્યો પંત

**નવી દિલ્હી, તા.23**

ભારતીય ટીમના વિકેટકીપર-બેટ્સમેન ઋષભ પંત તેની મસ્તીભરી અને સતત બોલતી રહેવાની આદત માટે જાણીતો છે. પરંતુ, ગુવાહાટી ટેસ્ટમાં કેપ્ટન બનતા જ તેનો એક અલગ જ અંદાજ જોવા મળ્યો. દક્ષિણ આફ્રિકા સામેની બીજી ટેસ્ટના બીજા દિવસે, પંત પોતાની જ ટીમના ખેલાડી કુલદીપ યાદવ પર ગુસ્સે થતો જોવા મળ્યો હતો. તેની આખી વાતચીત સ્ટમ્પ માઈકમાં કેદ થઈ ગઈ હતી, જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.



આ ઘટના ત્યારે બની જ્યારે દક્ષિણ આફ્રિકાના બેટ્સમેનો કાયલ વેરિન અને મુથુસામી વચ્ચે 88 રનની લાંબી ભાગીદારી થઈ હતી, જેનાથી ભારતીય ખેલાડીઓ થાકી ગયા હતા અને મેદાન પર સુસ્ત દેખાઈ રહ્યા હતા. ફિલ્ડરો ધીમે-ધીમે પોતાની પોઝિશન પર જઈ રહ્યા હતા, જેના કારણે બોલર કુલદીપ યાદવ સમયસર ઓવર પૂરી કરી શકતો ન હતો.

આ પહેલા, ધીમા ઓવર-રેટને કારણે અમ્પાયર રિચાર્ડ કેટલબોરોએ કેપ્ટન ઋષભ પંતને ચેતવણી (વોર્નિંગ) પણ આપી હતી. આથી, જ્યારે ફરીથી વિલંબ થયો, ત્યારે પંતે પોતાનો પિત્તો ગુમાવ્યો અને વિકેટ પાછળથી કુલદીપને ખખડાવતા કહ્યું, 'યાર, 30 સેકન્ડનો ટાઈમર છે. ઘરમાં રમે છે કે શું? એક બોલ નાખ જલ્દી.'

પંતના ગુસ્સા પાછળ ICCનો નવો 'સ્ટોપ ક્લોક' નિયમ જવાબદાર હતો. આ નિયમ મુજબ ટેસ્ટ ક્રિકેટમાં એક ઓવર પૂરી થયા બાદ આગામી ઓવર 60 સેકન્ડની અંદર શરૂ કરવી ફરજિયાત છે. જો કોઈ ટીમ આમ કરવામાં વિલંબ કરે, તો પ્રથમ બે વખત ચેતવણી આપવામાં આવે છે. જો ત્રીજી વખત વિલંબ થાય, તો ફિલ્ડિંગ ટીમ પર 5 રનની પેનલ્ટી લગાવવામાં આવે છે અને તે રન બેટિંગ ટીમના સ્કોરમાં ઉમેરી દેવામાં આવે છે. પંતને પહેલાથી જ એક વોર્નિંગ મળી ચૂકી હતી, તેથી તે 5 રનની પેનલ્ટીથી બચવા માટે પોતાના ખેલાડીઓને ઉતાવળ કરવા કહી રહ્યો હતો.

# બે દિવસમાં ઈંગ્લેન્ડ ટેસ્ટ હાર્યું છતાં ઓસ્ટ્રેલિયાને કરોડોનું નુકસાન, ટ્રેવિસની હેડની તોફાની બેટિંગ નડી?

**નવી દિલ્હી, તા.23**

ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની પ્રતિષ્ઠિત એશિઝ સિરીઝ 2025-26નો પ્રથમ મુકાબલો પર્થના ઓપ્ટસ સ્ટેડિયમમાં રમાયો, જેમાં ઓસ્ટ્રેલિયાએ માત્ર બે દિવસમાં જ ઈંગ્લેન્ડને કારમી હાર આપી. ટ્રેવિસ હેડની તોફાની સદી અને ઈંગ્લેન્ડની 'બેઝબોલ' શૈલીની બેદરકાર બેટિંગને કારણે આ બ્લોકબસ્ટર ટેસ્ટ મેચ માત્ર બે દિવસમાં જ પૂરી થઈ ગઈ. જોકે, ઓસ્ટ્રેલિયાની આ શાનદાર જીત ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) માટે એક મોટો આર્થિક ફટકો લઈને આવી છે. મેચ બે દિવસમાં જ સમાપ્ત થઈ જવાને કારણે હવે બોર્ડને ત્રીજા અને ચોથા દિવસની ટિકિટ ખરીદનારા હજારો દર્શકોને પૈસા પાછા આપવા પડશે.



આ ટેસ્ટ મેચ સંપૂર્ણપણે 'સોલ્ડ આઉટ' હતી. હવે મેચ વહેલી પૂરી થવાને કારણે, ક્રિકેટ ઓસ્ટ્રેલિયાને માત્ર ટિકિટ રિફંડથી જ લગભગ 3 મિલિયન યુએસ ડોલર (25 કરોડ રૂપિયાથી વધુ)નું નુકસાન થવાનો અંદાજ છે. કુલ મળીને આ નુકસાન 25 થી 30 કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. આર્થિક રીતે પહેલેથી જ નુકસાનનો સામનો કરી રહેલા ક્રિકેટ ઓસ્ટ્રેલિયા માટે આ એક નવી સમસ્યા છે, જે વિરોધાભાસી રીતે ટ્રેવિસ હેડની શાનદાર બેટિંગને કારણે ઊભી થઈ છે. જો હેડે ધીમી ગતિએ બેટિંગ કરી હોત, તો મેચ ઓછામાં ઓછી ત્રીજા દિવસ સુધી ચાલી શકી હોત.

પર્થ ટેસ્ટમાં બે દિવસમાં રેકોર્ડ 1,01,514 દર્શકો મેચ જોવા પહોંચ્યા હતા, જેણે ગયા વર્ષે ભારત સામેની મેચના રેકોર્ડને તોડી નાખ્યો હતો. શુક્રવારે 51,531 અને શનિવારે 49,983 દર્શકો હાજર રહ્યા હતા. ત્રીજા દિવસની પણ લગભગ તમામ ટિકિટો વેચાઈ ચૂકી હતી.

# સાઉથ આફ્રિકાએ ભારતીય બોલર્સને હંફાવ્યા 489 રનનો વિશાળ સ્કોર, મુથુસામી ઝળક્યો

**નવી દિલ્હી, તા.23**

ગુવાહાટી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાની ટીમે પહેલી ઈનિંગમાં 489 રન ફટકારી વિશાળ સ્કોર ઊભો કર્યો છે. સીરિઝની બીજી ટેસ્ટ મેચમાં સાઉથ આફ્રિકાના બેટર્સે ભારતના બોલર્સને હંફાવી નાંખ્યા. સેનુરન મુથુસામીએ સદી ફટકારી જ્યારે માર્કો જાનસેન પણ અડધી સદી ફટકારીને ઝળકયો. ભારતીય બોલર્સમાં કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજે તો 100-100થી વધુ રન લૂંટાવ્યા.



પહેલા દિવસના ત્રીજા સેશનમાં ભારતીય ટીમે સારું કમબેક કર્યું હતું અને 246 રનના સ્કોરમાં સાઉથ આફ્રિકાની ટીમે 6 વિકેટ ગુમાવી. પણ બીજા દિવસની મેચમાં સેનુરન મુથુસામી અને કાઈલ વેરેયિને 88 રનની પાર્ટનરશિપ કરી અને ભારતીય બોલર્સનો પરસેવો છૂટી ગયો. સેનુરન મુથુસામીએ પછી માર્કો સાથે 97 રનની પાર્ટનરશિપ કરી. જોત જોતામાં સાઉથ આફ્રિકાની ટીમનો સ્કોર 450 રનને પાર જતો રહ્યો.

મોહમ્મદ સિરાજે 30 ઓવરમાં 106 રન આપી બે વિકેટ ઝડપી જ્યારે કુલદીપ યાદવે 29.1 ઓવરમાં 115 રન આપી 4 વિકેટ ઝડપી. બુમરાહ અને વોશિંગ્ટન સુંદરને છોડી કોઈ પણ બોલરનો ઈકોનોમી રેટ 3થી નીચે ન રહ્યો. બુમરાહે 32 ઓવર બોલિંગ કરી 75 રન આપ્યા અને 2 વિકેટ ઝડપી.

નોંધનીય છે કે કોલકાતા ટેસ્ટમાં ભારતીય ટીમનો 30 રને કારમો પરાજય થયો હતો. એવામાં સાઉથ આફ્રિકાની ટીમ 1-0થી આગળ છે. સીરિઝને ડ્રો કરાવવા માટે ભારતીય ટીમે આ બીજી ટેસ્ટ મેચ જીતવી જ પડશે.

# એ.આર.રહેમાનનું દર્દ છલકાયું, કહ્યું - છેલ્લા શ્વાસ સુધી મારા પિતા કામ કરતા રહ્યા, પરિવારમાંથી કાઢી મૂકાયા હતા

**મુંબઈ, તા.23**

ઈમ્તિયાઝ અલીની ફિલ્મ 'રોકસ્ટાર'નું સૌથી પ્રખ્યાત સીન એ છે જેમાં રણબીર કપૂરનું પાત્ર જોર્ડન સમજે છે કે એક સાચો કલાકાર ત્યારે જ શાનદાર સંગીત બનાવી શકે છે, જ્યારે તેમણે જીવનમાં પીડા સહન કરી હોય. ફિલ્મનું આખું આલ્બમ એ.આર. રહેમાને કંપોઝ કર્યું હતું અને રહેમાનનું પોતાનું જીવન બાળપણથી જ પીડા અને પડકારોથી ભરેલું રહ્યું છે. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં રહેમાને જણાવ્યું કે, નાની ઉંમરે પિતા ગુમાવવાથી મારા જીવન પર શું અસર પડી હતી અને મારી માતાએ મારી મ્યૂઝિકલ જર્નીમાં કેટલો મોટો રોલ નિભાવ્યો.

રહેમાન તાજેતરમાં જ નિખિલ કામથના પોડકાસ્ટમાં નજર આવ્યો હતો. તેને પૂછવામાં આવ્યું કે, ચેન્નાઈમાં તમારું બાળપણ કેવું પસાર થયું. રહેમાને કહ્યું કે, 'મેં મારા જીવનનો મોટાભાગનો સમય ચેન્નાઈમાં જ વિતાવ્યો છે. મારો જન્મ ત્યાં જ થયો હતો, મારા પિતા એક સ્ટુડિયોમાં કામ કરતા હતા. અમે કોડમ્બક્કમ નજીક રહેતા હતાજ્યાં બધા સ્ટુડિયો હતા.'

એઆર રહેમાને પછી તેમના પિતા આરકે શેખર વિશે જણાવ્યું કે, 'કેવી રીતે પિતાની મહેનતે તેમનું સ્વાસ્થ્ય ખરાબ કરી દીધું અને તેમનું અકાળ મૃત્યુ થયું. મારા માતા-પિતાને તેમના પોતાના પરિવારે જ ઘરમાંથી કાઢી મૂક્યા હતા. તેઓ ભાડાના મકાનમાં રહેવા લાગ્યા અને મારા પિતાએ અમને અમારું પોતાનું ઘર અપાવવા માટે દિવસ-રાત મહેનત કરતા રહ્યા. તેમણે એક સાથે ત્રણ નોકરીઓ કરતા હતા અને તેના કારણે તેમનું સ્વાસ્થ્ય ખરાબ થઈ ગયું. તેઓ પોતાના છેલ્લા શ્વાસ સુધી કામ કરતા રહ્યા. આ જ મારા બાળપણનો સૌથી ખરાબ સમય હતો. આ ટ્રોમામાંથી બહાર આવવામાં ઘણો સમય લાગ્યો.'



ત્યારબાદ તેણે પોતાની માતાની પ્રશંસા કરી જેમણે પતિ વિના એકલા હાથે ચાર બાળકોને ઉછેરવામાં સફળતા મેળવી. રહેમાને કહ્યું કે, 'હું જ્યારે મોટો થઈ રહ્યો હતો ત્યારે ઘણું બધું જોયું. મારા પિતા અને દાદીનું નિધન થયું. જ્યારે આ બધું બન્યું ત્યારે હું માત્ર નવ વર્ષનો હતો. હું દરરોજ ટ્રોમા જોતો હતો. મારી માતા સિંગલ મધર હતી પરંતુ તે ખૂબ જ આત્મવિશ્વાસુ મહિલા હતી. તેમણે બધી મુશ્કેલીઓ ખુદ સહન કરી. અમને બચાવવા માટે તેમેણે ઘણું-બધું સહન કર્યું. તે એક ખૂબ જ મજબૂત મહિલા હતી જેણે દરેક પ્રકારના અપમાન સહન કર્યા અને એકલા હાથે અમને ઉછેર્યા.'

રહેમાને ખુલાસો કર્યો કે, સંગીતની દુનિયામાં પ્રવેશવાનો નિર્ણય પણ મારી માતાએ જ કર્યો હતો. આ સાથે જ તેમણે એ પણ સ્વીકાર્યું કે સંગીત પ્રત્યેના મારા સંપૂર્ણ સમર્પણના કારણે મેં સામાન્ય બાળપણની ઘણી બાબતો મિસ કરી. મારી માતાએ જ નક્કી કર્યું કે મારે સંગીતમાં જવું જોઈએ અને મને પ્રોત્સાહન આપ્યું. ત્રણ બહેનો હોવાના કારણે મને લાગતું હતું કે મારે ખૂબ જ સ્વચ્છ રહેવું જોઈએ, કારણ કે મારું વર્તન બહાર પણ દેખાતું હતું. મારું આખું બાળપણ સ્ટુડિયોમાં 40-50 વર્ષની ઉંમરના લોકો સાથે સંગીત વગાડવામાં વિત્યું. સ્કૂલમાં મિત્રો સાથે મસ્તી, કોલેજનો માહોલ, બધું મિસ કરી દીધું. ઘણું બધુ છૂટી ગયું પરંતુ મને સ્ટુડિયોમાં ખૂબ જ સમજદાર અને બુદ્ધિશાળી લોકો સાથે સમય વિતાવવાની તક મળી.'

1992માં ડેબ્યૂ કર્યા બાદ એ. આર. રહેમાને દેશના કેટલાક સૌથી આઈકોનિક સાઉન્ડટ્રેક્સ આપ્યા છે. તેને પાંચ ઓસ્કાર નોમિનેશન મળ્યા છે અને બે ઓસ્કર જીતી ચૂક્યો છે.

# સિદ્ધાંત-મૃણાલની દો દિવાને શહર મેં આગામી ફેબ્રુઆરીમાં રજૂ થશે

**આ ફિલ્મનાં એક સપ્તાહ પહેલાં જ શાહિદ અને તૃપ્તિની ઓ રોમિયો રીલિઝ થવાની છે**




**મુંબઈ, તા.23**

સંજય લીલા ભણશાળીનાં પ્રોડક્શન હેઠળની ફિલ્મ ' દો દિવાને શહેર મેં' આગામી તા. ૨૦મી ફેબ્રુઆરીએ રજૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ ફિલ્મનાં એક સપ્તાહ પહેલાં જ વેલેન્ટાઈન ડે વખતે શાહિદ અને તૃપ્તિ ડિમરીની 'ઓ રોમિયો' રજૂ થવાની છે. આમ આ બંને ફિલ્મો આગળ પાછળ ટકરાઈ શકે છે. 'દો દિવાને શહેર મેં 'માં સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુરની જોડી હશે. ફિલ્મનું ફક્ત પ્રોડક્શન જ સંજય લીલા ભણશાળીનું છે જ્યારે ડાયરેક્ટર રવિ ઉદયવાર હશે. ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી મહિનામાં જ તા. ૨૭મીએ રાણી મુખર્જીની 'મર્દાની થ્રી' રજૂ થવાની છે. આ તમામ ફિલ્મોએ આગળ પાછળની રીલિઝ ડેટ નક્કી કરી છે એટલે તેમને પહેલાં સપ્તાહમાં સ્ક્રીન મેળવવામાં વાંધો નહિ આવે પરંતુ જો કોઈ ફિલ્મ લાંબી ચાલી જાય તો ટકરામણની સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

# અજય દેવગણ, સંજય દત્તની રેન્જર્સ આવતાં વર્ષના અંતે રજૂ થશે

**જગન શક્તિનાં દિગ્દર્શન હેઠળની ફિલ્મમાં તમન્ના ભાટિયા પણ સ્ક્રીન શેર કરશે**





**મુંબઈ, તા.23**

અજય દેવગણ અને સંજય દત્તની ફિલ્મ 'રેન્જર્સ' આવતાં વર્ષે ડિસેમ્બરમાં રીલિઝ થવાની છે. બોલીવૂડમાં અમુક તારીખોએ રીલિઝ માટે પડાપડી થતી હોવાથી નિર્માતાઓ વહેલી તકે પ્લાન કરી ચોક્કસ રીલિઝ ડેટ બૂક કરી દેતા હોય છે. આ ફિલ્મની રીલિઝ ડેટ પણ એક વર્ષ પહેલાં જ નક્કી કરી દેવામાં આવી છે.

જોકે, ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર 'રેન્જર્સ' ટાઈટલ પણ હાલ કામચલાઉ રીતે નક્કી કરાયું છે. ફિલ્મ નું શૂટિંગ જેમ આગળ વધે તેમ કદાચ ફિલ્મનું ટાઈટલ બદલાઈ પણ શકે છે. જોકે, ફિલ્મની ટીમ હાલ આ અંગે ચૂપકિદી સેવી રહી છે.

આ ફિલ્મનું દિગ્દર્શન 'મિશન મંગલ'ના ડાયરેક્ટર જગન શક્તિ કરી રહ્યા છે. ફિલ્મમાં તમન્ના ભાટિયા પણ અજય દેવગણ અને સંજય દત્ત સાથે સ્ક્રીન શેર કરવાની છે.

# 'જ્યારે કોઈ પૂછે તો કહેજો...' પહલગામ હુમલા-દિલ્હી બ્લાસ્ટ અંગે શાહરુખ ખાનનું રિએક્શન

**મુંબઈ, તા.23**

બોલિવૂડના 'કિંગ ખાન' શાહરુખ ખાને મુંબઈમાં આયોજિત 'ગ્લોબલ પીસ ઓનર્સ 2025' ઈવેન્ટમાં હાજરી આપી, જ્યાં તેમણે એક અત્યંત ભાવનાત્મક અને દેશભક્તિથી ભરપૂર ભાષણ આપ્યું. પોતાની સ્પીચમાં, શાહરુખ ખાને ભારતીય સૈનિકોના સાહસ અને બહાદુરીનો ઉલ્લેખ કરતા 26/11ના આતંકવાદી હુમલા, પહલગામ હુમલા અને તાજેતરમાં થયેલા દિલ્હી બોમ્બ ધડાકાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી.



શાહરુખ ખાને પોતાની સ્પીચની શરૂઆત કરતાં કહ્યું, '26/11ના આતંકવાદી હુમલા, પહલગામ આતંકવાદી હુમલા અને તાજેતરમાં થયેલા દિલ્હી બોમ્બ ધડાકામાં જીવ ગુમાવનાર નિર્દોષ લોકોને મારી વિનમ્ર શ્રદ્ધાંજલિ અને આ હુમલાઓમાં શહીદ થયેલા આપણા બહાદુર સુરક્ષાકર્મીઓને મારા સાદર નમન.'

કિંગ ખાને દેશના બહાદુર સૈનિકો અને જવાનોને સમર્પિત ચાર ખૂબ જ સુંદર અને શક્તિશાળી પંક્તિઓ સંભળાવી, જેણે સૌના દિલ જીતી લીધા. તેમણે કહ્યું: 'જ્યારે કોઈ આપણને પૂછે કે તમે શું કરો છો, તો ગર્વથી કહો કે, 'હું દેશની રક્ષા કરું છું.'' 'જો કોઈ પૂછે કે તમે કેટલું કમાઓ છો, તો થોડું હસીને કહો, 'હું 140 કરોડ લોકોના આશીર્વાદ કમાઉં છું.'' 'અને જો તેઓ પાછા ફરીને પૂછે, 'શું તમને ક્યારેય ડર નથી લાગતો?', તો તેમની આંખોમાં જોઈને કહો, 'જેઓ અમારા પર હુમલો કરે છે, ડર તેમને લાગે છે...''

શાહરુખ ખાને પોતાની સ્પીચના અંતમાં શાંતિ અને માનવતાનો સંદેશ આપતા કહ્યું, 'ચાલો આપણે સૌ સાથે મળીને શાંતિ તરફ એક પગલું ભરીએ. ચાલો આપણે આસપાસના જાતિ, પંથ અને ભેદભાવને ભૂલી જઈએ અને માનવતાના માર્ગ પર ચાલીએ, જેથી આપણા દેશની શાંતિ માટે આપણા નાયકોની શહાદત વ્યર્થ ન જાય. જો આપણી વચ્ચે શાંતિ છે, તો ભારતને કોઈ હલાવી શકશે નહીં.'

ફિલ્મ કરિયર વર્ક ફ્રન્ટની વાત કરીએ તો, શાહરુખ ખાન છેલ્લે 2023માં આવેલી 'પઠાણ', 'જવાન' અને 'ડંકી' જેવી સુપરહિટ ફિલ્મોમાં જોવા મળ્યા હતા. હવે તેઓ 2026માં સિદ્ધાર્થ આનંદની ફિલ્મ 'કિંગ'માં જોવા મળશે, જેમાં તેમની પુત્રી સુહાના ખાન પણ ડેબ્યૂ કરી રહી છે.

# ETF એવું રોકાણ છે જે સ્ટોક્સ, બોન્ડ્સ અથવા કોમોડિટીઝ જેવી વૈવિધ્યસભર આર્થિક instruments નો સંગ્રહ ધરાવે છે

**નવી દિલ્હી, તા.23**

ETF, એટલે એક્સચેન્જ-ટ્રેડેડ ફંડ, એક એવું રોકાણ છે જે સ્ટોક્સ, બોન્ડ્સ અથવા કોમોડિટીઝ જેવી વૈવિધ્યસભર આર્થિક instruments નો સંગ્રહ ધરાવે છે. ETF મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા જ છે, પરંતુ તે ટ્રેડિંગ દિવસ દરમિયાન સ્ટોક એક્સચેન્જ પર buy અને sell કરવામાં આવે છે. ETF, પરંપરાગત મ્યુચ્યુઅલ ફંડ્સની તુલનામાં રોજ ના ભાવો, સુગમતા અને ઓછા ખર્ચ ના લીધે લોકો માં પ્રચલિત છે.

એક ETF ઘણા રોકાણકારો પાસેથી નાણાં એકઠા કરીને ચોક્કસ ઈન્ડેક્સ, ક્ષેત્ર અથવા કોમોડિટીને ટ્રેક કરતી વૈવિધ સંપત્તિઓનું જૂથ એટલે કે બાસ્કેટ ખરીદે છે.

ઘણા ETFs સમાન પ્રમાણમાં સમાન સિક્યોરિટીઝ રાખીને, S&P 500 અથવા નિફ્ટી 50 જેવા બજાર સૂચકાંકના પ્રદર્શનને નિષ્ક્રિય રીતે પ્રતિબિંબિત કરવા માટે રચાયેલ છે.

પરંપરાગત મ્યુચ્યુઅલ ફંડ્સથી વિપરીત, જે ફક્ત દિવસના અંતે ખરીદવામાં આવે છે અને વેચવામાં આવે છે, ETF શેર્સનો વેપાર દિવસભર બજાર આધારિત ભાવે થઈ શકે છે.

ટ્રેડિંગ દિવસ દરમિયાન ETF ની કિંમત તેની અંતર્ગત સંપત્તિઓના પ્રદર્શનના આધારે વધઘટ થાય છે.

ETF ના મુખ્ય ફાયદા: વૈવિધ્યકરણ: ETF, સંપત્તિઓનું જૂથ પકડીને તાત્કાલિક વૈવિધ્યકરણ કરે છે, જેનાથી એકસાથે અનેક સિક્યોરિટીઝમાં રોકાણ કરી શકાય છે. ઓછો ખર્ચ: ETFs સામાન્ય રીતે સક્રિય રીતે સંચાલિત મ્યુચ્યુઅલ ફંડ્સ કરતા ઓછું ખર્ચાળ છે કેમકે, તે ઘણીવાર નિષ્ક્રિય રીતે સંચાલિત થાય છે. સુગમતા અને પ્રવાહિતા: ETF ની ખરીદી બજાર નાં સમય દરમિયાન ખરીદી અથવા વેચી શકાય છે. પારદર્શિતા: સામાન્ય રીતે મોટાભાગના ETF ચોક્કસ ઈન્ડેક્સને follow કરે છે, તેથી




તેમના હોલ્ડિંગ્સ પારદર્શક અને રોકાણકારો માટે સરળતા જાળવી શકાય. ટોચના ETF (2025) - નવીનતમ કિંમત, વળતર અને આંતરદૃષ્ટિ CPSEETF. ઈક્વિટી. 56357.39, 93.40, 0.91, -0.93, 3.77, 5.94, 1.47. 0.07 નિપ્પોન ઈન્ડિયા ETF નિફ્ટી ITITBEES. ઈક્વિટી. 28,696.76. 39.95. -1.02. 3.50. -2.39. -12.20. 1.60. 0.22. ભારત 22 ETFICICIB22. ઈક્વિટી. 22,423.59. 117.16. 0.51. 3.17. 8.55. 7.78. 1.27. 0.07.

બજાર જોખમ ETF માં રોકાણ માટે નું સૌથી મોટું જોખમ બજારનું છે . મ્યુચ્યુઅલ ફંડ અથવા ક્લોઝ્ડ-એન્ડેડ ફંડની જેમ, ETF ફક્ત એક રોકાણ માટે નો વિકલ્પ છે. માટે, જો આપ S&P 500 ETF ખરીદો છો અને S&P 500 50% નીચે જાય છે, તો ETF કેટલું સસ્તું, કર કાર્યક્ષમ અથવા પારદર્શક છે તે વિશે કોઈ પણ તમને મદદ કરશે નહીં. આ જોખમ, તમારે જાતે ઉપાડવું પડશે.

ETF, કરમુક્ત નથી; જોકે, તે કર-કાર્યક્ષમ હોઈ શકે છે. સ્ટોક્સની જેમ, ETF નફા પર વેચવામાં આવે ત્યારે મૂડી લાભ કરને આધીન હોય છે, અને પ્રાપ્ત થયેલ કોઈપણ ડિવિડન્ડ પણ કરપાત્ર છે. ટેક્સ નો દર ETF ના પ્રકાર અને તે કેટલા સમય સુધી રાખવામાં આવ્યું હતું તેના પર આધારીત છે.

ડિવિડન્ડ : ETF માંથી મળતાં ડિવિડન્ડ તમારી કુલ આવકમાં ઉમેરવામાં આવે છે અને આવકવેરા સ્લેબ દરે ટેક્સ ભરવાનો આવે છે. જો નાણાકીય વર્ષમાં કુલ ડિવિડન્ડ ચોક્કસ મર્યાદા (દા.ત., ભારતમાં 5,000) કરતાં વધી જાય તો 10% ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ (TDS) લાગુ પડે છે.

ટૂંકા ગાળાના મૂડી લાભ (STCG) : જો એક વર્ષની અંદર ETF વેચવામાં આવે, તો નફા પર ફ્લેટ દરે (દા.ત., ભારતમાં ઈક્વિટી ETF માટે 15%) અથવા આવકવેરા સ્લેબ દર મુજબ ટેક્સ ચૂકવવો પડે. લાંબા ગાળાના મૂડી લાભ (LTCG) : જો એક વર્ષ પછી ETF વેચો છો, તો લાભ પર અલગ દરે ટેક્સ લાદવામાં આવે છે (દા.ત., ચોક્કસ મર્યાદા પછી ભારતમાં ઈક્વિટી ETF માટે 10%) અથવા તમારા આવકવેરા સ્લેબ દર મુજબ... ETF પ્રકાર પ્રમાણે કર દર બદલાય છે : ઈક્વિટી, ડેટ અને ગોલ્ડ ETF માટેના કર નિયમો નોંધપાત્ર રીતે અલગ હોઈ શકે છે. કર કાર્યક્ષમતા : ETF ને કર-કાર્યક્ષમ ગણવામાં આવે છે, ખાસ કરીને ઈન્ડેક્સ-આધારિત ETF, કારણ કે તેમની રચના અને વ્યવસ્થાપન શૈલી ઘણીવાર પરંપરાગત મ્યુચ્યુઅલ ફંડ્સની તુલનામાં ફંડમાં જ ઓછા મૂડી લાભો ચૂકવે છે. જો કે, જ્યારે તમે તમારા શેર વેચો છો અને નફો મેળવો છો ત્યારે પણ તમે મૂડી લાભ કરને પાત્ર છે જ.

# ચાંદી 8000 રૂપિયા ગગડી તો સોનામાં થયો આટલો ઘટાડો, જાણો અઠવાડિયામાં કેટલો ફેર પડ્યો?

**નવી દિલ્હી, તા.23**

સોના અને ચાંદીના ભાવમાં આ વર્ષે જોવા મળેલી રેકોર્ડ તેજી બાદ, છેલ્લા કેટલાક દિવસોમાં આ કિંમતી ધાતુઓના ભાવમાં મોટો કડાકો બોલ્યો છે. છેલ્લા એક જ સપ્તાહમાં (14 નવેમ્બરથી 21 નવેમ્બર), ચાંદીના ભાવમાં પ્રતિ કિલોએ 8,000થી વધુનો ઘટાડો નોંધાયો છે, જ્યારે સોનાનો ભાવ પણ પ્રતિ 10 ગ્રામે 1,600થી વધુ તૂટ્યો છે.



છેલ્લા સપ્તાહમાં ચાંદીના ભાવ હાજર બજારથી લઈને વાયદા બજાર (MCX) સુધી દરેક જગ્યાએ ગગડ્યા છે. ઈન્ડિયન બુલિયન જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 14 નવેમ્બરે ચાંદીનો ભાવ 1,59,367 પ્રતિ કિલો હતો, જે 21 નવેમ્બરે ઘટીને 1,51,129 પ્રતિ કિલો પર બંધ થયો હતો. આમ, માત્ર એક સપ્તાહમાં ચાંદીના ભાવમાં 8,238 પ્રતિ કિલોનો જંગી ઘટાડો જોવા મળ્યો. જ્યારે MCX પર એટલે કે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર પણ ચાંદીનો વાયદા ભાવ એક સપ્તાહમાં 1,966 પ્રતિ કિલો ઘટ્યો છે. સોનાના ભાવમાં પણ છેલ્લા સપ્તાહમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. IBJAના આંકડા મુજબ, 14 નવેમ્બરે 24 કેરેટ સોનાનો ભાવ 1,24,794 પ્રતિ 10 ગ્રામ હતો, જે 21 નવેમ્બરે ઘટીને 1,23,146 પ્રતિ 10 ગ્રામ પર આવી ગયો. આમ, 24 કેરેટ સોનાના ભાવમાં 1,648 પ્રતિ 10 ગ્રામનો ઘટાડો થયો.

24 કેરેટ: 1,23,146 પ્રતિ 10 ગ્રામ, 22 કેરેટ: 1,20,190 પ્રતિ 10 ગ્રામ, 18 કેરેટ: 99,750 પ્રતિ 10 ગ્રામ, નોંધ: IBJA દ્વારા જાહેર કરાયેલા ભાવમાં 3% GST અને મેકિંગ ચાર્જનો સમાવેશ થતો નથી, જે જ્વેલરી ખરીદતી વખતે અલગથી ઉમેરવામાં આવે છે.

# એપ્રિલથી ઓકટોબર દરમ્યાન ભારતમાંથી હોંગકોંગ ખાતેની નિકાસમાં વીસ ટકા વધારો

## ટેરિફ વોર વચ્ચે નિકાસ મથકોમાં વૈવિધ્યતા વધારવાના પ્રયાસોમાં જોવાતી સફળતા

**મુંબઈ, તા.23**

જેમ્સ અને જ્વેલરી, ટેલિકોમ સાધનો જેવી માલસામાનની માગમાં વધારાને કારણે વર્તમાન નાણાં વર્ષના એપ્રિલથી ઓકટોબરના ગાળામાં દેશમાંથી હોંગકોંગ ખાતે નિકાસમાં વાર્ષિક ધોરણે ૨૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે.



નાણાં વર્ષ ૨૦૨૫ના એપ્રિલથી ઓકટોબરમાં ૩.૬૦ અબજ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં નિકાસ આંક ૪.૩૬ અબજ ડોલર રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે.

ભારતના ટોચના દસ નિકાસ મથકોમાં હોંગકોંગનો સમાવેશ થાય છે, અને કુલ નિકાસમાં તેનો હિસ્સો બે ટકા જેટલો રહે છે. અમેરિકા દ્વારા ભારતના માલસામાન પર ઊંચા ટેરિફ બાદ દેશના નિકાસકારો તથા સરકાર દ્વારા નિકાસ મથકોમાં વૈવિધ્યતા લાવવાના પ્રયાસોના હકારાત્મક પરિણામ જોવા મળવાનું શરૂ થયું છે. અમેરિકા સિવાયના અન્ય દેશોમાં ભારત નિકાસ વધારી રહી છે, જેને કારણે અમેરિકા ખાતે નિકાસમાં ઘટાડો ભરપાઈ થઈ શકે છે. વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે ઓકટોબરમાં ભારતની નિકાસ ૧૧.૭૫ ટકા ઘટી ૩૪.૩૫ અબજ ડોલર રહી છે. જો કે હોંગકોંગની વાત કરીએ તો ત્યાં ભારતની નિકાસમાં સતત સુધારો જોવા મળી રહ્યો હોવાનું વાણિજ્ય મંત્રાલયના ડેટા જણાવે છે. અત્રે ઉલ્લેખનિય છે કે નવા નિકાસ મથકોની શોધ ઉપરાંત હાલના નિકાસ મથકો ખાતે નિકાસ વધારવાના પ્રયાસોમાં ભારતને સફળતા મળી રહી હોવાનું પ્રાપ્ત ડેટા જણાવે છે. વર્તમાન નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં દેશમાંથી ૧૧૧ રાષ્ટ્રોમાં ટેકસટાઈલની નિકાસમાં ૧૦ ટકા વધારો થયાનું આ અગાઉ સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ગયા નાણાં વર્ષના પ્રથમ છ મહિનામાં ૭૭૧.૮૫ કરોડ ડોલરની સરખામણીએ વર્તમાન નાણાં વર્ષના સમાન ગાળામાં સદર ૧૧૧ દેશોમાં ટેકસટાઈલ નિકાસનો આંક ૮૪૮.૯૦ કરોડ ડોલર રહ્યો છે. એક ખાનગી બેન્ક દ્વારા તાજેતરમાં હાથ ધરાયેલા સર્વમાં ભાગ લેનારામાંથી દેશના ૮૫ ટકા જેટલા વેપાર ગૃહોએ હાલની વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે વેપાર અને ઈન્વેસ્ટમેન્ટ માટે સાઉદી અરેબિયાને આકર્ષક વેપાર મથક ગણાવ્યું હતું.

# વૈશ્વિક મંદીના માહોલમાં ભારતમાં ચમત્કારિક આર્થિક તેજી, અમેરિકા-ચીન જેવા દેશો પાછળ

**નવી દિલ્હી, તા.23**

વૈશ્વિક અર્થતંત્ર પર નજર રાખનારા અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને રેટિંગ એજન્સીઓએ તાજેતરમાં ભારતીય અર્થવ્યવસ્થાને ટોચનું સ્થાન આપ્યું છે. કોવિડ-19 ની મહામારી પછીના સમયમાં ભારતે જે આર્થિક પ્રગતિ હાંસિલ કરી, એના કારણે તે વિશ્વભરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે. અમેરિકા, ચીન, યુરોપિયન યુનિયન અને રશિયા જેવા વિકસિત અર્થતંત્રો પૈકી કોણ આગળ નીકળે એના પર બારીક નજર રાખવામાં આવી હતી, પરંતુ એ તમામને બદલે ભારત એક અનપેક્ષિત ચમત્કાર દર્શાવીને સૌથી આગળ નીકળી ગયું છે.




હાર્વર્ડ યુનિવર્સિટીના જાણીતા અર્થશાસ્ત્રી જેસન ફર્મને તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક આંકડાકીય ચાર્ટ શેર કર્યો છે, જે કોરોના પછીના સમયમાં ભારતના આર્થિક પ્રદર્શનની સ્પષ્ટ તસવીર પ્રસ્તુત કરે છે. આ ચાર્ટ વિવિધ દેશોની મહામારી અગાઉની અને મહામારી પછીની સ્થિતિની તુલના કરે છે. તે દર્શાવે છે કે વૈશ્વિક મહાસત્તાઓની તુલનામાં ભારતની આર્થિક પ્રગતિ અનન્ય અને અભૂતપૂર્વ છે. અન્ય રાષ્ટ્રો હજુ પણ મહામારીના આઘાતોમાંથી ઉભરી રહ્યા છે, ત્યારે ભારત વૃદ્ધિના નવા સોપાન સર કરી રહ્યું છે.

જેસન ફર્મને તેમના ડેટામાં 2019ની મહામારી અગાઉની સ્થિતિની સરખામણી 2025ના ત્રીજા ક્વાર્ટર (ત્રિમાસિક ગાળા) સુધીના નોમિનલ GDP સાથે કરી છે. આ તુલનાથી સ્પષ્ટ થાય છે કે ભારત એકમાત્ર એવો દેશ છે જેણે સતત ઉચ્ચ વૃદ્ધિદર જાળવી રાખ્યો છે અને તે 2025ના મધ્ય સુધીમાં +5% ના દરે પહોંચવાના માર્ગ પર છે. ચાર્ટ પર નજર નાખીએ તો 2020ના કોવિડ-કાળમાં ભયંકર હદે નીચે ગયા પછી ભારત 2022 સુધીમાં કોવિડ અગાઉની વૃદ્ધિ-રેખાને પાર કરી ગયું હતું. ફર્મને જણાવ્યું કે આ ઉચ્ચ વૃદ્ધિ કોઈ ક્ષણિક ઘટના નથી, પરંતુ દેશની મજબૂત મૂળભૂત આર્થિક રચના અને સુધારાઓનું પરિણામ છે.

ફર્મનના ચાર્ટમાં એવો દાવો કરાયો છે કે કોવિડ-19 ની મહામારીએ વિશ્વભરમાં ઊંડી આર્થિક મંદી લાવી હતી. ભારતમાં સૌથી વધુ ઘટાડો (લગભગ -25%) નોંધાયો હતો. ચીનની અર્થવ્યવસ્થામાં -12% જેટલો ઘટાડો થયો, યુરોપમાં -15%, તથા રશિયા અને અમેરિકામાં ઘટાડો લગભગ -10% ની આસપાસ રહ્યો. ત્યાર પછીના સમયમાં અમેરિકામાં વિવિધ આર્થિક પગલાંઓના કારણે થોડો સુધારો થયો છે અને તે 2025 સુધીમાં લગભગ -2% વૃદ્ધિદર સુધી પહોંચી ગયું છે. જોકે, ચીન લાંબા સમય સુધી ચાલુ રહેલા કોવિડ નિયંત્રણો અને રિયલ એસ્ટેટ ક્ષેત્રના સંકટને કારણે સંકોચન (-5%) નો સામનો કરી રહ્યું છે. યુક્રેન યુદ્ધના પરિણામે રશિયા એક તબક્કે લગભગ -8% ની નકારાત્મક સ્થિતિ સુધી પહોંચી ગયું હતું, જે હાલમાં -3% છે. યુરોપની અર્થવ્યવસ્થા પણ -3% ની આસપાસ અટકી ગઈ છે.

હાર્વર્ડના અર્થશાસ્ત્રીના અંદાજોને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના અભિપ્રાયો પણ સમર્થન આપે છે. ICRA (ઈન્વેસ્ટમેન્ટ ઈન્ફોર્મેશન એન્ડ ક્રેડિટ રેટિંગ એજન્સી)ની અપેક્ષા છે કે ભારતનો GDP વૃદ્ધિ દર 2025-26ના બીજા ત્રિમાસિકમાં 7% પર રહેશે. એ જ રીતે, મૂડીઝ રેટિંગ્સે ભારતનો વૃદ્ધિ દર 2025માં 7% અને 2026માં 6.4% રહેવાની આગાહી કરી છે. આ આંકડાઓ સ્પષ્ટ કરે છે કે વૈશ્વિક સંસ્થાઓ ભારતની આર્થિક સ્થિરતા અને ભવિષ્યની વૃદ્ધિ ક્ષમતામાં ઊંડો વિશ્વાસ ધરાવે છે. ભારતની આ સફળતા પાછળ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રોકાણ સંબંધી સુધારા અને સ્થિર મેક્રોઈકોનોમિક વાતાવરણ જેવા પાયાના ફેરફારોનો મોટો ફાળો રહ્યો છે.

# મ્યુ. ફંડો, શેર બ્રોકરોના નિયમોમાં ધરખમ ફેરફારો કરવા ગોઠવાતો તખ્તો

## ઓકટોબરમાં મ્યુ. ફંડોના નિયમોમાં ફેરફાર કરવા સાથે બ્રોકરેજ ચાર્જિસ પર મર્યાદાની સમીક્ષા કરવા થયેલા પ્રસ્તાવનો સમાવેશ

**નવી દિલ્હી, તા.23**

મૂડી બજાર નિયામક તંત્ર સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) મ્યુચ્યુઅલ ફંડ અને શેર બ્રોકર નિયમોમાં વ્યાપક સમીક્ષા કરવાની તૈયારીમાં છે. નિયામક તંત્ર આ માટે માળખાને વધુ સુસંગત અને કાર્યક્ષમ બનાવવા માગતું હોવાનું સેબીના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું.

સેબી બોર્ડની આગામી ૧૭, ડિસેમ્બરના મળનારી મીટિંગમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે એવું અધિકારીનું કહેવું છે. સેબીએ બન્ને નિયમો પર તાજેતરમાં જ કન્સલ્ટેશન પેપર્સ બહાર પાડયા હતા. ઓકટોબરમાં નિયામક તંત્રએ મ્યુચ્યુઅલ ફંડ નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂકતો એક કન્સલ્ટેશન પેપર બહાર પાડયું હતું. જેમાં ટોટલ એક્સપેન્સ રેશીયો (ટીઈઆર)ની સ્પષ્ટ વ્યાખ્યા અને બ્રોકરેજ ચાર્જ પર સુધારેલી મર્યાદાનો સમાવેશ છે. આ ભલામણોનો હેતુ પારદર્શિતા વધારવા, માહિતીને તર્કસંગત બનાવવા, રિડન્ડન્સી ઘટાડવા અને પાલનને સરળ બનાવવાનો છે, એમ અધિકારીએ કહ્યું હતું.

પ્રસ્તાવિત માળખાના ભાગરૂપે, સેબી વધારાના પાંચ બેઝિઝ પોઈન્ટ દૂર કરવાની યોજના ધરાવે છે, જે એસેટ મેનેજમેન્ટ કંપનીઓ (એએમસી)ને અગાઉ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓમાં વસૂલવાની મંજૂરી આપવામાં આવી હતી. આ વધારાનો ખર્ચ, યોજનાઓમાં એક્ઝિટ લોડ પાછા જમા કરવાની અસરને સરભર કરવા માટે રજૂ કરવામાં આવ્યો હતો. આ પહેલા ૨૦૧૨માં ૨૦ બેઝિઝ પોઈન્ટ પર સેટ કરવામાં આવ્યો હતો અને બાદમાં ૨૦૧૮માં પાંચ બેઝિઝ પોઈન્ટ સુધી ઘટાડી દેવામાં આવ્યો હતો. મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓને ચાર્જ કરવાની મંજૂરી આપવામાં આવેલા પાંચ બેઝિઝ પોઈન્ટનો વધારોનો ખર્ચ હંગામી હતો.

સ્પષ્ટતામાં વધુ સુધારો કરવા માટે, સેબીએ એસટીટી, જીએસટી, સીટીટી અને સ્ટેમ્પ ડયુટી જેવા તમામ કાનૂની વસૂલાતને ટીઈઆર મર્યાદામાંથી બાકાત રાખવાનું પણ સૂચન કર્યું છે, તેમ જ બ્રોકરેજ, એક્સચેન્જ અને નિયમનકારી ફી માટે હાલમાં માન્ય ખર્ચ પણ છે. હાલમાં, મેનેજમેન્ટ ફી પર જીએસટી લેવાની મંજૂરી ટીઈઆર મર્યાદાથી ઉપર માન્ય છે, જ્યારે અન્ય કાનૂની શુલ્ક મ્યુચ્યુઅલ ફંડ સ્કિમો માટે નિર્ધારિત મર્યાદામાં આવે છે. નિયમનકારે તાજેતરમાં દરખાસ્ત પર જાહેર ટિપ્પણીઓ માટેની અંતિમ તારીખ ૧૭, નવેમ્બરથી વધારીને ૨૪, નવેમ્બર કરી છે. સેબી બોર્ડની આગામી ૧૭, ડિસેમ્બરના મળનારી મીટિંગમાં આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે એવું અધિકારીનું કહેવું છે. સેબીએ બન્ને નિયમો પર તાજેતરમાં જ કન્સલ્ટેશન પેપર્સ બહાર પાડયા હતા. ઓકટોબરમાં નિયામક તંત્રએ મ્યુચ્યુઅલ ફંડ નિયમોમાં ફેરફારનો પ્રસ્તાવ મૂકતો એક કન્સલ્ટેશન પેપર બહાર પાડયું હતું. જેમાં ટોટલ એક્સપેન્સ રેશીયો (ટીઈઆર)ની સ્પષ્ટ વ્યાખ્યા અને બ્રોકરેજ ચાર્જ પર સુધારેલી મર્યાદાનો સમાવેશ છે. આ ભલામણોનો હેતુ પારદર્શિતા વધારવા, માહિતીને તર્કસંગત બનાવવા, રિડન્ડન્સી ઘટાડવા અને પાલનને સરળ બનાવવાનો છે, એમ અધિકારીએ કહ્યું હતું.

# સોનામાં આગેકૂચ: ચાંદી રૂ.3000 ઉછળી: બંધ બજારે ડોલર સામે રૂપિયો વધુ ગબડયો

## વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા : વૈશ્વિક ચાંદીના ભાવ વધી 50 ડોલર કુદાવી ગયા

**મુંબઈ, તા.23**

મુંબઈ ઝવેરી બજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના-ચાંદીના ભાવ ફરી ઉંચકાયા હતા. સોનામાં તેજી આગળ વધી હતી જ્યારે ચાંદીના ભાવ બે દિવસમાં નોંધપાત્ર તૂટી ગયા પછી શનિવારે વધુ ઘટતા અટકી પ્રત્યાઘાતી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારના સમાચાર પ્રોત્સાહક હતા. વિશ્વ બજાર ઉંચકાતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ વધતાં ઝવેરી બજારમાં ફરી ભાવ ઉંચા બોલાતા થયા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૪૦૩૪થી ૪૦૩૫ વાળા ફરી વધી ઉંચામાં ભાવ ૪૦૭૦થી ૪૦૭૧ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૪૦૬૫થી ૪૦૬૬ ડોલર રહ્યાના નિર્દેશો હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૪૮.૭૫થી ૪૮.૭૬ વાળા વધી ફરી ૫૦ ડોલરની સપાટી પાર કરી છેલ્લે ભાવ ૫૦.૦૨થી ૫૦.૦૩ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૧૦ ગ્રામના ૯૯૫ના રૂ.૧૨૨૬૫૩થી વધી રૂ.૧૨૩૨૦૦ તથા ૯૯૯ના ભાવ રૂ.૧૨૩૧૪૬ વાળા રૂ.૧૨૩૭૦૦ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ કિલોના જીએસટી વગર રૂ.૧૫૧૧૨૯ વાળા વધી રૂ.૧૫૩૮૦૦ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા.

વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૦.૦૭થી વધી ૧૦૦.૪૦ થઈ છેલ્લે ૧૦૦.૨૦ રહ્યાના નિર્દેશો હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણે મુંબઈ કરન્સી બજારમાં બંધ બજારે રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૯.૪૨ વાળા વધી રૂ.૮૯.૬૨થી ૮૯.૬૩૨ બોલાતા રૂપિયો વધુ સગબડી બંધ બજારે નવા નીચા તળિયે ઉતરી ગયાનું કરન્સી બજારના સૂત્રો જણાવી રહ્યા હતા. દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ રૂ.૭૦૦ વધી ૯૯૫ના રૂ.૧૨૭૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૨૭૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ રૂ.૩૦૦૦ ઉછળી રૂ.૧૫૭૦૦૦ બોલાયા હતા. વિશ્વ બજારમાં પ્લેટીનમના ભાવ ઔંશના ૧૫૦૦થી વધી ૧૫૨૨ ડોલર તથા પેલેડીયમના ભાવ ૧૩૬૦ વાળા વધી ૧૩૮૧ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ પણ આંચકા પચાવી ફરી વધી છેલ્લે ભાવ ૦.૯૪ ટકા પ્લસમાં રહ્યા હતા.

## બ્લુચિપ ફંડ્સે 1 વર્ષમાં 15% વળતર આપ્યું

# બજારના ઉતાર-ચઢાવ વચ્ચે આમાં રોકાણ કરવું ઓછું જોખમી, જાણો આ ફંડ સાથે જોડાયેલી જરૂરી વાતો

**નવી દિલ્હી, તા.23**

તાજેતરમાં શેરબજારમાં નોંધપાત્ર અસ્થિરતા જોવા મળી છે, જેના કારણે ઘણા રોકાણકારો નકારાત્મક પોર્ટફોલિયોમાં મુકાયા છે. જોકે, મ્યુચ્યુઅલ ફંડ બ્લુ ચિપ ફંડ્સ અને લાર્જ કેપ ફંડ્સે મજબૂત વળતર આપ્યું છે. છેલ્લા એક વર્ષમાં લાર્જ કેપ ફંડ્સે 15% સુધીનું વળતર આપ્યું છે.



સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા લાંબા ગાળા માટે આ ફંડમાં રોકાણ કરીને, તમે સારું વળતર મેળવી શકો છો. ચાલો પહેલા બ્લુ ચિપ અથવા લાર્જ કેપ મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વાત કરીએ.

બ્લુચિપ ફંડ શું છે? આ લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સ છે, જોકે કેટલાક લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સે તેમના નામોમાં 'બ્લુચિપ' ઉમેર્યું છે, જેમ કે એક્સિસ બ્લુચિપ ફંડ, ICICI પ્રુડેન્શિયલ બ્લુચિપ ફંડ, SBI બ્લુચિપ ફંડ, કોટક બ્લુચિપ ફંડ અથવા ફ્રેન્કલિન બ્લુચિપ ફંડ.

બ્લુ ચિપ મ્યુચ્યુઅલ ફંડ યોજનાઓ માટે રોકાણકારોએ તેમના ભંડોળનો ઓછામાં ઓછો 80% હિસ્સો ટોચની 100 કંપનીઓમાં રોકાણ કરવો જરૂરી છે, જેમ કે રિલાયન્સ, HDFC બેંક, TCS, ઈન્ફોસિસ, હિન્દુસ્તાન યુનિલિવર, ITC અને ICICI બેંક. આ શેરોને ઓછા અસ્થિર માનવામાં આવે છે, તેથી તેમાં રોકાણ કરવાથી નુકસાનનું જોખમ ઓછું થાય છે, ખાસ કરીને લાંબા ગાળે.

સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) દ્વારા લાંબા ગાળા માટે આ ફંડમાં રોકાણ કરીને, તમે સારું વળતર મેળવી શકો છો. ચાલો પહેલા બ્લુ ચિપ અથવા લાર્જ કેપ મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વાત કરીએ.

બ્લુચિપ ફંડ શું છે? આ લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સ છે, જોકે કેટલાક લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ્સે તેમના નામોમાં 'બ્લુચિપ' ઉમેર્યું છે, જેમ કે એક્સિસ બ્લુચિપ ફંડ, ICICI પ્રુડેન્શિયલ બ્લુચિપ ફંડ, SBI બ્લુચિપ ફંડ, કોટક બ્લુચિપ ફંડ અથવા ફ્રેન્કલિન બ્લુચિપ ફંડ. ઓછા જોખમ સાથે સારું વળતર બ્લુ ચિપ કંપનીઓ એવી હોય છે જે મોટી હોય છે અને મજબૂત નાણાકીય સ્થિતિ ધરાવે છે. તેમના શેરોમાં ઓછી અસ્થિરતા હોવાનું માનવામાં આવે છે, તેથી તેમાં રોકાણ કરવાથી નુકસાનનું જોખમ ઓછું હોય છે, ખાસ કરીને લાંબા ગાળે.

લાર્જ-કેપ મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ્સમાં ટોચની 100 કંપનીઓના રોકાણકારો પાસેથી એકત્ર કરાયેલા ભંડોળના ઓછામાં ઓછા 80% રોકાણ કરવું જરૂરી છે. જોકે, રોકાણ કરતા પહેલા, ફંડના ભૂતકાળના પ્રદર્શન, ફંડ મેનેજરની કુશળતા અને ખર્ચ ગુણોત્તરનો વિચાર કરો.

તેમાં કોણે રોકાણ કરવું જોઈએ? ઓછા જોખમવાળા શેરબજારમાં રોકાણ કરવા માંગતા લોકો માટે બ્લુ ચિપ ફંડ્સની ભલામણ કરવામાં આવે છે. આ યોજનાઓમાં રોકાણ ઓછામાં ઓછા 3 થી 5 વર્ષના સમયગાળા સાથે કરવું જોઈએ. જોકે, કોઈ લોક-ઈન પીરિયડ નથી, તેથી તમે જ્યારે પણ જરૂર પડે ત્યારે ભંડોળ ઉપાડી શકો છો. ધ્યાનમાં રાખો કે શેરબજારમાં થતી વધઘટ ટૂંકા ગાળામાં તમારા રોકાણ પર વધુ અસર કરી શકે છે, પરંતુ લાંબા ગાળામાં આ જોખમ ઓછું થાય છે.

# કોમનવેલ્થ-૨૦૩૦ની યજમાની મળશે તો અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે આતશબાજી કરવાની તૈયારી

■ ગ્લાસગો, સ્કોટલેન્ડ ખાતેની બેઠકમાં ૨૬ નવેમ્બરે જાહેરાત થવાની સંભાવના



**અમદાવાદ, તા.23**

અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ યોજાશે તે લગભગ નકકી છે. આમ છતાં ગ્લાસગો ,સ્કોટલેન્ડ ખાતે ૨૪થી ૨૭ નવેમ્બર દરમિયાન યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમાં ૨૬ નવેમ્બર-૨૫ના રોજ અંતિમ નિર્ણયની જાહેરાત થવાની સંભાવના વ્યકત કરાઈ છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કોમવેલ્થ-૨૦૩૦ની યજમાની કરવાની તક મળશે તો રિવરફ્રન્ટ ખાતે ભવ્ય આતશબાજી કરવામા આવશે.

સ્કોટલેન્ડ ખાતે યોજાનારી કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમાં અમદાવાદમાં કોમન વેલ્થ ગેમ્સ-૨૦૩૦ યોજવા માટે ગેમ્સ પ્રપોઝલનુ પ્રેઝન્ટેશન કરવામા આવશે. પ્રેઝન્ટેશન પછી મતદાન કરવામા આવશે અને અમદાવાદ શહેરને કોમન વેલ્થ ગેમ્સ-૨૦૩૦ના યજમાન શહેર તરીકે પુષ્ટિ આપતો હોસ્ટ કોલાબ્રેશન એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર થવાની સંભાવના છે. અમદાવાદ તરફથી મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની ગ્લાસગો, સ્કોટલેન્ડ ખાતેની કોમનવેલ્થ ગેમ્સની જનરલ એસેમ્બલીમા ભાગ લેવા રવાના થઈ ગયા છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આતશબાજીના કાર્યક્રમને લઈ અનેક સ્પોટ ઉપર બેનરો અત્યારથી જ લગાવી દેવાયા છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટને ઓલિમ્પિક-૨૦૩૬ને લઈ ઈમ્પેકટ એસેસમેન્ટ સ્ટડી કરશે.ગુજરાત સ્પોર્ટસ ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કંપની તરફથી ઓથોરાઈઝેશન લેટર આપવામા આવ્યો છે.આ સ્ટડી માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગને ડેટા સપોર્ટ કરવા ઉપરાંત તમામ માહિતી આપવી પડશે.

એસેસમેન્ટ સ્ટડીમાં મહત્વની કઈ બાબત ઉપર ફોકસ કરાશે?

૧.એ.એમ.ટી.એસ. તથા બી.આર.ટી.એસ દ્વારા પુરી પડાતી બસ સેવા અને ભવિષ્યનુ આયોજન

૨.મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રોડ,બ્રિજ,હાઉસીંગ ઉપરાંત પાણી અને ડ્રેનેજની કામગીરી પાછળ વાર્ષિક કરવામા આવતો ખર્ચ તથા ભવિષ્યનુ આયોજન

૩.રીંગ રોડ, રિવરફ્રન્ટના ફેઝ, ગેમ્સ વિલેજ સહિતના અન્ય પ્રોજેકટ માટે કયાં કેટલી રકમનુ ઈન્વેસ્ટમેન્ટ કરાયુ છે અને કેટલા સમયમાં જે તે પ્રોજેકટ પુરા કરાશે.

૪.ટાઉન પ્લાનિંગ સ્કીમનો પ્રોગ્રેસ તથા સામાજિક આર્થિક સ્થિતિના વિષયને એસેસમેન્ટમાં આવરી લેવાશે.

૫.પાણી, સુઅરેજ ઈન્ફ્રાસ્ટ્રકચર,તેની ક્ષમતા તથા વિસ્તરીકરણની બાબત ઉપર ફોકસ કરાશે.

૬.કોર્પોરેશનની પ્રોપર્ટી ટેકસ સહિતની આવક,વાર્ષિક ટેકસ કલેકશન

૭.જમીન સંપાદન અને એસ્ટેટ ડેવલપમેન્ટ વેલ્યુ

૮.સ્માર્ટ સીટી અંતર્ગત ચાલતા વિવિધ પ્રોજેકટનોએસેસમેન્ટ સ્ટડી કરાશે.

## SIRની કામગીરી શંકાના ઘેરામાં, કોરા ફોર્મ સહી સાથે પરત કરવા સૂચના! પછી ખરાઈ કેવી રીતે થશે?

**ગાંધીનગર, તા.23**

મતદાર યાદી સુધારણા અભિયાનમાં ડખાં થયાં છે. મતદાર શોધવાની સઘન કવાયતને લીધે એક પછી એક બીએલઓ જીવ ગુમાવી રહ્યાં છે પરિણામે રાજ્ય ચૂંટણી પંચ પર બદનામી થોપાઇ છે. આ તરફ, રાજ્ય ચૂંટણીપંચે એલાન કર્યુ છેકે, નામ સહિત અન્ય વિગતો વિના મતદાર માત્ર સહી કરી ફોર્મ જમા કરાવી શકે છે. આ સત્તાવાર જાહેરાતને પગલે વિવાદ સર્જાયો છે કેમ કે, કોરા ફોર્મ પરત કરાશે તો વિગતો વિના મતદારની ખાતરી કેવી રીતે કરાશે.

ફોર્મ ભરવાને લઇને મતદારો આમથી તેમ ભટકી રહ્યાં છે. આ ઉપરાંત એકથી વધુ સ્થળે મતદાર યાદીમાં નામ હશે તો એક વર્ષના જેલની જોગવાઇ છે જેના પગલે મતદારોમાં ફફડી ઉઠ્યાં છે. મતદારો સામે ચાલીને પોતાનું બીજા સ્થળે તો નથીને તેની ચકાસણી કરી રહ્યાં છે. બીએલઓ પર પણ મતદારોના ફોમ ભરવાને લઇને દબાણ કરવામાં આવી રહ્યુ છે.

હવે જ્યારે હજારો બુથ લેવલ ઓફિસરોએ તનતોડ મહેનત કરી મતદારોના ફોર્મ ભરીને પરત પણ મેળવી લીધાં છે ત્યારે આજે રાજ્ય ચૂંટણી પંચે સાાવાર રીતે જાહેરાત કરી છે કે, મતદાર માત્ર સહી કરીને ફોર્મ જમા કરાવી શકશે.

હવે સવાલ એ ઉઠ્યો કે, કોરા ફોર્મ આધારે મતદાર યાદીની સઘન ચકાસણી કેવી રીતે થશે?. આ ઉપરાંત માહિતી વિના મતદારની ખરાઇ કેવી રીતે થશે? વિગતો વિના મતદારોના નામ-સરનામું ડ્રાફ્ટ મતદાર યાદીમાં કેવી રીતે સમાવાશે? એવી ફરિયાદો ઉઠી છેકે, જે લોકો વર્ષોથી ગુજરાતમાં સ્થાયી થયાં છે અને મતદાન પણ કરે છે પણ તેમનુ નામ વર્ષ 2002ની મતદાર યાદીમાં નામ નથી. આવા મતદારો ફોર્મમાં ખોટી વિગતો ભરશે તો શુ કરાશે? જો કોરા ફોર્મ જ આપવાનાં હતાં તો બીએલઓએ ફોર્મ વહેચ્યાં તે જ વખતે ફોર્મ પર મતદારની સહી-અંગૂઠો લીધો હોત તો આ કવાયત કરવી પડી ન હોત.

## ભારતની જ્યુડિશિયલ સિસ્ટમ ન્યાયને જ વિસરી ગઈ છે, પ્રજાને ધર્મ-જાતિના નામે વિભાજિત કરાઈ રહી છે: દુષ્યંત દવે

**અમદાવાદ, તા.23**

જાણીતા ધારાશાસ્ત્રી એડવોકેટ દુષ્યંત દવેએ રામલાલ પરીખ સ્મૃતિ વ્યાખ્યાનમાળામાં સંબોધન કરતાં દેશની વર્તમાન ન્યાયિક પ્રણાલી અને સામાજિક સ્થિતિ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'ભારતની આજની જ્યુડિશિયલ સિસ્ટમ ન્યાયને જ સાવ વિસરી ગઈ છે. આજે પ્રજાને જાતિ, જ્ઞાતિ, પંથ અને ધર્મના નામે સતત વિભાજિત કરવામાં આવી રહી છે.'




દુષ્યંત દવેએ બંધારણીય મૂલ્યો પર ભાર મૂકતા કહ્યું હતું કે, જે સમાજમાં ન્યાય નથી ત્યાં જીવવા જેવું નથી. માનવ મૂલ્યનું પાલન એ ન્યાયની દિશામાં પ્રથમ પગલું છે. આજે આપણે સરકાર થકી છીએ, જ્યારે વાસ્તવમાં સરકાર આપણા થકી હોવી જોઈએ. સરકાર આપણી છે, આપણે સરકારના નથી. હાલમાં નાગરિકો અને શાસકો વચ્ચે સતત સંઘર્ષ જોવા મળી રહ્યો છે, જેમાં સરકાર વ્યક્તિના અધિકારોને કચડી નાખવાનો પ્રયાસ કરી રહી છે.

સંસદીય પ્રણાલી પર ટિપ્પણી કરતા તેમણે જણાવ્યું હતું કે, જવાહરલાલ નેહરુએ તૈયાર કરેલા બંધારણના હેતુ અંગે 114 દિવસ ચર્ચા ચાલી હતી. જ્યારે આજે સંસદ કે વિધાનસભામાં કોઈપણ જાતની ચર્ચા વિના જ બિલ પાસ કરી દેવાય છે. તેમણે ઉદાહરણ આપતા કહ્યું કે, ખેડૂતોને લગતા ત્રણ કાયદા ચર્ચા વિના પસાર થયા અને તેવી જ રીતે ચર્ચા વિના પાછા પણ ખેંચી લેવાયા. લોકતંત્રમાં કાયદાનું શાસન સર્વોપરિ હોવું જોઈએ.

શ્યામા પ્રસાદ મુખરજીના વિચારોને ટાંકીને દવેએ કહ્યું હતું કે, મુખરજી માનતા હતા કે આપણે એક સંગઠિત અને મજબૂત ભારતનું નિર્માણ કરવાનું છે. આ ભારત કોઈ એક કોમ, જ્ઞાતિ કે વર્ગનું નહીં પરંતુ દરેક પુરુષ, મહિલા અને બાળકનું હોવું જોઈએ. જ્યાં દરેકને સમાન તક, સ્વતંત્રતા અને દરજ્જો મળે.

દેશને આજે સૌથી વધુ જરૂર માનવ મૂલ્યોને પુન:પ્રસ્થાપિત કરવાની છે. આપણે પરંપરાવાદ અને ભૌતિકવાદમાં અટવાઈ ગયા છીએ અને બંધારણીય મૂલ્યો પ્રત્યે ઉદાસીન બની ગયા છીએ. બંધારણમાં સમાનતા અને ભાતૃભાવ પર ફોકસ કરવામાં આવ્યું હતું, જેને દરેક શાસકે સમજવું અને માન આપવું જરૂરી છે.

## 60 ફૂટ ઊંચા ઓવરબ્રિજથી પટકાતા કાફે માલિકનું મોત

### સુરતના અણુવ્રતદ્વાર બ્રિજ પરથી મહિલાનું OLA મોપેડ મળ્યું, અકસ્માત કે આપઘાતને લઈને રહસ્ય

**સુરત, તા.23**

સુરત શહેરમાં અણુવ્રતદ્વાર ઓવરબ્રિજ પર એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં 28 વર્ષીય એક મહિલાનો મૃતદેહ બ્રિજથી આશરે 60 ફૂટ નીચેથી મળી આવ્યો છે. ઘટનાસ્થળે બ્રિજ પરથી એક OLA મોપેડ પણ મળી આવતાં, મહિલાએ આત્મહત્યા કરી છે કે પછી કોઈ અકસ્માત સર્જાયો છે, તે અંગેનું રહસ્ય ઘેરું બન્યું છે. હાલમાં મહિલાના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસે ઉંડાણપૂર્વક તસાપ શરૂ કરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતના અણુવ્રતદ્વાર વિસ્તાર પાસેના ઓવરબ્રિજ પરથી એક OLA મોપેડ મળી આવી હતી. જ્યારે બ્રિજથી 60 ફૂટ નીચે એક 28 વર્ષીય ઉષા જૈન નામની મહિલા ગંભીર હાલતમાં લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. અણુવ્રતદ્વાર પાસે ફરજ પર હાજર TRB (ટ્રાફિક બ્રિગેડ) જવાનની નજર આ ઘટના પર પડતાં તેણે તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. TRB જવાનની મદદથી મહિલાને તાત્કાલિક સારવાર અર્થે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ મહિલાને મૃત જાહેર કરી હતી.

બ્રિજ પરથી OLA ગાડી મળી આવતાં ટ્રાફિક પોલીસે સૌપ્રથમ મહિલાના પર્સના ડોક્યુમેન્ટ આધારે ગાડીના પરિવારજનોને જાણ કરી હતી. જોકે, મહિલાનું મૃત્યુ કયા સંજોગોમાં થયું તે એક મોટો સવાલ છે. મૃતક મહિલા ઉષા જૈને બ્રિજ પરથી કૂદીને આત્મહત્યા કરી છે કેમ? અથવા ઓવરબ્રિજ પર કોઈ અકસ્માત સર્જાતા તે નીચે પટકાયા છે કે કેમ? આ બંને શક્યતાઓ અંગે હાલ કોઈ સ્પષ્ટતા નથી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે OLA ગાડી અને અન્ય પુરાવાઓના આધારે વધુ તપાસ હાથ ધરી છે. મહિલાના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે પોલીસ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

સિવિલ હોસ્પિટલમાંથી મળતી માહિતી પ્રમાણે, 28 વર્ષીય ઉષા જૈનનું ઉપરથી નીચે પટકાવવાને લઈને માથામાં ગંભીર ઈજાઓથી મોત નીપજ્યું હતું. સુરતના વેસુ વિસ્તારમાં 28 વર્ષીય ઉષા હેમંતભાઈ જૈન પરિવાર સાથે રહેતી હતી. પરિવારમાં પતિ, દીકરો અને દીકરી છે. પતિ કાપડ માર્કેટમાં વેપારી તરીકે કામ કરે છે અને ઉષાબેન વેસુ વિસ્તારમાં જ કાફે ચલાવતા હતા. ઉષાબેનના મોતના પગલે પરિવારમાં શોકનો માહોલ છવાઈ જવા પામ્યો છે. આ સાથે તેમનું મોત કઈ રીતે થયું તેને લઈને પણ મૂંઝવણમાં છે.

## ગાંધીનગરના દંપતીને 580 પેનલ વેચવા સોદો કરી રૂપિયા ૨ લાખની ઠગાઇ કરાઇ

### ઓનલાઇન અને એડવાન્સ પેમેન્ટનો આગ્રહ રાખ્યા બાદ આરોપીએ અન્યના એકાઉન્ટ મારફત નાણા મેળવી લીધાં

**ગાંધીનગર, તા.23**

ઓનલાઇન પેમેન્ટના જમાનામાં ગઠિયાઓ સીધી રીતે નહીં પરંતુ આડકતરી રીતે લોકોને ધુતી લેવાના કિસ્સા પણ બને છે. ગાંધીનગરમાં સોલર પેનલનો વ્યવસાય કરતા દંપતિને ખાનગી સોલર પેનલ કંપનીના પૂર્વ કર્મચારીએ રૂપિયા ૨ લાખનો ચુનો ચોપડતાં પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે. જેમાં ઓનલાઇન અને એડવાન્સ પેમેન્ટનો આગ્રહ રાખ્યા બાદ આરોપીએ અન્યના એકાઉન્ટ મારફત નાણા મેળવી લીધાં હતાં.

પાટનગરમાં વાૅલ વિસ્તારમાં વૈદેહી-૧માં રહેતા આનંદસિહ મફતલાલ ડાભલ નામના સોલર પેનલના વેપારીએ સેક્ટર ૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે અમદાવાદના પાલડી વિસ્તારમાં નવજીવન એપાર્ટમેન્ટમાં રહેતા ભાગ્યેશ અકબરીનું નામ આપવામાં આવ્યું છે. ફરિયાદમાં જણાવાયા પ્રમાણે ફરિયાદી અને તેના પત્ની હેતલબેન સોલર પેનલનો વ્યવસાય કરતાં ગત જુલાઇમાં હેતલબેનને કેશસ્ક્વેર નામની કંપનીનો સંપર્ક કર્યો હતો. તેમાં આરોપી સાથે વાત થતાં ૫૮૦ સોલર પેનલ ખરીદવાનું નક્કી કર્યુ હતું. જેના પગલે આરોપીએ એડવાન્સમાં ઓનલાઇન પેમેન્ટ માંગતા તારીખ ૪ જુલાઇથી ૯મી જુલાઇ સુધીમાં રૂપિયા ૨,૦૨,૮૦૦નું પેમેન્ટ કર્યુ હતું. જોકે પેમેન્ટ સ્વીકારનાર તરીકે રતનપુરી ગોસ્વામીનું નામ આવતુ હોવાથી આ મુદ્દે પુછતા આરોપીએ કંપનીની સ્ટ્રક્ચર બ્રાન્ચનો માણસ હોવાનો જવાબ આપ્યો હતો. બાદમાં આરોપી વાવોલ આવ્યો ત્યારે દંપતીએ અન્ય એક ગ્રાહક સાથે ચિલોડા લઇ જઇને મુલાકાત પણ કરાવી હતી. પરંતુ બાદમાં સોલર પેનલ મોકલાવી ન હતી. લકઝરી કાર લઇને ફરિયાદી દંપતીને મળવા આવેલા આરોપીએ ચિલોડામાં અન્ય ગ્રાહકને મળવા જવા સમયે દંપતીને પોતાની કારમાં બેસાડયા હતાં અને બાદમાં ગાંધીનગરમાં હોટલ લીલા પાસે તેમને ઉતાર્યા હતાં.

## 10.4 ડિગ્રી સાથે નલિયામાં ઠંડીનો ચમકારો

## રાજકોટમાં 13.9 તો ડીસામાં 14.3 ડિગ્રી તાપમાન નોંધાયું, જાણો ક્યાં શહેરમાં કેટલી ઠંડી પડી

**અમદાવાદ, તા.23**

રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગના આંકડા પ્રમાણે તમામ મોટા શહેરોનું તાપમાન 20 ડિગ્રી કરતા નીચે નોંધાયું છે. છેલ્લા કેટલાક દિવસથી નલિયામાં સૌથી વધુ ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે ફરી એક વખત રાજ્યમાં 10.4 ડિગ્રી સાથે નલિયામાં સૌથી ઠંડુગાર શહેર બની ગયું છે.

હવામાન વિભાગના આંકડા પ્રમાણે રાજકોટમાં 13.9 ડિગ્રી, ડીસામાં 14.3 ડિગ્રી, અમદાવાદમાં 15.1 ડિગ્રી તાપમાન નોંધાયું છે. પોરબંદરમાં 15.8 ડિગ્રી, ભુજમાં 16.4 ડિગ્રી, ગાંધીનગરમાં 16.2 ડિગ્રી, વડોદરામાં 16.6 ડિગ્રી, કંડલામાં 17 ડિગ્રી, ભાવનગરમાં 17.8 ડિગ્રી સુરતમાં 18.2 ડિગ્રી તાપમાન નોંધાયું છે.



અમદાવાદ સહિત રાજ્યમાં હાલ પૂર્વના તેજ પવન જમીન પર નીચલા સ્તરે ફુંકાઈ રહ્યા છે. તેની સાથે જ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં હજુ આગામી 24 કલાક સુધી તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો થવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. અમદાવાદનું લઘુતમ તાપમાન 16 ડિગ્રીની આસપાસ રહેશે જેથી રાતના સમયે ઠંડીનો ચમકારો અનુભવાશે.

ઠંડીનો ચમકારો વહેતા વહેલી સવાર ગાર્ડનમાં પણ લોકોની સંખ્યા વધી ગઈ છે. ઠંડીથી બચવા માટે વહેલી સવારે મોટી સંખ્યામાં લોકો ગાર્ડનમાં ચાલતા અને કસરત કરતા જોવા મળી રહ્યા હતા. જો કે આગામી સમયમાં ઠંડીના પ્રમાણમાં વધારો થવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. જેના કારણે સૌરાષ્ટ્રના ભાગોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

## વટવા GIDC નજીક પ્રેમ પ્રકરણમાં યુવતીના ભાઈની હત્યા, આરોપી ફરાર




**અમદાવાદ, તા.23**

અમદાવાદના વટવા જીઆઈડીસી વિસ્તારમાં શનિવારે મોડી રાત્રે પ્રેમ સંબંધના વિવાદમાં હત્યાનો ગંભીર બનાવ બન્યો છે. જીઆઈડીસી વટવા પાસે આવેલા ત્રિકમપુરા કેનાલના પુલ નજીક યુવતીના ભાઈની તીક્ષ્ણ હથિયારના ઘા મારીને હત્યા કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, આરોપી અશ્વિન ઝાલા અને મૃતક મનિષ સુથારની બહેન વચ્ચે પ્રેમ સંબંધ હતો. આરોપી યુવતી પર પ્રેમ સંબંધ ચાલુ રાખવા માટે સતત દબાણ કરતો હતો. આ બાબતને લઈને જ બંને વચ્ચે વિવાદ થયો હોવાની આશંકા છે. આરોપી અશ્વિન ઝાલાએ મનિષ સુથારના મોઢા, ગળા અને છાતીના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારીને તેની હત્યા કરી હતી. હત્યા કર્યા બાદ આરોપી અશ્વિન ઝાલા ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો છે. હત્યાના બનાવની જાણ થતાં જ વટવા જીઆઈડીસી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને તાત્કાલિક તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ (PM) માટે ખસેડ્યો છે અને મૃતક સાથે પ્રેમ સંબંધ ધરાવતી યુવતીની પણ પૂછપરછ કરી છે. આરોપી અશ્વિન ઝાલાને ઝડપી પાડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

જાનકી ટ્રેડર્સ

FinOlex PIPES

NILKANTH STEEL




નેહલ મહેતા M :- 97261 06200 nehalmehta81.nm@gmail.com

સીમેન્ટ, ટીએમટી લોખંડ, એંગલ, પાઈપ્સ, પતરા વગેરે દરેક જાતનું બીલ્ડીંગ મટીરીયલ્સ અમારા ત્યા વ્યાજબી ભાવે મળશે... અવશ્ય મુલાકાત લો....

ગજા સિનેમા પાસે, પ્રતાપપુરા, ઉખરેલી રોડ, સંતરામપુર, જિલ્લા-મહિસાગર

MAMTA SOLUTION

House Keeping નો કોન્ટ્રાક્ટ લેવામાં આવે છે,
House Keeping સપ્લાય કરીએ છીએ.



➪ લેબર કોન્ટ્રાક્ટ કરીએ છીએ
➪ લેબર જોતા હોય તો કોલ કરો
➪ કોઈ પણ કંપનીને લેબરની જરૂરીયાત હોય તો કોલ કરો.

લેબર (લેડીઝ/જેન્ટસ) છોકરાઓને તમામ પ્રકારની સુવિધા આપવામાં આવે છે.

લેબરને તમામ પ્રકારની ફેસીલીટી આપવામાં આવે છે, જેવી કે મેડીકલ/ખાવા-પીવાનું/રહેવાનું આપવામાં આવે છે.

88 66 21 7393